# સમગ્ર અને શૂન્ય

શ્રી મેહરબાબા વિરચિત

The Every Thing & The Nothing

પુસ્તકનો ભાવનુવાદ


* ભાવાનુવાદક *

અશોક ઉપાધ્યાય

સી. એન. રાવલ




શ્રી ગોરધામ

નવા ઢુવા, તા. : વાંકાનેર

જી. : રાજકોટ (ગુજરાત)

પીન : ૩૬ ૩૬ ૨૧

ફોન : (૦૨૮૨૮) ૮૭૭૩૨




# સમગ્ર અને શૂન્ય

**MEHERBABA વિરચિત**

**THE EVERYTHING & THE NOTHING નો**

**ભાવાનુવાદ**

## ❁ : COPYRIGHT : ❁

- Copyright © 1961 AVTAR MEHERBABA PPC TRUST, AHMEDNAGAR, INDIA.
- Copyright © Gujarati Translation 1998 AVTAR MEHERBABA PPC TRUST, AHMEDNAGAR.

## ❁ : ACKNOWLEDGEMENT : ❁

We express our hearty thanks to Avtar Meherbaba PPC Trust, Ahmednagar, India for having permitted us for translation in Gujarati.

**- Gor Dham, Nava Dhuva.**

# :: અનુક્રમણિકા ::


(૧) પ્રેમી અને પ્રિયતમ
(૨) મદિરા અને મહોબ્બત
(૩) પ્રેમની અવસ્થાઓ
(૪) પ્રેમની પ્રસાદી
(૫) નારી પ્રેમ અને પરમાત્મા પ્રેમ
(૬) નૂગરાથી નારાયણ છેટો રહે છે
(૭) પૂર્ણ પ્રામાણિકતા
(૮) નખશિખ ગુરુને અર્પણ
(૯) યાત્રાવિહીન યાત્રા
(૧૦) કુતૂહલપ્રિય અને શંકાશીલ માનવ
(૧૧) ત્રણ પ્રકારનાં સસ્તા અનુભવો
(૧૨) ત્રણ પ્રકારો
(૧૩) શોધો નહિં અને તમને મળશે
(૧૪) પરમાત્મા શોધે છે
(૧૫) મરજીવાઓ
(૧૬) ચાર યાત્રાઓ
(૧૭) મદિરા વેંચનાર
(૧૮) અપરંપાર છે તે સદ્ગુરૂ છે
(૧૯) દિવ્યલીલા
(૨૦) વિટંબણા
(૨૧) જ્ઞાનનું હસ્તાંતરણ
(૨૨) જ્ઞાનનાં પ્રકાર
(૨૩) પરિચય
(૨૪) સહવાસ/વચનામૃતો
(૨૫) ગેરહાજર ન રહો
(૨૬) મારી ઈચ્છા મુજબ તમારી ઈચ્છા રાખો
(૨૭) આજ્ઞાંકિતતાની તમારી ભેંટ
(૨૮) દિવ્ય પ્રતિભાવ
(૨૯) પ્રશ્ન કરતું મન
(૩૦) કહેવાતી જાગૃત અવસ્થામાંથી સાચી જાગૃત અવસ્થા તરફ
(૩૧) હું અનંત ચેતના છું

(૩૨) હું ગીત છું
(૩૩) અનંત જ્ઞાન
(૩૪) સાર્વત્રિક શરીર
(૩૫) વિજળીનાં ચમકારે મોતીડાં પરોવો
(૩૬) જ્ઞાત અને અજ્ઞાત
(૩૭) મરજી અને ચિંતા
(૩૮) મારી જ છાતી પર બોજ બની બેઠેલો વિનોદ
(૩૯) ચાર વિશિષ્ટ સ્પષ્ટતાઓ
(૪૦) માયા—એક આભાસી આવરણ
(૪૧) વાસ્તવિકતા અને ભ્રમણાનાં સંગમ સ્થાને
(૪૨) મારા મસ્તકનું સૂચક નમન
(૪૩) દિવ્ય રમતનાં રમકડાં
(૪૪) માત્ર પરમાત્મા જ છે
(૪૫) ઉથલપાથલ
(૪૬) પુરાણપુરુષ
(૪૭) પ્રશ્ન અને તેનો ઉત્તર
(૪૮) ટકાવારી
(૪૯) પરમાત્મામાં રહેલ અનંત આત્માઓ
(૫૦) એક અને શૂન્ય
(૫૧) એક મૂળભૂત વાસ્તવિક શૂન્ય
(૫૨) સર્જનની પ્રક્રિયા
(૫૩) ઝાંઝવાના જળ
(૫૪) અબઘડી
(૫૫) પરમાત્માનું એક અસ્તિત્વ
(૫૬) બુંદ અને સાગર—ભિન્ન કે અભિન્ન ?
(૫૭) ત્રણ અવસ્થાઓ
(૫૮) સત્ય પ્રભુનું છે, સિદ્ધાંત ભ્રમણાનો છે
(૫૯) જ્ઞાન, શકિત અને આનંદના પડછાયા
(૬૦) જગત એક જેલ છે
(૬૧) અસીમ અસ્તિત્વની હેતુવિહીનતા
(૬૨) મનસ્ ચેતના
(૬૩) અવતારનું કાર્ય
(૬૪) ક્ષમા કરો અને ભૂલી જાવ
(૬૫) મૂર્તિમંત અજ્ઞાનતા

## (૧) પ્રેમી અને પ્રિયતમ :

પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે. પ્રેમનો કોઈ પર્યાય નથી. પ્રેમ છે, તો પ્રિયતમ પણ છે. પરંતુ પરમ્ પરમાત્માનું અસ્તિત્વ અસીમ અને શાશ્વત છે તેથી 'તેને' પ્રેમ કરવાવાળું 'તેના સિવાય' (સ્વ સિવાય) કોઈ નથી અને પોતાને પોતે પ્રેમ કરવા પોતે પોતાના પ્રિયતમરૂપે કલ્પના કરવી રહી. પ્રેમી કરે છે તે પ્રેમની કલ્પના.

પ્રિયતમ અને પ્રેમી અલગતા લાવે છે, અને અલગતા પ્યાસ પેદા કરે છે, અને પ્યાસ શોધ આણે છે. શોધવાની–ખોળવાની–પામવાની ઉત્કટ પ્યાસ, વધુ અલગતા અને અસીમ પ્યાસ જરૂરી છે.

જયારે પ્યાસ અત્યંત બળવત્તર બને છે, ત્યારે અલગતાની પાછળનો ઐકયભાવ પરિણમે છે ને પ્રેમી–પ્રિયતમ ઐકય સાધે છે. જયારે ઐકય સધાય છે ત્યારે પ્રેમી જાણે છે કે પ્રિયતમને પામવા માટે પોતે જ પોતાના માર્ગમાં ન પામી શકાય તેવી સ્થિતિ ઉભી કરેલી.

ઐકય સાધવું તે કોઈપણ રીતે શકય જ નથી કેમ કે તમે જે છો તે પામવું અશકય છે ! ઐકય એટલે પોતાના હોવાપણાનું જ્ઞાન થવું તે.

## (૨) મદિરા અને મહોબ્બત :

સૂફી સદ્‌ગુરૂઓ–કવિઓ ઘણીવાર મહોબ્બતને મદિરા સાથે સરખાવે છે. શરાબ, પ્રેમ માટે યોગ્ય પ્રતીક છે કેમ કે બંને ઉન્મત કરે છે. પરંતુ શરાબ સ્વ–વિસ્મરણ કરાવે છે, જયારે પ્રેમ સ્વ–સ્મરણ કરાવે છે.

શરાબી અને પ્રેમીનું વર્તન સરખું હોય છે. બંને સામાજિક ધારાધોરણ અને વર્તન વ્યવહારને અવગણે છે અને ભિન્નતા અનુભવે છે. પરંતુ બન્નેની ધ્યેયપ્રાપ્તિમાં ઘણુ અંતર છે એક ઉંડી ગર્તામાં ધકેલે છે, જ્યારે અન્ય આત્માની સ્વતંત્ર ઉડ્ડયનની ઈચ્છાને પાંખો આપે છે.

શરાબની પ્યાલી હોઠે લગાડતાં શરાબીનું છાકટાપણું શરૂ થાય છે જે તેના આત્માને ઉત્તેજીત કરી તેના સદ્‌ભાવને ખોરવે છે અને એવી વિસ્મૃતિ આપે

છે જ્યાં તે દુન્યવી ચિંતાઓ વિસરી જાય છે. એકલા કે સંગાથે ગ્લાસથી બોટલ સુધીની યાત્રા કરતી આ વિસ્મૃતિયાત્રાને લીધે વિસ્મરણની વિસ્મૃતિ થાય છે કે જે વિસ્મૃતિ પરમકૃપાળુ પરમાત્માનું મૂળ સ્વરૂપ છે પરંતુ શરાબી, એવો મૂઢ, જડ છે કે જે આ ભૂલી, પથારી કે ગટરમાં પડયો રહે છે. જગત તરફ તિરસ્કાર અને ઉપહાસ લઈ નિરર્થકતાની સવારે તે જાગે છે.

પરમાત્માનાં પ્રેમબિંદુ પામેલ પ્રેમી જગતને ભૂલી જાય છે અને જેમ–જેમ તે પીતો જાય છે તેમ તેમ 'તેની' સમીપ સરકતો જાય છે, તેને 'તેનો' પ્રેમ વધુને વધુ મૂલ્યવાન ભાસતો જાય છે, તે તેના પ્રિયતમ માટે બધું કરી છૂટવા તૈયાર થઈ જાય છે. આવા પ્રેમીને ખબર પણ નથી હોતી કે તે કયાં સૂતો છે પણ તે માત્ર પ્રિયતમનું એવું પાત્ર બની જાય છે કે તેના આર્શીવચન વડે ઉછરે છે. કોઈ વિપરીત અસર આ પ્રેમીને સ્પર્શી પણ શકતી નથી.

આવા પ્રેમીઓમાંના કોઈ એક પરમાત્માનાં સન્મુખ દર્શન પામે છે. આવા પ્રેમની પ્યાસ સાગરમાંથી બહાર ફેંકાયેલ માછલીની જેમ સાગરમિલનની તડપન માફક ઘેરી બને છે. તે પ્રિયતમને ચો–તરફ, ચોપાસ જુએ છે પણ સંધાણનો દરવાજો ખોલી શકતો નથી. તેણે જે શરાબપાન કર્યું છે તે તેના માંહ્યલા અવિરત આર્શીવચની આંતરસંતાપની સ્થિતિ સર્જે છે અને અંતે અસીમ ચેતનાનો સાગર બની જાય છે જેમાં તે વિલીન જઈ જાય છે.

## (૩) પ્રેમની અવસ્થાઓ :

જ્યારે-વિષયેચ્છા દૂર થાય છે ત્યારે પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે, અને પ્રેમમાંથી પ્યાસ પેદા થાય છે. પ્રેમમાં ત્યાં સુધી સંતોષ નથી મળતો, જ્યાં સુધી પ્યાસ ઉત્તરોત્તર વધી ઐકય માટેની આંતરવેદના ન બની જાય. પ્રેમીને પ્રિયતમ સાથેનાં મિલન સિવાય કોઈ સંતુષ્ટ નથી કરી શકતું. ભકતને પરમાત્મામાં ઓગળ વાનું ન થાય ત્યાં સુધી શાંતિ નથી મળતી.

પ્રેમનો રસ્તો સતત્ આત્મસમર્પણનો રાહ છે. જ્યાં સુધી પ્રિયતમમાં પૂરેપૂરા આત્મસાત થવાનું ન બને ત્યાં સુધી પ્રેમીનો 'હું' કહે છે. ''ઓ પ્રિયતમ

! હું ક્યારે તારામાં પૂરેપૂરો ઓગળી જઈશ ? પરંતુ આ તારી ઈચ્છા પર છોડું છું.'' પ્રભુ આધિન પ્રેમીની આ અવસ્થા છે.

હવે પ્રેમી સતત્ સાક્ષીભાવે પ્રિયતમની ઈચ્છાની ભવ્યતાને ઓળખવાની ઈચ્છા વગર માત્ર નિરખતો રહે છે. તે સ્વેચ્છાએ પોતાના અખંડ અસ્તિત્વને પ્રિયતમમાં એ હદે સમાહિત કરી દે છે કે નિર્વિચાર બની જાય છે. નિર્વિચારરૂપે સ્વેચ્છાએ પ્રેમી પોતાનાં સંપૂર્ણ અસ્તિત્વને પ્રિયતમમાં સમાહિત કરી દે છે. શરણાગતિથી પ્રકાશિત થતી પ્રેમની આ અવસ્થા છે.

લાખોમાં કોઈ એક પરમાત્માને ચાહે છે, અને લાખો ચાહકોમાંથી કોઈ એકાદ આગળ વધીને છેવટે પોતાનું સમગ્ર અસ્તિત્વ પ્રિયતમ પરમાત્મામાં ઓગાળી દે છે.

હું પરમાત્માનું મૂર્ત સ્વરૂપ છું. મારા અસ્તિત્વની ઉપસ્થિતિમાં રહેવા માટે તમે ભાગ્યવાન છો.

## (૪) પ્રેમની પ્રસાદી :

પ્રેમ એ પરમાત્માની માનવને પ્રસાદી છે.

આજ્ઞાંકિતતા એ સદ્ગુરૂ તરફથી સાધકને મળેલી બક્ષીસ છે.

સર્મપણ એ શિષ્યની સદ્ગુરૂ તરફની ભેંટ છે.

જે ચાહે છે તે સદ્ગુરૂના સંકલ્પને ઈચ્છે છે.

જે આજ્ઞા પાળે છે તે સદ્ગુરૂના સંકલ્પને અનુસરે છે.

જે સમર્પણ કરે છે તે સદ્ગુરૂના સંકલ્પ સિવાય કંઈ નથી જાણતો.

પ્રેમ, પ્રિયતમ સાથેનું ઐક્ય ઝંખે છે.

આજ્ઞાંકિતતા સદ્ગુરૂની પ્રસન્નતા વાંછે છે.

સમર્પણ કંઈ જ નથી ઈચ્છતું.

જે ચાહે છે તે પ્રભુનો પ્રેમી છે.

જે આજ્ઞા પાળે છે તે પરમાત્માનો ભક્ત છે.

જે સમર્પણ કરે છે તેને પરમાત્મા સિવાય અલગ અસ્તિત્વ નથી હોતું.

પ્રેમ કરતાં આજ્ઞાંકિતતા વધુ મહાન છે.

આજ્ઞાંકિતતા કરતાં સમર્પણ વધુ મહાન છે.

આ ત્રણેય દિવ્ય પ્રેમસાગરમાંથી ઉદ્ભવે છે અને તેમાં જ સમાહિત થઈને રહે છે.

## (૫) નારી પ્રેમ અને પરમાત્મા પ્રેમ :

પ્રેમી પુરૂષ દૂરનાં કોઈ સ્થળે રહેતી સ્ત્રીને ચાહે છે. તેનો પ્રેમ તેને સતત તેનું સ્મરણ કરાવે છે. તે સરખી રીતે ખાઈ શકતો નથી કે નિરાંતે સૂઈ શકતો નથી. પ્રેમિકાથી પોતાની જુદાઈનાં જ વિચારોમાં હોય છે, અને સતત પ્રિયાને ઝંખે છે, સતત તેણીને ઝંખતો પ્રેમના વિયોગમાં ઝૂરતો રહે છે. જ્યારે આ ઝંખના ખૂબ જ તીવ્ર બને છે ત્યારે કાં તો પ્રિયાની નજીક જાય છે કાં તો તેને પોતાની પાસે આવવા ફરજ પાડે છે. આને દુન્યવી પ્રેમ, ઈશ્કે–મિજાજી, ભૌતિક પ્રેમ કહે છે.

પરમાત્માનાં પ્રેમીએ સતત પ્રભુનાં સ્મરણમાં રહેવું જોઈએ; પરમાત્માને ઝંખવા જોઈએ, અને પરમાત્મા, આવી તૃષા છીપાવે ત્યાં સુધી પ્રેમીએ વિયોગની વેદના સહન કરવી જોઈએ. આ પ્રેમને ઈશ્કે–હકીકી, અલૌકિક પ્રેમ કહેવાય અને તે પરમાત્માનો પ્રસાદ છે.

પરંતુ પરમને પામેલા, સદ્ગુરૂની આજ્ઞા પાળે છે તેને આ વિયોગ સહન કરવો પડતો નથી કારણ કે આજ્ઞાંકિતતામાં જ સદ્ગુરૂની કૃપા છે.

## (૬) નૂગરાથી નારાયણ છેટો રહે છે :

પરમાત્મા અસ્તિત્વ ધરાવે છે. જો તમને પરમાત્માનાં અસ્તિત્વની પ્રતીતિ કરાવવામાં આવે તો તેને શોધવા માટેની, દર્શન માટેની અને સાક્ષાત્કારની અભિલાષા તમારી અંદર સતત રહે છે.

તમારાથી બહાર અલગ પરમાત્માને ન શોધો. પરમાત્મા માત્ર તમારા અંતઃકરણમાં પ્રાપ્ત થઈ શકે છે કારણ કે હૃદય જ તેમનું એકમાત્ર નિવાસસ્થાન છે. પરંતુ હજારો પ્રકારની નિરર્થક બાબતોથી "તેના" નિવાસસ્થાનને ભરી દીધું છે અને અજાણ્યા તત્વોથી શરમાળ એવા પ્રભુ તમારામાં પ્રવેશી શકતા નથી. હજારો

નિરર્થક તત્વોથી હૃદયરૂપી તેના નિવાસસ્થાનને તમે ખાલી નહિં કરો, ત્યાં સુધી તમે કદી પણ પરમાત્માનો સ્પર્શ કરી નહીં શકો.

આ બધા નિરર્થક તત્વો એટલે તમારી રૂઢિગત લાલસાઓ અને ઈચ્છાઓ છે. તે બધા નિરર્થક તત્વો પરમાત્માથી અજાણ છે કારણ કે પરમાત્માનો 'અભાવ એ અપૂર્ણતાની અભિવ્યકિત છે અને બુનિયાદી રીતે જે પરિપૂર્ણ પરબ્રહ્મ છે કે જેને કશી જ સ્પૃહા નથી, તેનાથી આ નિરર્થક તત્વો વિમુખ છે. બીજા તરફનો તમારો પ્રામાણિક વ્યવહાર તમારા હૃદયને નિરર્થક બાબતોથી પરિશુદ્ધ કરશે.

– અને ત્યારે જ તમે પરમાત્માને પામી શકશો, અનુભવી શકશો, સાક્ષાત્કાર કરી શકશો.

## (૭) પૂર્ણ પ્રામાણિકતા :

પરમાત્માની શોધ માટે પૂરેપૂરી પ્રામાણિકતા જરૂરી છે. હરિના માર્ગની સૂક્ષ્મતાઓ વાળ કરતાં પણ વધારે બારીક છે. લેશ માત્ર દંભ સાધકને માર્ગથી દૂર કરે છે.

તમારૂં મિથ્યાભિમાન [ **False -Self** ] હજારો યુકિત–પ્રયુકિતઓથી તમને તમારા સ્વયંથી દૂર રાખે છે. આ મિથ્યાભિમાન પ્રામાણિકતાનો ઢોંગ કરી તમને છેતરે છે. દા. ત. તમારૂં મન 'હું' બાબાને ચાહું છું તેવો દાવો કરે છે. વાસ્તવિકતા એ છે કે જો તમે ખરેખર બાબાને ચાહતા હો, તો તમે સ્વયંને પ્રતિપાદિત કરતું વિધાન ઉચ્ચારત નહિં. મન પ્રેમમાં ઓગળી જવાને બદલે માન્યતાઓ અને વકતવ્યો ઉભા કરે છે. જેમ કે 'હું બાબાને ચાહું છું' શું એ આત્મવંચના નથી ?

આ મિથ્યાઘમંડમાંથી તમે કયારે છૂટશો ? 'હું પણા' ના અજ્ઞાનને તમે કેવી રીતે છોડશો ? હું જ પરમાત્મા છું એ સ્થિતિને કેવી રીતે પાંમશો ? સૂફી સંત હાફિજ આનો જવાબ આપતા કહે છે કે હે પ્રેમી ભકત યોગ કે વિયોગનો સંકલ્પ કે વિકલ્પ તારૂં કામ નથી. તારા સદ્‌ગુરૂની ઈચ્છામાં તારી જાતને વિલીન કરવાનું શીખ.

પરમાત્માનાં સાયુજ્યની ઝંખના પણ બંધન ઉભા કરે છે. તેથી યોગ કે વિયોગની ચિંતા ન કર. ફકત વધુને વધુ પ્રેમ કર, જ્યારે તું વધારે ને વધારે ચાહે છે ત્યારે તું તારી જાતમાંથી મુકત થવા અને સદ્‌ગુરૂએ ચીંધેલા માર્ગે ચાલવા સમર્થ બનીશ. જ્યારે આ આંતરિક પરિવર્તનની પ્રક્રિયામાંથી તું પસાર થઈશ ત્યારે તારો અહંકાર વિસર્જિત થશે. પછી તું પરમ સદ્‌ગુરૂ તને જે કંઈ પણ કહે તે કરવા માટે સમર્થ બનીશ. શરૂઆતમાં મન ફરિયાદ કરે છે–શા માટે મારે બીજાની આજ્ઞા પાળવી ? પણ હાફિજ મનને આશ્વાસન આપતા કહે છે : 'ઓ મન ! સદ્‌ગુરૂ પ્રત્યેની આ શિસ્ત માત્ર જ શાશ્વત મુકિત આપી શકે છે.

–પરમ્ સદ્‌ગુરૂની કૃપા પામેલા શિષ્યો જ તેને અનુસરે છે. જે સંપૂર્ણ દાસ બને છે, તે જ પરમ્ સદ્‌ગુરૂ બને છે.

## (૮) નખશિખ ગુરૂને અર્પણ :

બે પ્રકારનાં અનુભવો હોય છે – અસલી અને નકલી. જેવી રીતે બનાવટી મોતીને સાચા મોતીથી જુદા પાડવા મુશ્કેલ છે, તે જ પ્રમાણે અસલી અને નકલી અનુભવને પણ જુદા પાડવા મુશ્કેલ છે.

જ્યારે છેવટે અસલી અનુભૂતિ થાય છે ત્યારે દુન્યવી સંજોગો તમને અસર કરતા નથી. એકવાર વાસ્તવિક અનુભવ થતાં તે કદિ ખોઈ શકાતો નથી. તે કાયમી હોય છે. આ અનુભવ મેળવવા માટે હાફિજે નિરાધાર અને નિર્વિચાર બનવા કહ્યું છે. આ સ્થિતિમાં તે સમગ્રપણે ગુરૂને સમર્પિત હોય છે.

નખશિખ ગુરૂને અર્પણ કરવું એટલે શું ? તેનો ગૂઢાર્થ એ કે પરમ્ સદ્‌ગુરૂને આજ્ઞાંકિત થવું, તેમની આજ્ઞાને અક્ષરશઃ અનુસરવું અને ગુરૂનાં વચનોના ગૂઢાર્થનું વિશ્લેષણ કરવા તમારા મન, બુદ્ધિ વાપરવા નહિં, માત્ર તે તમારી પાસે જે કરાવે તે જ કરવું – તમારા પગ તેમની આજ્ઞા પ્રમાણે ચાલવા તૈયાર હોય અને તેના પ્રેમનાં માર્ગે તમારાથી જીવાતું હોય.

## (૯) યાત્રાવિહીન યાત્રા :

આધ્યાત્મિક માર્ગ એટલે વિકાસની પ્રક્રિયામાંથી પસાર થતી અનુભવોની પરંપરા અને તેમાંથી પસાર થવું તે યાત્રા સાથે સરખાવી શકાય. એક ભૂમિકાએ તમને મધુર, મુગ્ધ કરતું સંગીત સંભળાય છે જે તમને મુગ્ધ કરે છે. બીજી ભૂમિકાએ તમે અદ્‌ભૂત દ્રશ્યો અનુભવો છો કે જેમાં મોટા ભાગનાં ખોવાઈ જાય છે. આવા અનુભવો સમગ્ર રીતે ભ્રમણાનાં મહાસ્વપ્નો છે. આવા સ્વપ્નોની સરખામણી વાસ્તવિક કે ઉચ્ચ કક્ષાના સ્વપ્ન સાથે થાય છે, જે આસપાસની પરિસ્થિતિને દેખાડે છે. અનુભવો એટલા બધા અસંખ્ય અને વૈવિધ્યપૂર્ણ હોય છે કે આ યાત્રા કંટાળાજનક અને અને મંઝિલ વગરની ભાસે છે. પરંતુ નવાઈની વાત એ છે કે જ્યારે તમે તમારી મંઝિલ પ્રાપ્ત કરો છો ત્યારે તમને લાગે છે કે હજુ તમે જરાપણ યાત્રા કરી નથી ! તે અહીં થી અહીં ની યાત્રા હતી. એક સૂફી અભિવ્યકત કરે છે તેમ – 'જ્યારે મને સાક્ષાત્કારનું ફળ લાધ્યું ત્યારે લાગ્યું કે તે મારી પાસે જ હતું !'

જ્યારે તમે પુનઃઅવતરણ અને વિકાસની છ ભૂમિકાઓની સ્વપ્નીલ અનુભવયાત્રામાંથી પસાર થાવ છો ત્યારે આ યાત્રા અનંત ભાસે છે, જ્યાં સુધી તમે તમારામાં વિલીન થઈ ઓગળી ન જાવ ત્યાં સુધી પણ યાત્રા વાસ્તવમાં યાત્રા નથી, પણ તે ક્ષણિક સ્વપ્નાવસ્થાની જાગૃતિ માટેની આંતરસ્ફુરણા હતી, અને અનંત ચેતનાનની બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થવાની ઈચ્છા હતી. જાગરણ એટલે જાગૃતિપૂર્વક પરમાત્માની પરમ્ સ્થિતિ અનુભવવી. જ્યારે તમે જાગો છો ત્યારે તમે અનુભવો છો કે સ્વપ્નનાં વૈવિધ્યપૂર્ણ કાલ્પનિક અંશો હંમેશ માટે અદ્રશ્ય થઈ ગયા છે. સ્વર્ગ અને નર્ક ત્થા બધી અવસ્થાઓ તમારા આત્મામાં વિલીન થઈ જાય છે, માત્ર શૂન્ય રહે છે. આ જાગૃત અવસ્થામાં તમારો આત્મા જે શાશ્વત અને અનંત અસ્તિત્વ ધરાવે છે તેના સિવાય કોઈને સ્થાન નથી.

આ એકમાત્ર' અનુભવ જ મૂલ્યવાન અનુભવ છે – અને તે પ્યાસ આપતો રહે છે. આ અનુભવ મેળવવા તમારે પરમ્ સદ્‌ગુરૂના ચરણની રજ

બનવાનું છે – જે તમને શૂન્યમાં વિલીન કરે છે. જ્યારે તમે પરિપૂર્ણ શૂન્ય બનો છો ત્યારે તમે સંપૂર્ણ બનો છો.

## (૧૦) કુતૂહલપ્રેમી અને શંકાશીલ માનવ :

એકવાર કુતૂહલપ્રિય અને શંકાશીલ માનવ પરમ્ સદ્ગુરૂ બાયજીદ પાસે ગયો અને કહ્યું – 'તમે સર્વજ્ઞ હોવાને લીધે બીજાઓનાં વિચારો જાણતા હોવા જોઈએ, બોલો, અત્યારે હું શું વિચારી રહ્યો છું ?' બાયજીદે જવાબ આપ્યો : તું અત્યારે તારે જેનો વિચાર ન કરવો જોઈએ અને તારે ન પૂછવું જોઈએ એનો વિચાર કરી રહ્યો છો. બીજાનાં દોષ સારી રીતે જોવાવાળી વાણીને બદલે સંયમિત વાણી મેળવવી જોઈતી હતી. તેવી વાણીવાળુ ખુલ્લું મન લઈને તું આવ્યો હતો ?

## (૧૧) ત્રણ પ્રકારનાં સસ્તા અનુભવો :

આધ્યાત્મિક યાત્રાના કોઈ ચોક્કસ મુકામે એવો અનુભવ થાય છે કે આકાંક્ષાઓ છિન્નભિન્ન થતી લાગે અને એક એવા અવકાશમાં ફેંકાઈ જવાય કે જ્યાં ગભરામણ, ધ્રાસ્કો અનુભવાય. પરંતુ બીજી જ ક્ષણે તે અવકાશમાં કમળ અનુભવાય. આ અનુભવ ચાલુ ન રહેતા તે કમળ અદ્રશ્ય થઈ અગાઉની બાબતો ફરી દેખાવા લાગે છે.

એક અન્ય પ્રકારનો અનુભવ પણ છે કે જ્યાં આકાંક્ષુ ચેતનામાંથી બધુ વિસ્મૃત થઈ જાય છે, ભુંસાઈ જાય છે ને તે આશ્ચર્યચકિત થઈ જાય છે. તે ચેતનાની બેશુદ્ધ અવસ્થા છે. અચાનક જ કોઈપણ શારીરિક મુદ્રામાં તે અનુભવ અદ્રશ્ય ન થાય ત્યાં સુધી રહે છે. દા.ત. : આવી ક્ષણે હાથ ઉંચો રાખવાની સ્થિતિ સર્જાય તો ટૂંકા કે વર્ષોનાં ગાળા સુધી આ જ સ્થિતિ રહે છે.

હજુ એક બીજા પ્રકારનો અનુભવ પણ છે. તે ચોથી ભૂમિકાનો અનુભવ છે. અત્રે સાધકને અનંત શકિત પ્રાપ્ત થાય છે જે સાધક માટે ભારે ખતરારૂપ પૂરવાર થાય છે. * ચોથું ભૂવન પસાર કર્યા બાદ ભગવાનનાં અંતરસ્થળમાં પ્રવેશાય છે. પરંતુ જેમ હાફિજ કહે છે તેમ આ અનુભવ થતાં પહેલાં એક આકાશી

ઉંચાઈ આવે છે જ્યાં તમે પોતાને સર્વશકિતમાન અનુભવો છો, પરંતુ જરાપણ દૂરઉપયોગ થતાં બધી શકિત ધૂળમાં મળી જાય છે.

તેથી આધ્યાત્મિક માર્ગમાં આવા ત્રણ પ્રકારનાં ક્ષુલ્લક અનુભવો થાય છે. પ્રથમ અનુભવ ગભરામણનો છે, બીજો આશ્ચર્યમુગ્ધ કરે છે અને ત્રીજામાં જોરથી પડવાનો ભય રહે છે.

પરમ્ સદ્ગુરૂ (કુતુબ–**Qutub**) સભાન રીતે સાધકને આ ભૂમિકાઓ માંથી પસાર નથી કરતો. આવા વચગાળાનાં અનુભવો પ્રાપ્ત કરાવવા તે સદ્ગુરૂ માટે બાળકનાં ખેલ સમાન છે. પરંતુ પરમ્ સદ્ગુરૂને ટીપું આપવામાં રસ નથી હોતો, તે આપે છે ત્યારે સાગર આપે છે. તે તેના સાધક પાસેથી સંપૂર્ણ આજ્ઞાંકિતતા અને હૃદયપૂર્વક પ્રેમ ઈચ્છે છે. આ સંતોષાતા પરમ્ સદ્ગુરૂ શિષ્યને 'અહંમ્ બ્રહ્માસ્મિ' રૂપી ચેતનાના સર્વોચ્ચ શિખરે પહોંચાડી દે છે.

[ * **GOD SPEAK** માં મહેરબાબાએ આની વિગત આ પ્રમાણે આપી છે.

**ચેતનાની ઉત્ક્રાંતિ** : ચેતનાની ઉત્ક્રાંતિના સાત પગથિયાનો ક્રમ આ પ્રમાણે છે. પત્થર અને ધાતુ, વનસ્પતિ, જંતુ, જળચર, પક્ષી અને મનુષ્ય.

મનુષ્યયોનીમાં જીવાત્માથી પરમાત્મા સુધીની યાત્રા માટે બીજી સાત ભૂમિકામાંથી પસાર થવું પડે છે. સામાન્યરીતે ઉર્ધ્વગામી ચેતનાની અધોગતિ થતી નથી પણ ચોથી ભૂમિકા અપવાદ છે. અહીં પતન થવાનો ભય છે.

ચોથી ભૂમિકા : પાંચમી ભૂમિકાએ શરૂ થતાં મનોજગતમાં દાખલ થવા માટે ચોથી ભૂમિકા પ્રવેશદ્વાર છે. અહીં સાધકને દિવ્ય શકિત પ્રાપ્ત થાય છે જેનો સદુપયોગ કે દુરૂપયોગ થઈ શકે છે.

દા.ત. : અધ્યાત્મમાર્ગનો યાત્રી રણભૂમિમાંથી પસાર થતાં પાણીની તીવ્ર તરસને કારણે મૃત્યુ પામવાની તૈયારીમાં છે. આવે સમયે ચોથી ભૂમિકાએ પહોંચેલ આત્મા સ્થૂળ શરીરે પ્રગટ થઈ પાણી ભરેલો જગ આપી અદ્રશ્ય થઈ જાય છે. અથવા ભૌતિક સંપત્તિ મેળવી તેનો લોકહિતાર્થે, જરૂરિયાતમંદો માટે વ્યકિતગત કે સામૂહિક લાભ માટે ઉપયોગ કરે તો તે શકિતનો સદુપયોગ.

પરંતુ નામ, કીર્તિ મેળવવા કે કોઈના વ્યકિતગત ભૌતિક લાભ માટે થતો ઉપયોગ એ શકિતનો દુરૂપયોગ છે.

શકિતનો ગેરમાર્ગે ઉપયોગ થતાં ચોથી ભૂમિકાની સૂક્ષ્મ ઉંચાઈએ પહોંચેલ ચેતના ઉત્ક્રાંતિના નીચામાં નીચા પત્થરના સ્તરે પટકાય છે કે જ્યાંથી તેના વિકાસની શરૂઆત થઈ હતી. અહીંથી ચેતનાની સભાન અવસ્થાએ પહોંચવા માટે એકડે એક થી એટલે પત્થરથી માનવ સુધીની થાકી જવાય તેવી યુગો લાંબી યાત્રા ફરીથી કર્યા સિવાય છૂટકો નથી.

શકિતનો બિલ્કુલ ઉપયોગ ન કરી અથવા સદ્‌માર્ગે ઉપયોગ કરી તે પાંચમી ભૂમિકાએ પહોંચે છે. અહીંથી આગળની યાત્રા સલામત અને પતનના ખતરાથી મુકત છે. ]

**(૧૨) ત્રણ પ્રકારો :**

શિષ્યો : (૧) જે આપતા નથી પણ જીજ્ઞાસુ છે.
(૨) જે આપે છે અને જીજ્ઞાસા રાખે છે.
(૩) જે આપે છે અને જીજ્ઞાસા રાખતા નથી.

સાધકો : (૧) બૌદ્ધિક સાધકો.
(૨) બૌદ્ધિક અને પ્રેરણા પામેલા સાધકો.
(૩) પ્રેરિત સાધકો.

યોગીઓ : (૧) જેઓ ગૂઢ વિદ્યા પ્રાપ્ત કરવા માટે યોગ સાધનામાં નિષ્ણાંત બને છે.
(૨) જેઓ ધ્યેયપ્રાપ્તિને ઝંખે છે અને ગૂઢવિદ્યા પ્રાપ્તિની ઈચ્છા રાખે છે.
(૩) જેઓ માત્ર ધ્યેયની ઝંખના કરે છે, અને કોઈપણ પ્રકારની ગૂઢવિદ્યા ઝંખતા નથી.

પ્રેમીઓ : (૧) મસ્તપ્રેમી, એવો પ્રેમી છે જે કેવળ ઈશ્વરને ચાહે છે અને

ઓળખે છે, જે પ્રેમમય અને પરમાત્મામય છે. તે પોતાનું દેહભાન અને આસપાસને વિસરી જાય છે. જે પોતાની જાત પ્રત્યે તથા દુનિયા પ્રત્યે લાપરવાહ હોય છે. તેના માટે માત્ર પરમાત્માનું અસ્તિત્વ હોય છે.

(૨) એવા પ્રેમી દુનિયામાં રહેવા છતાં, દુન્યવી ફરજો અને જવાબદારી નિભાવવા છતાં તેની સમક્ષ જે કંઈપણ આવે તેમાં બધો સમય સજાગ રહીને માત્ર પરમાત્મા જ અસ્તિત્વ ધરાવે છે એવી રીતે જીવે છે. બીજાને ખબર પણ ન પડે એ રીતે પરમાત્માને ચાહે છે.

(૩) એવા પ્રેમી કે જે સંપૂર્ણપણે ભગવદ્‌પુરૂષને સમર્પિત છે તે પોતાને માટે નહિં પણ ભગવદ્‌પુરૂષ માટે જીવે છે, પ્રેમીઓનો આ સર્વોત્તમ અને વિરલ પ્રકાર છે.

સન્યાસી : (૧) સન્યાસીઓ–ત્યાગીઓ–કે જેઓ કોઈપણ ભોગે ગુરૂનાં કહેવા પ્રમાણે કરે છે પરંતુ વળતરની અપેક્ષા રાખે છે.

(૨) એવા સન્યાસીઓ કે જેઓ કોઈપણ અપેક્ષા રાખ્યા વિના સર્વસ્વનો ત્યાગ કરીને ગુરૂ જેમ કહે તેમ કરે છે પણ ગુરૂ પ્રત્યેનું સમર્પણ તેમને ત્યાગ કરાવે છે.

(૩) એવા સહજ સમર્પિત થયેલા સન્યાસીઓ કે જે સદ્‌ગુરૂનાં સંકલ્પમાં પરિપૂર્ણ રીતે જોડાયેલા હોય છે તેમનાં મનમાં શા માટે, કેવી રીતે, અને કયારે' આવા પ્રશ્નો ઉદ્‌ભવતા નથી. હાફિજે આપણને જેવા સન્યાસી બનવા કહ્યું છે તે આવા એટલે સદ્‌ભાગીદાસ. શું કે શા માટે એવા પ્રશ્નો પૂછયા વિના સદ્‌ગુરૂની આજ્ઞા પાળવા માટે સદ્‌ભાગીદાસ બનો.

## (૧૩) શોધો નહિ અને તમને મળશે :

'શોધો નહિ અને તમને મળશે' આ વચન એટલું બધું કોઠે પડી ગયેલું છે કે આધ્યાત્મિક જિજ્ઞાસુઓને નવાઈ લાગે છે કે તેનો શો અર્થ થાય ?

એવા જિજ્ઞાસુઓને હું કહું છું : ' શોધો નહિ અને તમને મળશે .'

ભૌતિક સુખ ન શોધો અને તમને આધ્યાત્મિક ખજાનો સાંપડશે. આનો મતલબ કે ભૌતિક સુખ–સમૃદ્ધિની લાલસા રાખવાને બદલે પરમાત્માની પ્યાસ રાખો, અને તમને પરમાત્મા જરૂર મળશે.

અહંકારનો ત્યાગ કરીને જ તમે પરમાત્માની ઝંખના રાખી શકો. આધ્યાત્મિક ખજાનો હાથ લંબાવવાથી કે ભીખ માંગવાથી મેળવી શકાતો નથી. માત્ર સંપૂર્ણ રીતે અહંકારનું વિસર્જન કરીને જ આધ્યાત્મિક ખજાનાની અનુભૂતિ કરી શકાય છે.

આધ્યાત્મિક ખજાનાની પ્રાપ્તિ માટે ત્રણ માર્ગો છે.

(૧) સ્વ પ્રયત્ને અહંકાર વિસર્જનથી પ્રાપ્તિ કરવાનો.

(૨) પરમાત્માની તીવ્ર અભિપ્સાથી જેણે પોતાના અહમ્‌નું વિસર્જન કર્યું છે એવા ભકતને પ્રભુ દ્વારા સહજ પ્રસાદીરૂપે મળેલ આ ખજાનાની ભેટ સ્વીકારવી. માટે જો તમે આધ્યાત્મિક ખજાનો ઈચ્છતા હો તો ભૌતિક આનંદ લેવાનું બંધ કરો, પૃથ્વી ઉપરનું સામ્રાજ્ય શોધવાને બદલે સ્વર્ગીય સામ્રાજ્ય શોધો અને તમને તે મળશે.

(૩) જે ભકતોએ સંપૂર્ણ રીતે સદ્‌ગુરૂનાં વચનોમાં સમર્પણ કરેલું છે તેવા સદ્‌ગુરૂનાં પ્રસાદરૂપે મળેલ સહજ ભેટરૂપ આ ખજાનો છે. તેથી જો તમે આ ખજાનો પ્રાપ્ત કરવા માગતા હો તો ભૌતિક સુખની લાલસા ન રાખો, દુન્યવી સામ્રાજ્યને બદલે સ્વર્ગનું સામ્રાજ્ય ઝંખો અને તમને તે પ્રાપ્ત થશે.

## (૧૪) પરમાત્મા શોધે છે :

આ એક રમૂજભરેલી એવી દિવ્ય પ્રેમલીલા છે કે જે શોધવાનું છે તે શોધનારે પોતાની અંદર જ શોધવાનું છે. જેની શોધ છે તે તત્વ જ શોધનાર સાધકને શોધવા માટે પ્રેરે છે કે જેને હું શોધું છું તે કયાં પ્રાપ્ત કરી શકું ? શોધક સાધક પૂછે

છે, 'પરમાત્મા કયાં છે ? શું પરમાત્મા એમ પૂછે છે કે સાધક કયાં છે ?

## (૧૫) મરજીવાઓ :

"જ્યારે હું પ્રેમી ભક્ત બન્યો ત્યારે હું વિચારતો કે મેં ધ્યેયરૂપી મોતી મેળવી લીધું. મેં મૂર્ખાએ એ ન જાણ્યું કે આ ધ્યેયરૂપી મોતી સાગરનાં ઊંડા તળિયે પડેલા હોય છે, જે મેળવવા અસંખ્ય સમુદ્ર તરંગોનો સામનો કરવો પડે છે."—હાફિજ.

શરૂઆતમાં સત્યનો શોધક એવો સામાન્ય માણસ હોય છે કે જે અમૂલ્ય મોતી દરિયાનાં પેટાળમાંથી પ્રાપ્ત કરવાનું હોય છે તેવું સાંભળી દરિયાકાંઠે જાય છે પણ દરિયાની વિશાળતાની પ્રશંશા કરતો, છીછરા પાણીમાં છબછબીયા કરી ઘેલછારૂપે ઉત્તેજનાથી ઘેલો બની ખરેખર મોતી વિષે ભૂલી જાય છે.

આવા અસંખ્ય માંહેનો એકાદ કોઈ કાળે પોતાની શોધને યાદ કરે છે, તરવાનું શીખી મોતીની શોધમાં સમુદ્ર ખુંદવા લાગે છે.

આ તરવૈયાઓ પૈકી કોઈક તરવામાં નિષ્ણાંત બનીને મહેરામણ મધ્યે પહોંચે છે, અને બીજા તો કેટલાય તરંગોમાં વિલીન થઈ જાય છે.

તરણ નિષ્ણાંતો માંહેનો કોઈક ડૂબકી લગાવે છે, બીજાઓ તરણ નિષ્ણાંત બન્યાની મજા માણતા રામરતન જેવા મોતીને ભૂલી જાય છે.

ડૂબકી લગાવનાર માંહેનો કોઈક મરજીવો દરિયના પેટાળે પહોંચી મોતી મેળવે છે. જેણે મોતી પ્રાપ્ત કર્યા છે એ માંહેનો કોઈક મોતી સાથે દરિયાની સપાટીએ પરત આવે છે, જ્યારે બીજાઓ તો અદ્‌ભૂત મોતીને જોતાં દરિયાના તળિયે જ રહી જાય છે.

દરિયાની સપાટીએ આવેલા માંહેનો કોઈક મોતી સાથે દરિયા કિનારે આવે છે. એ પરિપૂર્ણ સદ્‌ગુરૂ (કુતુબ) છે. આવા સદ્‌ગુરૂ ડૂબકી લગાડનારાઓ, તરવૈયાઓ, હલેસા મારનારાઓને મોતી બતાવીને તેમના પ્રયત્નોમાં પ્રોત્સાહિત કરે છે. પણ જો સદ્‌ગુરૂ ઈચ્છે તો તરણ જાણ્યા વિના કે ડૂબકી લગાવ્યા વિના પણ બીજી વ્યકિતને મોતીના માલિક બનાવી શકે.

ભાગવત્ પુરૂષ કે અવતારી એ ગુરૂઓના પણ સદ્ગુરૂ (કુતુબ–અલ–અકતબ) પોતે પસંદ કરે તેવી કોઈપણ વ્યકિતઓને મોતીની માલિકી સોંપી શકે. કુતુબ પૂર્ણ પરમાત્મા છે; પણ તે પોતાના કાર્યક્ષેત્રની મર્યાદામાં રહીને આ વહેંચી શકે છે. અવતારી પુરૂષ કાર્ય મર્યાદાથી પર છે. તેની શકિત અને શકિતની અસર અનંત હોય છે–બંધન વિહીન હોય છે–પરિપૂર્ણ સદ્ગુરૂની પૂર્ણતા ભાગવત્ પુરૂષ–અવતાર જેવી જ હોય છે. તેમનો તફાવત તેમના કાર્યક્ષેત્ર પૂરતો હોય છે. એક મર્યાદિત છે, બીજો અમર્યાદિત છે.

## (૧૬) ચાર યાત્રાઓ :

પરમાત્મા અનંત છે અને તેની માયા પણ અનંત છે. પરમાત્માની માયા અનંત અવકાશમાં વ્યાપ્ત છે, તેના સ્થૂળ ઘેરાવામાં લાખો વિશ્વો સમાહિત છે, જે માટે માનવનું જ્ઞાન મર્યાદિત છે, આવું સર્જન જે મર્યાદિત બિંદુએ છે તે પરમાત્માનાં અનંત અસ્તિત્વમાં છે.

લાખો બ્રહ્માંડોમાં ઘણા પ્રકારની ગ્રહમાળાઓ છે; કેટલીક વાયુ સ્વરૂપે છે, અમુક ઘન સ્વરૂપે છે, કેટલીક ધાતુ અને પત્થર સ્વરૂપે, કેટલીક વનસ્પતિ રૂપે, કેટલીક જીવસૃષ્ટિ રૂપે પાંગરેલ જેમાં કિટક, માછલી, પંખી, પશુઓ અને માનવજાતનાં સ્વરૂપે છે.

આ રીતે અગણિત અસંખ્ય વિશ્વો પૈકી એવા ગ્રહો છે કે જેના ઉપર ઉત્ક્રાંતિના સાત સોપાનો **[ Seven Kingdom]** સપ્તલોક વ્યકત થયેલા છે; અને ચેતનાના સાત સોપાનો સંપૂર્ણ વ્યકત છે.

પરંતુ એકમાત્ર પૃથ્વીગ્રહ ઉપર જ માનવજાત પુર્નજન્મ પામી શકે અને ઉર્ધ્વગતિનાં માર્ગે આત્માસાક્ષાત્કાર સાધી શકે છે.

અસંખ્ય વિશ્વોના સ્થૂળ ઘેરાવામાં આ પૃથ્વી એક એવું કેન્દ્ર છે કે જયાં માનવ–ચેતનાના ઉર્ધ્વીકરણ માટે સ્થળાંતર થવું જરૂરી છે.

ચેતનાના સાત સોપાનો છે. સાતમી ભૂમિકાએ પરમાત્મા તરફની પહેલી યાત્રા પૂરી થાય છે.

સમગ્ર આત્માઓનું ધ્યેય આ યાત્રા પૂરી કરવાનું છે, તેમ છતાં બહુ થોડા લોકો આ ક્ષણનો સાહસિક રીતે સદુપયોગ કરી શકે છે. આ યાત્રાનાં સમાપને પોતાનું આગવું અસ્તિત્વ અનંત ચેતનાના મહાસાગરમાં વિલીન થઈ જાય છે અને યાત્રાની સમાપ્તિએ 'અહંમ્ બ્રહ્માસ્મિ'નો ખ્યાલ પૂર્ણચૈતન્ય સહ આત્મસાત્ થઈ, પરમાત્મારૂપે સતત અનંતશકિત–જ્ઞાન અને આનંદનો અનુભવ કરે છે.

આ પ્રથમયાત્રા પૂરી કરનારમાંથી માત્ર થોડાક જ બીજી યાત્રામાં પ્રવેશે છે. આ યાત્રામાં પડાવ, વિરામ નથી. આ એવી અવિરત્ યાત્રા છે, કે જ્યાં જરાપણ વિચલીત ન થવાય તેવી ભગવદ્ સ્થિતિ, ભગવત્રૂપ સર્જાય છે. ભગવદ્તાનાં વચને ભગવાન સ્વરૂપે વિરાજમાન થાય છે. આ સ્થિતિમાં પોતાની નિજતા મૂળ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. માનવ સ્વરૂપે ભગવત્તા ધારણ કરી મર્યાદિત ક્ષેત્ર ધરાવતા અમર્યાદિતતાના અનુભવ સાથે અનંતમાં વિહરતા અનંત શકિત–જ્ઞાન–અને આનંદે સચ્ચિદાનંદરૂપે વિહરે છે.

આ ત્રીજી યાત્રા જેમણે બીજી યાત્રા પૂર્ણ કરી છે તેમની શરૂ થાય છે અને અનંત શકિત–જ્ઞાન અને આનંદના અઢળક ખજાના સાથે દુન્યવી માનવ અને ભગવદ્ સ્વરૂપે તેઓ વિહરે છે.

કોઈપણ સમયે આ પૃથ્વી પર આવી પાંચ વિભૂતિઓ સદગુરૂઓ/કુતુબ હોય છે. જે બ્રહ્માંડનું અને માનવજીવનના વ્યવહારનું નિયંત્રણ કરે છે. અને આ પાંચ માંહેના કોઈપણ એકનું પાર્થિવ શરીર છૂટતાં, ભગવત્તા પ્રાપ્ત વ્યકિત આગળ વધીને ત્રીજી યાત્રાને પૂર્ણ કરતા દેહત્યાગીના ખાલી પડેલા સ્થાનની પૂર્તિ કરે છે.

અવતારના આગમનને પ્રોત્સાહિત કરવાની અને તેને પોતાનાં સર્જનનો હવાલો સોંપવાની આ પાંચ સદ્ગુરૂઓની ફરજ થઈ પડે છે.

જેઓ ભગવત્ સ્વરૂપે આ ભૂલોકે વિહરે છે, અને તે બધા ભગવત્ સ્વરૂપને વળગી રહે છે અને જ્યારે તેઓ શરીરથી મુકત થાય છે ત્યારે તેમના સૂક્ષ્મ અને મનસ્ શરીર મિટવાની સાથે અનંત શકિત–જ્ઞાન–આનંદનું આવરણ કાયમ માટે મૂકતા જાય છે. આ ચોથી યાત્રા છે.


વાસ્તવમાં આ ચારેય યાત્રા પ્રવાસ રૂપે નથી કારણ કે પરમ્ પ્રભુને ક્યાંય યાત્રા કરવાની હોતી નથી. તેનો આદિ કે અંત નથી અને જે મૂર્ત સ્વરૂપે પ્રગટે છે તેનો આદિ નથી, કે સમાહિત થાય છે તેનો અંત નથી.

## (૧૭) મદિરા વેંચનાર :

પ્રેમપંથના આ માર્ગનું અને પ્રેમીની દશાનું વર્ણન કરતાં સૂફીઓ મદિરાનાં પ્રતીકનો ઉપયોગ કરે છે. સાકી મદિરા પાનાર છે. રીંદ **[Rind]** એ પ્યાસી છે અને મયખાના એ મદિરાનું પીઠું છે. સાકી ઉલ ઈર્શાદ શરાબનો ઉત્પાદક છે, તે મદિરા તૈયાર કરીને જથ્થાબંધ વેપારી તરીકે બીજા વેપારીને આપે છે.

જગતમાં ઘણી જગ્યાએ શરાબખાનાઓ જોવા મળે છે કે જ્યાં નવો તેમજ કાચો તથા ભેળસેળ કરેલો મદિરા નજીવી કિંમતે મળે છે અને જે પાન કરે છે તે ઉન્મત બની જાય છે ને પોતાના શરીર–મનને ખલાસ કરી નાખે છે. તેથી આધ્યાત્મિક માર્ગ પર એવા સાકીઓ છે કે જેઓ સાકી–ઉલ–ઈર્શાદ તરફથી મેળવેલો પ્રેમરૂપી મદિરા પરિપકવ થવા દેતા નથી પરંતુ ક્ષુલ્લક આધ્યાત્મિક અનુભવોનો આનંદ મેળવવા માટે પોતે જ તેનો ઉપયોગ કરે છે એટલું જ નહી પરંતુ તેનું બળ વધારવા માટે તેમાં કાચો મદિરા પણ ભેળસેળ કરે છે; અને તેઓ નજીવી સેવાઓનાં બદલામાં કોઈને પણ વેંચી મારે છે.

વળી એવા પણ મયખાના છે કે જ્યાં માત્ર ઉત્તમ દ્રાક્ષનો સર્વોત્તમ શરાબ આપવામાં આવે છે કે જે મર્મજ્ઞો માટે રાખવામાં આવે છે. તેથી એવા પણ સાકીઓ છે કે જેઓ વલી કે પીર તરીકે ઓળખાય છે, જેઓ પાસે કેવળ ઈશ્વરનાં પ્રેમરૂપી પરિપકવ મદિરા હોય છે જે મેળવવા માટે તેઓએ ત્યાગ અને બલિદાનની ભારે કિંમત ચૂકવેલી હોય છે; અને તેથી જે લોકો તેમની પાસે જાય છે તેઓ પાસેથી પણ તેવી જ ઊંચી કિંમત વસૂલ કરે છે. અને આવા સદ્ભાગીને સદ્ગુરૂ પાસે રહેલ ખાસ જામ આપવામાં આવે છે અને આ જામથી સદ્ભાગી ચકનાચૂર બની પ્રભુમય બની જાય છે. પરમાત્મામાં ઓગળી જાય છે, સમાહિત થઈ જાય છે. આવા માર્મિકો પૈકી કોઈકને પોતાના જેવો શરાબ ઉત્પાદક–વહેંચનાર (સાકી–ઉલ–ઈર્શાદ/કુતુબ) બનાવે છે.



અનંત પરમાત્મા
વાસ્તવિકતા
જીવંત પરમાત્માનું અસ્તિત્વ (માનવ અને પરમાત્માનું એક સાથે જીવન.)
અવતારરૂપે પરમાત્મારૂપે પસાર થવું
[ અનંત નિજતા જાળવી રાખીને પરમાત્મા પોતાનું અસીમ જ્ઞાન–શકિત અને આનંદ સાથેના અનુભવોવાળું પાર્થિવ, સૂક્ષ્મ ને માનસિક શરીર છોડે છે.]
ચોથી યાત્રા
કુતબિયાત [પરમ સદ્‌ગુરૂપણું]
જે માત્ર પાંચ સદ્‌ગુરૂઓ જ પૂર્ણ કરે છે. [માનવ અને ઈશ્વરરૂપે (નરહરિ રૂપે) અનંત શકિત, જ્ઞાન અને આનંદ અનુભવે છે ને ઉપયોગ કરે છે.]
ત્રીજી યાત્રા
ભગવદ્‌મય બનવું (પ્રભુ અસ્તિત્વ)
બકા [નિત્ય અસ્તિત્વ]
જૂજ વ્યકિતઓ જ આ પ્રાપ્ત કરે છે.નરહરિ રૂપે અનંત શકિત, જ્ઞાન અને આનંદ અનુભવે છે.
બીજી યાત્રા
ભગવત્‌તામાં તન્મય થવું (પરમાત્મા થવું)
મનોમય વિશ્વ
૬
૫
૪
૭ મી ભૂમિકા ફના
કોઈ વિરલ જ પ્રથમ યાત્રાના અંતે અહિં પહોંચે છે. [દેવરૂપે અનંત શકિત, જ્ઞાન, આનંદ અનુભવે છે.]
પ્રથમ યાત્રા
સૂક્ષ્મ જગત
૩
૨
૧
ભ્રમણા
ભૂમિકાઓ
બહુ જ થોડા લોકો અત્રે પહોંચવાનું સાહસ કરે છે.
માનવ, પ્રાણી, પક્ષી, માછલી, કિટક,વનસ્પતિ, પત્થર, ધાતુ
આપણું સ્થૂળ જગત પૃથ્વી
લાખો વિશ્વો
અનંત સ્થૂળલોક
ઉત્ક્રાંતિના સપ્તલોક ધરાવતા કેટલાંક ગ્રહોની સ્થિતિ.
અનંત સ્થૂળલોકમાંથી સિમીત લોક
અનંત પરમાત્મા

સાકી–ઉલ–ઈર્શાદ પરમ્ પૂર્ણ સદ્ગુરૂ (કુતુબ) છે, જે વિશ્વનો આધારસ્તંભ છે. તે સર્વશકિતમાન હોવાની સાથે પોતાની ઈચ્છા પ્રમાણે શકિત વાપરવા સ્વતંત્ર છે. આવા પરમ્ સદ્ગુરૂઓ પોતાના શિષ્યોને મસ્તી ન બક્ષતાં પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે, અને કોઈકને તો પરમ્ ઐકયમાં લઈ જાય છે. હાફિજ કહે છે તેમ –"આવા સાકી–ઉલ–ઈર્શાદ–પરમ્ સદ્ગુરૂઓ છે કે જે તેમની દ્રષ્ટિ માત્રથી કે ઈચ્છા માત્રથી પત્થરને પારસમણી બનાવી શકે છે કે કથીરને કંચન બનાવી દે છે.

કયારેક એવું પણ બને છે કે કોઈ વ્યકિતએ પૂર્વજન્મમાં સદ્ગુરૂની શ્રદ્ધાપૂર્વક સેવા કરી હોય અને આ જન્મે ચૂકવવા લાયક કશું ન હોવા છતાં સદ્ગુરૂ તેને આહ્વાન આપે છે અને અલ્પ મદિરાપાન કરાવે છે કે પ્રેમમદિરાથી આત્મ–સાક્ષાત્કાર, આત્મજ્ઞાન થાય છે અને કદાચ તેમને પરમ્ સદ્ગુરૂ, સિદ્ધ–સાકી–ઉલ–ઈર્શાદ બનાવે છે.

## (૧૮) જે અપરંપાર છે તે સદ્ગુરૂ છે :

*કબીર કહે છે :*

*" કાન ફૂંકા ગુરૂ હદકા; બેહદ કા ગુરૂ નાંહિ,*
*બેહદ કા સદ્ગુરૂ હૈ; સોચ સમજ મન માંહિ."*

કાન ફૂંકનારા ગુરૂ વિષે કબીર કહે છે તે પાંચમી અને છઠ્ઠી ભૂમિકાના ગુરૂઓની વાત કરે છે. જે બન્નેના ક્ષેત્ર મર્યાદિત છે. આપણને દરેક સમયે ત્રણ પ્રકારનાં ગુરૂઓ જોવા મળે છે.

૧. વેષધારી કે ઢોંગી–પ્રપંચી
૨. પાંચમી ભૂમિકાના ગુરૂ (વલી) અને છઠ્ઠી ભૂમિકાનાં ગુરૂ (પીર) એ પ્રમાણભૂત પણ સીમિત છે.
૩. પૂર્ણ સદ્ગુરૂ જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયેલ હોય છે.

જ્યારે વલી પ્રસન્ન થાય છે ત્યારે તે શિષ્યના કાનમાં કોઈ પવિત્ર શબ્દ ઉચ્ચારે છે અથવા એકાગ્ર ચિત્તે શિષ્યની આંખમાં જોતા તેની ચેતનાને ઊંચી ચડાવે

છે. આ ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરેલ વ્યકિત, તેની નજીકના કોઈ વ્યકિતના વિચારો જાણવા માગે તો સરળતાથી જાણી શકે છે. આવી વ્યકિતને રંગબેરંગી પ્રકાશ દેખાય છે અને કોઈકવાર તો પ્રકાશની અંદર 'વલી' ના દર્શન કરે છે.

પરંતુ વલી જે તે વ્યકિતને પોતાની ચેતનાની કક્ષા સુધી જ ઉંચે લાવી શકે છે અને તેના મનોમય શરીર સાથે તાદાત્મય કરાવી શકે છે અને તે પોતાના સ્થૂળ અને સૂક્ષ્મ શરીરો વસ્ત્રોની માફક અલગ જોઈ શકે છે. જો કે બીજાની ચેતનાની ઉર્ધ્વગતિ માત્ર સંમોહન નથી પણ આનંદની સ્થિતિ હદની મર્યાદામાં રહીને ઉપરની કક્ષાના અનુભવોનું પ્રદાન છે, અને છતાં એ ભ્રમણાઓનો એક ભાગ છે. માત્ર દૃષ્ટિકોણ જ બદલાયો છે જે અગાઉ બીજે હતો. આ દ્રશ્ય વિશાળ અને મોટું હોવા છતાં પણ પરમાત્માની પીઠની જેમ માયારૂપ જ છે.

પીર વલીની કોઈ પદ્ધતિનો ઉપયોગ કરતો નથી. જ્યારે તે અન્ય ઉપર પ્રસન્ન થાય છે ત્યારે તે તેને પાણી કે ચા લાવવાનું કદાચ કહે અને તેમાંથી એક કે બે ઘૂંટડા લઈ તેને પીવા માટે પરત કરે છે, અથવા કોઈ વ્યકિતને રૂમાલ–નેપકિન જેવું કંઈક લાવવાનું કહે અને તેનો થોડો સમય ઉપયોગ કર્યા પછી તેને પરત આપે. આવી નિરર્થક ચેષ્ટાથી પીર તેને નીચેની કક્ષાએથી ઉંચે લાવે છે– પોતાની કક્ષા સુધી પણ દોરી જાય, અને માયાથી કાયમી રીતે બિલકુલ વિમુખ બનાવી સાથે પરમાત્માની ભવ્ય અને અવર્ણનીય સુંદરતા પ્રત્યક્ષ હોય તેવી કક્ષાએ તેને પહોંચાડી દે છે.

પોતાના જીવનકાળ દરમ્યાન વલી અને પીર એકાદ–બે વ્યકિતને જ પોતાની ચેતનાના સમકક્ષ સ્તરે લાવી શકે છે. પીર, કોઈપણ વ્યકિતને છઠ્ઠી ભૂમિકાની મર્યાદાથી આગળ લઈ જઈ શકતા નથી. અસીમ અને અનંતના લક્ષે પહોંચવા ચેતનાની છઠ્ઠી અને સાતમી ભૂમિકા વચ્ચેની ખીણ પસાર કરવાની હોય છે. પીર પોતે જ દ્વૈતની કક્ષામાં હોવાથી અનહદ ચેતનાની ઐકય અવસ્થામાં લઈ જઈ શકતા નથી. સીમાના બંધનથી પર હોવાને લીધે સદ્‌ગુરૂ પાર લઈ જઈ શકે છે અને તેમ કરે પણ છે. તે અગણિત માર્ગો–ભૌતિક સ્પર્શ, અમિદ્રષ્ટિ–નો

ઉપયોગ કરે છે, અને પસંદ કરેલા શિષ્યો ઉપર કૃપાવૃષ્ટિ કરે છે. આમ કરીને તે દ્વૈતની કક્ષામાંથી પરમાત્માની અનંત ચેતનામાં લીન કરે છે. વલી કે પીર માટે જેની ચેતના ઉર્ધ્વગામી કરવાની હોય તેની સઃશરીર હાજરી જરૂરી બને છે. પણ સદ્ગુરૂ માટે કોઈ વ્યકિત પર કૃપા વરસાવવી હોય તો તેને દેશ–કાળ –સમય–સ્થળનું બંધન નડતું નથી. સંબંધિત વ્યકિત, ભૌતિક શરીરથી ભલેને હજારો માઈલ દૂર હોય, સદ્ગુરૂની ઈચ્છા માત્રથી તત્કાલ કોઈ ખાસ વ્યકિતને અનંત ચેતનાની સાતમી ભૂમિકાએ પહોંચાડી શકે છે.

પણ આ ભૂમિકા અને પરિધિ છે કયાં ? તે બધું તમારી અંદર જ છે. તમે તેનાથી સભાન નથી કારણ કે ચેતનાની જુદી–જુદી સ્થિતિ, ચેતનાના ઉપલા સ્તરે ઉત્થાન પામે છે. દા.ત. કીડી–પ્રથમ કક્ષાએ છે, કૂતરો ત્રીજી ભૂમિકાએ છે, હાથી પાંચમી કક્ષાએ, માનવ ચેતનાની સાતમી ભૂમિકાએ છે. કીડી, કૂતરો, હાથી અને માનવ – એક જ પૃથ્વી ઉપર વિચરે છે. પરંતુ દરેકની ચેતનાની કક્ષા ભિન્ન છે. સીમિત અને અસીમ તમારી અંદર જ છે. સાચું કહીએ તો તે તમે જ છો, પણ તમે તેનો અનુભવ કરતા નથી, કારણ કે નકલી 'હું' ના આવરણે ઢંકાયેલો તમારો અસલી 'હું' તમને દેખાતો નથી.

બધાય ક્રાંતિકારી ફેરફારો ચેતનાની મર્યાદામાં બને છે. પીર કોઈ વ્યકિતને પરમાત્માનાં દર્શન કરાવી શકે તો પણ અસલી 'હું' સાથે મિથ્યાતત્વ–નકલી 'હું' જોડાયેલ જ રહે છે. યોગ્ય સમયે સદ્ગુરૂ સમગ્ર મિથ્યાતત્વને પૂરેપૂરી રીતે શુદ્ધ કરે છે. 'તે' આ કેવી રીતે કરે છે ? આ સમજાવવું ગહન છે. જે આનું જ્ઞાન ધરાવે છે તે જ આ કરી શકે છે. જ્યારે આ નકલી 'હું' ને જડમૂળથી ઉખેડી નાંખવામા આવે છે ત્યારે અસલી 'સ્વ' નું પ્રાગટય થાય છે. આ જ 'અહમ્ બ્રહ્માસ્મિ' ની સ્થિતિ છે.

સીમિત બંધનમાંથી પાર થઈને અસીમની સ્થિતિએ પહોંચવા માટે એક માર્ગ છે – પરમ્ સદ્ગુરૂ તુકારામે કહ્યું છે :

'પરમ્ સદ્ગુરૂની કૃપા વિના તમે તમારૂં ધ્યેય પ્રાપ્ત કરી શકશો નહીં.'

બીજું કંઈ પણ કર્યા વિના માત્ર સદ્‌ગુરૂનાં ચરણ પકડી રાખો. સદ્‌ગુરૂનું શરણ સ્વીકારો.

## (૧૯) દિવ્ય લીલા :

જીસસ ક્રાઈસ્ટ એક ચેતના હતી. આનો અર્થ એ થાય કે જીસસ ક્રાઈસ્ટ તરીકે પોતે સભાન હતા. શિષ્ય જુડાસની અંદર પણ જીસસ ક્રાઈસ્ટ હતા અને જુડાસની અંદર રહેલા જીસસ ક્રાઈસ્ટ તરીકે તે જાણતા હતા કે જુડાસ પોતાને દગો દેશે. છતાં જાણે કે પોતે કંઈ પણ જાણતા નથી એવી રીતે રહ્યા. સર્વજ્ઞની દિવ્યલીલાનો એ સિદ્ધાંત છે કે જાણતા હોવા છતાં પણ અજાણપણે વર્તવું. સનાતન પરમાત્માની આ દિવ્યલીલા છે.

## (૨૦) વિટંબણા :

આત્માની ઓળખ એટલે જે છે તેનું જ્ઞાન પ્રાપ્ત થવું. જ્ઞાન એટલે આત્માની સર્વજ્ઞ અનુભૂતિ. આત્મા કહે છે – " હવે હું જાણું છું કે હું બધુ જાણું છું." સર્વજ્ઞ આત્મા એ નહોતો જાણતો કે તે જાણે છે એ માત્ર શુદ્ધ કલ્પના હતી.

અરે ! અજ્ઞાની; સર્વજ્ઞ<br>
  તું છો કેવી વિટંબણામાં,<br>
ઓ ! પામર; સર્વશકિતમાન આત્મા,<br>
  તું કેવી વિટંબણામાં છો.<br>
ઓ ! દુઃખી; મહાસુખી આત્મા;<br>
  તું છો કેવી વિટંબણામાં,<br>
કેવી વિટંબણા !<br>
  કેવું દ્રશ્ય !<br>
કેવો આનંદ !

## (૨૧) જ્ઞાનનું હસ્તાંતરણ :

જ્ઞાન બે રીતે અપાય છે – પ્રત્યક્ષ રીતે અનેં પરોક્ષ રીતે. પરોક્ષ રીતે જ્ઞાન આપવાનાં પણ બે પગથિયા છે અને પ્રત્યક્ષ જ્ઞાન આપવાના પણ બે માર્ગ છે.

આ ચિત્રને વધુ સ્પષ્ટતાથી જોવા એક ઉદાહરણ લઈએ : સામાન્ય માનવ જાતની સમગ્ર ચેતનાને કોઈક દૂરનું ગ્રામ્યજીવન ગણીએ અને પરમાત્માનો આત્મ સાક્ષાત્કાર કર્યો છે તે પરમાત્મામય જીવનને ન્યુયોર્કનું જીવન ગણીએ. અધોગતિ ની છ અવસ્થાઓ ચેતનાના બિંદુ ગણીએ.

માની લો કે તમે ગામડિયા છો પણ ન્યુયોર્કનાં શહેરીજીવનમાં તન્મય બની ગયા છો. ત્યારે તમે ગામડામાં રહેતા ગ્રામજનોને ન્યુયોર્ક વિષે તમારો અનુભવ નહિં કહી શકો. પરંતુ જો તમે નવા જ્ઞાન સાથે પરત ફરો અને સાથો–સાથ ત્યાંની વાણી અને ગામઠી રીતભાત જાણતા હો તો તમે ત્યાં શું જોયું ને અનુભવ્યું તેનું વર્ણન કરી શકો, અને તેમાના અમુકને શહેરીયાત્રા માટે પ્રોત્સાહિત કરી શકો.

માત્ર ત્યાંના વર્ણન દ્વારા તમે તેનો રસ ટકાવી નહીં શકો. તેથી તમે પ્રોજેકટર અને રંગીન સ્લાઈડ વડે ન્યુયોર્કનાં વાસ્તવિક ચિત્રની ઝલક આપી શકો અને વિવિધ રીતે સાધકનાં માનસમાં આ બતાવી યાત્રા માટે પ્રેરિત કરી શકો.

બે રીતે એ ગ્રામ્યજન યાત્રા કરી શકે–કાં તો તમારા માર્ગદર્શન તળે પોતાની રીતે એ ગ્રામ્યજન યાત્રા કરી શકે, કે જે કિસ્સામાં તે માર્ગમાં આવતા દરેક શહેરની મોહિનીમાં ફસાઈ જવાની શકયતા છે. તેમાંથી તમારા પ્રત્યેનાં પ્રેમ અને વિશ્વાસને લીધે તે માયાજાળમાં ફસાઈને યાત્રા પૂરી ન થવાના સંકટમાંથી બચી શકે; અથવા તમારી જાત દેખરેખ હેઠળ ન્યુયોર્ક સુધી તેની આંખે પાટા બાંધી લઈ જાવ. જેથી તે રસ્તામાં કંઈ જોઈ શકશે નહિં અને તમારી જોડે સહીસલામત ન્યુયોર્ક પહોંચી જશે. આ સુરક્ષિત અને ઝડપી માર્ગ છે. પરંતુ કોઈપણ રીતે જ્યારે તે ત્યાં પહોચે છે ત્યારે આ બધું અદ્‌ભૂત આશ્ચર્ય પડદા ઉપર મળેલી ભવ્ય ઝલકરૂપે તે જોઈ, અનુભવી શકે છે.

પરમાત્માનું પ્રત્યક્ષ જ્ઞાન એ છે કે જે જ્ઞાન પ્રભુ સાથે આત્મસાત્ થઈને પ્રાપ્ત કરેલ છે અને પરમ્ સદ્‌ગુરૂની કૃપાથી મળેલું છે. પરોક્ષ જ્ઞાન એટલે કે જે તેના વર્ણનો અને ચિત્રોથી મળેલ છે તે મનની ભૂમિકા સુધીનું માહિતીપ્રધાન જ્ઞાન છે.

વાસ્તવિકતાને જાણવી એટલે જે અસલી છે તે બનવું. તે તમારી સૌથી વધુ નજીક છે. કેમ કે તે તમે જ છો. અજ્ઞાનતાને કારણે જે ભગવાન એકદમ સમીપ છે તે દૂર ભાસે છે. જ્યારે પરમ્ સદ્ગુરૂની કૃપા અજ્ઞાનનું આ આવરણ હટાવી લે છે ત્યારે તમે અસલી 'સ્વ' બનો છો, તમે એ અસલી રૂપે અનુભવો છો કે જે તમે છો–હતા અને હશો.

## (૨૨) જ્ઞાનનાં પ્રકાર :

જ્ઞાનનાં ત્રણ પ્રકાર છે.

### ૧. *ભૌતિક જ્ઞાન (બાહ્ય જ્ઞાન) :*

આ જ્ઞાન દુન્યવી બાબતો સંબંધિત હોય છે જે સ્વાભાવિક વારસાગત રીતે કે અભ્યાસથી મેળવી શકાય છે. આ જાણવું અજ્ઞાનનું અજ્ઞાન છે.

### ૨. *આધ્યાત્મિક જ્ઞાન (અંતર જ્ઞાન) :*

આ જ્ઞાનમાં સૂક્ષ્મ કક્ષાનાં અને માનસિક કક્ષાનાં આધ્યાત્મિક અનુભવોનો સમાવેશ થાય છે. આ સૂક્ષ્મ ભૂમિકાનો અનુભવ જ્ઞાનનું અજ્ઞાન છે. મનની ભૂમિકાના અનુભવો અજ્ઞાનનું જ્ઞાન છે. સૂક્ષ્મ કક્ષાનાં આ આંતરિક અનુભવોને દિવ્ય ભ્રમણાઓ ગણી શકાય. જ્યારે મનની ભૂમિકાનાં આંતરિક અનુભવોને ઈશ્વર સાથેના ઐકયના આધ્યાત્મિક દુઃસ્વપ્નો કહી શકાય. આંતરિક અનુભવો દિવ્ય જાગૃતિમાં પરિણમે છે.

### ૩. *દિવ્યજ્ઞાન (ભગવત્પણાનું બ્રહ્મજ્ઞાન) :*

– આ ઈશ્વરનું અસીમ જ્ઞાન છે. આ જ્ઞાનનું જ્ઞાન છે.
– બ્રહ્મજ્ઞાનમાં બહુ થોડા નિપુણતા મેળવે છે.
– આંતરજ્ઞાન તો બહુ જ થોડાને મળે છે.
– બ્રહ્મજ્ઞાન તો કોઈક ને જ મળે છે. (બ્રહ્મજ્ઞાન સુધી કોઈક જ પહોંચે છે.)
– બ્રહ્મજ્ઞાની સર્વજ્ઞ છે કારણકે તે જ્ઞાનનો સ્ત્રોત છે અને સ્વયં જ્ઞાનછે.

## (૨૩) પરિચય :

ઓળખતા ન હોય તેઓને પરસ્પર પરિચય આપવો જરૂરી હોય છે. પરંતુ જ્યાં પ્રેમપૂર્ણ વ્યવહાર હોય ત્યાં પરિચયની આવશ્યકતા નથી કેમકે હૃદયને પરિચયની જરૂર નથી. બે અજાણ્યા વચ્ચે કાંઈક ઓળખાણ હોય તો જ સંબંધ બંધાય છે. એમના અગાઉનાં કે પૂર્વજન્મનાં સંબંધોને કારણે આ લાગણી અનુભવાય છે.

મારે (અવતાર મહેરબાબા) કોઈનો પરિચય જરૂરી નથી કારણ કે મારા માટે કોઈ અજાણ્યો નથી. તેમ છતાં મારી પાસે આવનાર મોટાભાગનાં માટે હું અજાણ્યો છું અને જેઓ મારી પાસે આવે છે અને મારી હાજરીમાં રહે છે તેઓ પરિચય વગર સંબંધે જોડાઈ શકતા નથી. વાસ્તવમાં તેઓ ઘણા પરિચયથી જ આવ્યા છે (જોડાયા છે) –અગાઉના કેટલાય જન્મોમાં તેઓ મારા પરિચયમાં આવેલા છે અને તેઓ જુદા પડીને આ સંબંધ વિસરી ગયા છે અને મને ફરી મળ્યા છે. આ વખતનો પરિચય અગાઉના પરિચયોનાં કારણે છે.

## (૨૪) સહવાસ વચનામૃતો :

પ્રેમમાં પ્રેમીને કશું કરવાનું કહેવાની જરૂર હોતી નથી.

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

પ્રેમથી તમારૂં સમગ્ર હોવાપણું પરિવર્તીત પામી તમારૂં જીવન સ્વતંત્રતામાં પરિણમશે.

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

પ્રેમ એ પરમાત્માની અનુપમ ભેટ છે, કોઈ વિરલો જ એ પામી શકે.

તમારો શ્વાસ એ જ તમારૂં જીવન છે તેના કરતાં પણ અનંત પરમાત્મા તમારા અસ્તિત્વ માટે વધુ અંગત્યનાં છે. સામાન્ય રીતે જીવન શ્વાસ સાથે સંકળાયેલું છે પણ પરિશ્રમનાં પરિણામે જ્યારે શ્વાસ મંદ પડે છે ત્યારે આપણે શ્વાસથી સભાન થઈએ છીએ. જ્યારે માણસ ડૂબતો હોય ત્યારે સંપૂર્ણપણે શ્વાસથી

સભાન બને છે. આ રીતે જ્યારે તમે પરમાત્માને ઝંખો છો ત્યારે તેના અસ્તિત્વનું ભાન થાય છે અને જ્યારે તમે તેના દિવ્ય પ્રેમનાં સમુદ્રમાં ડૂબો છો ત્યારે તેમનું અસ્તિત્વ આત્મસાત્ થાય છે.

આધ્યાત્મિક માર્ગ સમજવો કઠિન છે જ પણ આ માર્ગે ચાલવું તો એનાથી પણ અઘરૂં છે.

મનની નિર્વિચાર અવસ્થા શું છે ? વિચાર ન હોવા તે. પરંતુ આ અશક્ય છે. જ્યારે તમે મારૂં (સદ્ગુરૂનું) સતત સ્મરણ કરતાં તમારૂં મન મને સોંપી દો છો ત્યારે મનને અન્ય કોઈ વિચારોનો ખોરાક મળતો નથી. આ રીતનો ઉપવાસ (ઈશ્વર નજીક રહેવું) જ ખરો અને જરૂરી છે. પેટને ખાલી રાખવું એ તંદુરસ્તીના ફાયદા માટે હોઈ શકે પણ આધ્યાત્મિક ઉન્નતિ માટે તે જરૂરી નથી.

તમે કહો છો કે તમે સ્વપ્નમાં મારા દર્શન કરો છો. આ સ્વપ્નોનો ઉદ્ભવ મારા તરફનાં તમારા પ્રેમ અને શ્રદ્ધાની અભિવ્યકિત છે. તે મારા કારણે બનતું ન માનો. અત્રે હું તમારી વચ્ચે, તમારી અંદર ચાલી રહેલા લાંબા સમયનાં ભ્રામક સ્વપ્નોમાંથી તમને જાગૃત કરવા આવ્યો છું, નહિં કે તમને વધુ સ્વપ્નો આપવા !

## (૨૫) ગેરહાજર ન રહો :

આંખથી જે જોતો નથી,
કાનથી જે સાંભળતો નથી,
જીભથી જે બોલતો નથી,
એ મને જેવો દેખાવો જોઈએ તેવો જુએ છે અને
હું જેવો જણાવો જોઉં તેવો મને જાણે છે.

આનો મતલબ એ નથી કે તમે નિષ્ક્રિય બની જાવ. ઉલ્ટાનું આનો અર્થ એ કે તમારે સર્વવ્યાપક પરમાત્માની સુંદરતાની અભિવ્યકિત તરફ સજગ રહેવું. આના વિષે હાફિજે કહ્યું છે કે –" જો તમે ઈચ્છતા હો કે તમારા પરમપ્રિય પરમાત્મા તમારી સન્મુખ આવે તો તે માટે પરમાત્માને એક ક્ષણ માટે પણ ન ભૂલો."

–પરમ્ સદ્ગુરૂ દરેક જગ્યાએ છે અને દરેક જગ્યાનાં કેન્દ્રમાં છે. તેથી

દરેક વસ્તુ અને વ્યકિત તેનાથી, પરમ્ સદ્ગુરૂથી સરખા અંતરે છે. પરંતુ આપણી પોતાની મર્યાદાને કારણે 'તે' એક સમયે અને એક જ જગ્યાએ ઉપસ્થિત હોય તેવું બાહ્ય રીતે અનુભવાય છે. ચેતનાની બધી પર્તોએ તે હરક્ષણે હાજર હોય છે. તે જેવા છે તેવા જોવા તે પરમાત્મા છે.

માટે સાવધાન રહો કે રખે ને દિવ્ય પરમાત્મા તમારૂં હૃદયદ્વાર ખખડાવે ત્યારે તમે ગેરહાજર ન હો.

## (૨૯) મારી ઈચ્છા મુજબ તમારી ઈચ્છા રાખો :

હું પરમાત્મા છું—માનવરૂપે અને એનાથી પર રૂપે. મારો સંગ તમને સત્સંગરૂપ થાય એને માટે કેટલાય પ્રસંગોથી 'હું' તમને તક આપું છું. આ નિકટનો પરિચય તમને ભૂલાવી દે છે કે હું પરમાત્મા છું.

જે બની રહ્યું છે અને જે બનવાનું છે તે હું જાણું છું. જે કંઈ બને છે તે મારી ઈચ્છા વગર નથી બનતું. જાણવા છતાં હું ઘટનાને તેના કુદરતી ક્રમમાં થવા દઉં છું. વારંવાર હું તમને જણાવું છું કે મને અનહદ પ્રેમ કરો અને હંમેશ મારી આજ્ઞામાં રહો, મને ખ્યાલ છે કે જે રીતે આજ્ઞાપાલન થવું જોઈએ તે તમારા માટે શકય નથી છતાં પણ તમે સહૃદયતાપૂર્વક હું જે કરવાનનું કહું છું તે કરી શકો તે માટે મદદ કરું છું, અને વારંવાર તમને આજ્ઞાંકિત બનવા તરફ ધ્યાન દોરૂં છું.

હંમેશા હું જે ઈચ્છું છું તે કરો. નહિં કે તમે જે ઈચ્છો છો તે પ્રમાણે હું કરૂં. મોટાભાગે તમે જે ઈચ્છો છો તેવું જ મારી પાસેથી ઈચ્છો છો. જ્યારે તેમ કરવામાં તમે સફળ થાવ છો ત્યારે તમે ખુશ થાવ છો અને બીજાને કહો છો કે 'મારી' આજ ઈચ્છા હતી. દા.ત.—તમારામાંના કોઈક મારી પાસે એક યુવાન લાવીને તેની ઓળખાણ કરાવે છે, બાબા ! તે ડબલ ગ્રેજ્યુએટ છે ને મારી પુત્રી પણ ડબલ ગ્રેજ્યુએટ હોવાથી તેના માટે તે લાયક છે. મારે તમારી સહમતિ જોઈએ છીએ. જ્યારુ હું સહમતિ નથી આપનો ત્યારે તમે એ વાતને વળગી રહેતા કહો છો કે તમારી દિકરી માટે તે શ્રેષ્ઠ યુવાન છે, એટલે હું કહું છું – એમ વાત છે ? તો વધો આગળ, મંજૂર છે ! જેવા તમે રૂમની બહાર પગ મૂકો છો તેવા બીજાને કહો

છો કે તમારી દિકરી પેલા યુવાનને પરણે તેવું "હું" ઈચ્છું છું. આ પ્રકારની ઘટનાઓ તમારા બધા માટે સ્વાભાવિક છે. જ્યારે તમારે જે કરવું છે તેની હું સહમતિ આપું છું ત્યારે તમે એ ઈચ્છા મારા નામે ચડાવી દો છો, તમે જે કંઈ કહો તેમાં પ્રામાણિક બનો ને સાવધાન રહો. તમારી પાસે મારી અપેક્ષા એટલી જ છે કે બાબાની ઈચ્છા શું છે તે જાણવાનો તમે વધુ ને વધુ પ્રયત્ન કરો.

હું જાણું છું કે હું જે ઈચ્છું છું તે તમારે માટે કરવું સહેલું નથી કારણ કે જે ઉત્કૃષ્ટ પ્રેમ તમારે મને આપવો જોઈએ તે આપી શકતા નથી પણ કમસે કમ હંમેશા તમે જે ઈચ્છો છો તે જ મારાથી ન ઈચ્છો અને મારી ઈચ્છા પ્રમાણે કરવા તમારા આત્મા અને હૃદયે પૂરેપૂરા રંગાઈને વર્તો.

માત્ર મારા તરફનો ઉત્કૃષ્ટ પ્રેમ જ મારી ઈચ્છા મુજબ આજ્ઞાંકિત બનવા તમને સક્ષમ બનાવશે.

## (૨૭) આજ્ઞાંકિતતાની તમારી ભેટ :

તમારૂં હૃદય નિર્મળ બનાવો, બાહ્ય રીતે એવું વર્તન કરો કે જે આંતરિક રીતે તમારામાં નથી. સંપૂર્ણપણે પ્રામાણિક બનો. અનહદ પ્રામાણિકતા એ પરમાત્મા છે. પવિત્ર હોવાનો ડોળ ન કરો. કારણ કે પરમાત્મા સર્વત્ર છે. પરમાત્માને મૂર્ખ બનાવી શકાતા નથી. તો તમે જે નથી તેવો દેખાવ શા માટે કરવો ?

હું તમારી પાસે આજ્ઞાંકિતપણા સિવાય કંઈપણ ઈચ્છતો નથી. મને તમે આજ્ઞાંકિતતા આપો, હું તમને અજ્ઞાનનાં બંધનમાંથી છોડાવીશ.

## (૨૮) દિવ્ય પ્રતિભાવ :

જે ક્ષણે તમે પરમાત્માને ચાહવાને બદલે સમજવાનો પ્રયત્ન શરૂ કરો છો ત્યારે તમે ગેરસમજ કરો છો, ને તમારૂં અજ્ઞાન તમારા અહંકારને પરિપૃષ્ટ કરે છે. જે મનની પેલે પાર છે તેને મન ન સ્પર્શી શકે. પરમાત્મા અસીમ છે અને મનની પહોંચની બહાર છે.

આ દિવ્ય ઈચ્છાએ આ અનંત ભ્રમણા તેના શુદ્ધરૂપે મારામાં

અભિવ્યકત કરી છે તે તમને ભ્રમણાના જગતમાંથી પરમ્ ચેતના તરફ લઈ જવા માટે છે.

હું દરેક ક્ષણે આ સમગ્ર સર્જનને પ્રતિભાવ આપતો રહું છું, દરેક ક્ષણે આ સમગ્ર સર્જન મારાથી પ્રગટતું રહે છે. મારો પ્રતિભાવ દિવ્ય છે અને પ્રેમથી પૂર્ણ છે. મારા આ એક પ્રતિભાવનાં કેટલાય રૂપો તમને દેખાય છે, તે તમારા વિભાજીત મનને કારણે છે. તમે મારી ક્રિયા–પ્રતિક્રિયાઓને તમારા દ્રષ્ટિકોણથી ન્યાય આપો છો, જે દ્રષ્ટિકોણ માત્ર સીમિત છે. તેથી અલગ–અલગ લોકો તરફના મારા અલગ–અલગ પ્રતિભાવને તમે ખોટી રીતે લો છો. અસીમ હોવાને કારણે ચેતનાના દરેક સોપાને હું હોઉં છું પરંતુ મારો પ્રતિભાવ દરેકને જુદો–જુદો અનુભવાય છે, તે તેના સંસ્કારોને કારણે કે તેનામાંથી ચેતનાના સંસ્કારગત ઉઠતા સોપાનોને કારણે છે. મારૂં દરેક વર્તન ગ્રહણ કરનારની ચેતનાની જરૂરિયાતનાં સ્તરે વચને બંધાયેલું હોય છે અને તેથી બહુ જ સ્વાભાવિક રીતે મારા દિવ્ય પ્રતિભાવની વિશાળતા કે અસર કયારેક કોયડારૂપ અનુભવાય છે.

તમારા સીમિત મન–બુદ્ધિ વડે મારા વર્તનનો અર્થ ન ઘટાવો કે તેનું આંધળું અનુકરણ ન કરો. તમારે હું જે કરૂં છું તે કરવાને બદલે હું જે કરવાનું કહું છું તે કરવું જોઈએ. તમારી ટૂંકી સમજણ શકિત મારા હર સમયનાં વર્તનને ન સમજી શકે.

જ્યારે મને દેખાય કે તમે ગૂંચવણભરી પરિસ્થિતિમાં છો ત્યારે કરૂણાવશ હું તમારી નજીક આવી મારા ચોકક્સ ઈશારાની સમજણ આપું છું અને તેથી તમને એમ લાગે છે કે મારા કાર્ય (ઈશારા)ની સમજણ આપી હું તમારો બચાવ કરૂં છું, અને આ રીતે તમારી નબળાઈ અને મારી શકિત પ્રદર્શિત કરૂં છું.

પરંતુ યાદ રાખો કે મારા કૃત્યોની, કાર્યોની સમજણ આપવા છતાં તે તમારા જ્ઞાનની મર્યાદાની હંમેશા બહાર રહેશે. મારી દિવ્યતાની અભિવ્યકિતને તમે તમારી બુદ્ધિથી સમજેવાનો પ્રયત્ન કરો છો ત્યારે તમારા માટે જટિલ કોયડારૂપ બની રહે છે.

તમે મારો સહવાસ જેટલો વધુ પામો અને ખુલ્લા હૃદયે મારો પ્રેમ વધુ મેળવતા થાવ ત્યારે હૃદયની વિશાળતા સાથે તમે મને સ્વીકારતા થાવ છો અને મારૂં જેટલું દર્શન તમે વધુ ને વધુ કરતા થાવ તેમ તેમ તમને સમજાય છે કે તમે મને નહિવત્ જ જાણો છો. તમારી સમજણથી મારી દિવ્ય રમતને ગ્રહણ કરતાં–કરતાં ચિંતનના એક એવા ચકડોળે ચડી જાવ છો કે છેવટે તમારી જાતને નિરાશાની ઉંડી ગર્તામાં ધકેલી મૃતઃપ્રાય જેવો અંત આણો છો.

મારા કૃત્યો તમારામાં ગૂંચવાડા ભરી પરિસ્થિતિ સર્જે છે. તે મારામાં તમારા પૂર્ણ વિશ્વાસની કમીને લીધે છે. તેથી જ બધી શંકાઓને જડમૂળથી ઉખેડી નાંખો ને યાદ રાખો કે હું જે કંઈપણ કરૂં છું તે તમારા ભલા માટે જ કરૂં છું. મારા દરેક કૃત્યો મારા દિવ્ય પ્રતિભાવો છે.

## (૨૯) પ્રશ્ન કરતું મન :

તમારો પ્રેમ અને શ્રદ્ધા તમને છેક દૂરથી થોડા સમય માટે મારી પાસે ખેંચી લાવ્યો છે. જો કે મેં તમને અગાઉથી જ જણાવી દીધું છે કે મને કંઈ પ્રશ્ન ન પૂછવો. છતાંપણ તમારામાંના કેટલાય, પ્રશ્ન પૂછવાની તકની કાગડોળે રાહ જોઈ રહ્યાં છે. પ્રશ્નો પૂછવા એ મનનો સ્વભાવ છે. પરંતુ પ્રેમ કોઈ પ્રશ્ન પૂછતો નથી, માત્ર પ્રિયતમ પરમાત્માની ઈચ્છા ને જ ઝંખે છે.

મન એ મનથી પેલે પાર છે તે જાણવા ઉત્સુક રહે છે. જે મનથી પર છે તે જાણવા અ–મન થવું પડે છે. મન અવશ્યપણે મૃતઃપ્રાય થવું જોઈએ, તેનો ચિત્તમાં જરાપણ અંશ ન રહેવો જોઈએ. રમુજી વાત એ છે કે સીમિત મન અસીમિતને જાણવા ઈચ્છે છે ને સીમિત મન ટકી રહેવા પણ ઈચ્છે છે. જેઓ માત્ર બુદ્ધિથી સત્યની શોધ કરે છે, તેની આવી સ્થિતિ હોય છે. આ હકીકત અમુક જ આત્મસાત્ કરે છે જ્યારે મોટાભાગનાં તો અંધારામાં ફાંફા મારતા શોધતા રહે છે અને એમાં નિરર્થક રીતે ચોંટી રહે છે.

પ્રશ્ન પૂછવો અતિ સરળ છે, પરંતુ જ્યારે તેની સમજણ અપાય ત્યારે તેને આત્મસાત્ કરવા ભૂતકાળની ઘણી જ પૂર્વતૈયારીની જરૂર રહે છે. જેમને

પ્રશ્ન પૂછવાનો અધિકાર છે અને સમજવાની ક્ષમતા છે તેઓ કદી પ્રશ્ન નથી પૂછતા. તેઓ સમજે છે કે પરમાત્મા સમજણથી પર છે તેમજ પ્રાશ્નિક મનની પહોંચથી દૂર છે.

દરેક સુખી થવા ઈચ્છે છે. તમારામાંના દરેક એક યા બીજી રીતે સુખ શોધે છે પણ છેવટે હતાશા ને નિરાશા જ મેળવે છે. વાસ્તવમાં તમે જ સ્વયં 'આનંદ' છો—પણ ભ્રમણાઓની જાળમાં ફસાયેલા હોઈ તમને કઈ રીતે, કયા પ્રકારે તેનાથી સજગ કરવા !

મારા એક પ્રેમી શિષ્યએ મને ફરિયાદ કરેલી કે બાબા, નિષ્કલંક જીવન વિતાવ્યું હોવા છતાં મેં ઘણી જ પીડા ભોગવેલ, કદાચ તમારામાંના ઘણાને આવી ફરિયાદ હશે, પરંતુ તમને આવું બનવા પાછળનો શો હેતુ છે તેનો ખ્યાલ જ નથી. હું એમ નથી કહેતો કે તમે જાતે જ પીડાઓને નોતરી છે પણ મારા કહેવાનું તાત્પર્ય એ છે કે પીડાથી ભયભીત ન બની જાવ કે તેના માટે બીજાનો વાંક ન કાઢો.

જે નિયમ અનુસાર સમગ્ર બ્રહ્માંડનું સંચાલન થાય છે તે મુજબ તમારી બધી પીડા, પ્રેમ તમારા અસલીપણાનાં ઉઘાડ માટે છે. અહમ્ બ્રહ્માસ્મિની સ્થિતિએ અસીમિત અનંત આનંદનો અનુભવ થાય તે માટે આ પીડા, આ સંતાપનું મૂલ્ય કશું જ નથી. હું અનંત આનંદનો સ્ત્રોત છું તમે સ્વયં જ આનંદમૂર્તિ છો તે તરફ તમારૂં ધ્યાન ખેંચી તમને તેની સમજણ આપવા જ હું તમારી વચ્ચે આવું છું અને અનંત અસહ્ય પીડા ભોગવું છું.

હું અનાદિ માંહેનો એક છું જ્યારે હું કહું છું કે હું પરમાત્મા છું તે એટલા માટે નહિં કે મેં તે વિશે વિચાર કર્યો છે કે અનુમાન કર્યું છે કે હું પરમાત્મા છું—હું જાણું છું કે તે તેમજ છે/તે તેમજ હોવું જોઈએ/હોઈ શકે. ઘણા એવું માને છે કે 'પોતે ભગવાન' છે એમ કહેવું ધર્મનિંદા છે, પરંતુ મારા માટે 'હું પરમાત્મા નથી' એમ કહેવું એ ધર્મનિંદા છે.

જ્યારે તમે કહો છો કે હું માનવ છું ત્યારે એ બાબત તમારા મનમાં શંકા નથી હોતી.કોઈ સમર્થન કે વિરોધાભાસની આવશ્યકતા નથી કે કોઈ વિરોધાભાસ

તમને અસર નહિં કરી શકે. ધારો કે તમે પશુની ચેતનાવસ્થાએ નીચે ઉતરી જાવ ને સાથોસાથ માનવચેતનાનો સ્પર્શ પામેલ હો, ત્યારે તમે પ્રાણીને કહેશો કે હું માનવ છું, અને તું પણ એક વખત માનવ બની શકીશ. હું મારી અનંતચેતના જાળવી રાખી તમારી ચેતનાની કક્ષાએ નીચે આવ્યો છું, અને હું તમને સતત કહેતો રહું છું કે હું પરમાત્મા છું અને તમને તે જ સંદર્ભે મદદરૂપ થવા આવ્યો છું કે તમે પણ પરમાત્મા જ છો. હું પરમાત્મા છું અને દરેક માનવ, દરેક વસ્તુ પરમાત્મા સિવાય કશું જ નથી એક વખત દરેક માનવ, વસ્તુ કે વ્યકિત જાગૃત રીતે પરમાત્મા જ બનશે.

સૌથી મોટું પાપ દંભ છે. સૌથી મોટો દંભી એ છે કે પોતે દંભી હોવા છતાં બીજાને દંભી ન બનવાનું કહે. હું ઈચ્છું છું કે તમે બધા પ્રમાણિક બનો. તમે જે નથી તેનો ઢોંગ ન કરો.

તમારામાંના કોઈકે કહેલું કે, બાબા; હું મારી ફરજ પ્રમાણિકપણે બજાવું છું, છતાં હું સુખી નથી. આના માટે દોષિત કોણ ? શું પરમાત્મા મારી નબળાઈનો લાભ ઉઠાવી રહ્યા છે ? હું તમારી નિખાલસતાથી ખુશ છું, પણ હજુ તમારે પ્રમાણિકતા ના એ શિખરે આવવાનું છે કે જ્યાં તમે તમારી સ્થિતિ માટે કોઈ પણ બીજાને દોષિત ન ઠેરવો. તમે જે બનવા ઈચ્છો છો, તે જ બનો છો ને છતાંય તમારે ઠપકો આપવો જ હોય, દોષિત ગણવો જ હોય તો મને દોષિત માનો કારણ કે બ્રહ્માંડમાંનું સઘળું મારામાંથી સ્ફૂરીત થયેલ છે તેથી એકમાત્ર હું જ છું કે જેને જવાબદાર ઠેરાવી શકાય. પરંતુ મારા પ્રેમ અને કરૂણાથી તમે જ્ઞાત નથી કે જે તમારા હોવાપણાને ટકાવી રાખે છે. પ્રેમમાં અનંત કરૂણા છે, અને જે કંઈ બને છે તે કરૂણાની મનઃસ્થિતિ છે. તમે મનની પેલે પાર ગયા વગર આ વાત ન સમજી શકો.

તમારી નબળાઈનો મેં લાભ લીધો હશે તો તમારી પ્રગતિ માટે જ હશે. નબળાઈ છે પરંતુ તે શકિતની તુલનામાં મારામાં દરેક વ્યકિત અને દરેક વસ્તુને અનંત જીવરૂપે અનુભવું છું. તમે અસીમ છો એ બાબતથી તમને જાગૃત કરવા, હું

તમારા તરફથી આનંદ અને પીડા સહન કરૂં છું.

તમે શા માટે સુખી નથી હોતા ? કયું બંધન તમને દુ:ખી કરે છે ? બંધન સ્વનિર્મિત છે. જો તમે ખરેખર ઈચ્છો તો આમાંથી ઉગરી શકો. તમારા સ્વતંત્ર થવા આડે તમે જ વિઘ્નરૂપ છો. માત્ર સ્વતંત્ર થવા ઝંખવું પૂરતું નથી. આ વિષે તમે શું કહો છો કે વિચારો છો તે મહત્વનું નથી, પણ ખરેખર તમે શું અનુભવો છો એ અગત્યનું છે. જો તમે પરમાત્મા ઈચ્છતા હો, તો તમારે એકમાત્ર પરમાત્માને જ ઈચ્છવા જોઈએ. પરમાત્મા પ્રાપ્ત કરવા શકય છે. તમે સત્યની અનુભૂતિ ઝંખતા હો તો તેની કિંમત શું છે ? તમારૂં આગવું ભિન્ન અસ્તિત્વ. જ્યારે તમે તમામ અસત્યોનો ત્યાગ કરો છો ત્યારે તમે સત્યનાં હક્કદાર બનો છો. જે ખરેખર તમે છો.

સત્ય એ મનની પહોંચથી પર છે. તે અનુભવવાની બાબત છે. મન બહુ જ છટકણું છે. તે અસંખ્ય બહાનાઓ શોધી લે છે, જેથી તમે ત્યાં જ જકડાઈ રહો. મન બહાના બતાવે છે કે, હું માત્ર પરમાત્મા માટે જ જીવી ન શકું. કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, દુનિયા માટે પણ મારી ફરજો છે. આથી તમે સત્યથી વિમુખ થતા જઈ ભ્રમણાઓમાં વધુ ઉંડા ઉતરતા જાવ છો.

સત્ય તો સરળ છે, પણ ભ્રમણાઓ તેને જટિલ બનાવે છે. એવી વ્યકિત ભાગ્યે જ હોય છે કે જે સત્યની અભિપ્સા ધરાવતી હોય, બાકી તો મોટાભાગનાં ભ્રમણાઓમાં જીવતા વધુને વધુ બંધાતા રહે છે. માત્ર પરમાત્મા એક જ અસલી છે – વાસ્તવિક છે, બાકી તો તમે જે જુઓ છો તે નિરર્થકતાની શૃંખલા માત્ર છે.

હું અનંત જ્ઞાન, શકિત અને આનંદ છું. જો હું ધારૂં તો ગમે તેને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકું. તમે કદાચ કહેશો, તો શા માટે મને અત્યારે તેમ નથી કરાવતા ? પરંતુ તમને જ શા માટે ? તમારા પછીની વ્યકિત કે શેરીમાંનો કોઈ, કે વૃક્ષ પરનું પક્ષી કે તે પત્થર–કે જે બધા અલગ–અલગ સ્વરૂપમાં એક જ છે, તેને કેમ નહિં ? તમે જેવા મને વધુ પ્રેમ કરવા લાગશો કે તુરંત જ તમે જે નથી છતાં માની બેઠા છો તેમજ જુઠાણાઓથી જે તમને છેતરી રહ્યા છે, તેનો અંત

આવવા લાગશે. હું બધામાં છું અને બધાને સરખો ચાહું છું. તમારો પ્રેમ, તમે જે જુઠાણાથી ઘેરાયેલા છો, તેનાથી દૂર કરી, તમારા અસલી સ્વરૂપના સ્પર્શનો અનુભવ કરાવશે.

માત્ર બૌદ્ધિક સમજણ તમને પરમાત્માની સમીપ નહિં લઈ જાય. પ્રશ્નોત્તરી પણ નહિં, પ્રેમ જ તમને પરમાત્માની નિકટ લઈ જશે. પ્રશ્નોત્તરી અહંકાર અને અલગતાને પોષે છે. તેથી પ્રશ્નો ન પૂછો પરંતુ પરમ્ સદ્ગુરૂનાં 'દાસાનુદાસ' બનવા પૂરો પ્રયત્ન કરો.

જ્યારે તમારૂં જીવન, મન અને હૃદય પ્રમાણિકતાથી છવાઈ જાય છે, ત્યારે પરમ્ સદ્ગુરૂનું ગાઢ આલિંગન સાંપડે છે, જે તમારા આત્માને ઝડપથી જગાડી દે છે. જ્યારે આદિમાંહેનો એક હું તમને આલિંગન આપું છું ત્યારે તમારી અંદર રહેલી ચેતનાને જગાડું છું જેનો ક્રમશઃ વિકાસ સધાતો જાય છે. આ એક પ્રેમાંકુર છે, જે મેં રોપ્યું છે. તે બીજને ચકનાચૂર થઈ ફૂલો આવવામાં અને ફળ લાધવામાં સમયનું લાંબુ અંતર છે. ખરેખર તો ધ્યેય નથી દૂર કે નથી સમીપ આ અંતરે સમયની કશી ગણતરીનો અવકાશ નથી. શાશ્વતમાં બધું અહિં અને અત્યારે જ છે. સહજ રીતે તમે જે છો તે જ તમારે બનવાનું છે. તમે જ છો અનંત અસ્તિત્વ, પરમાત્મા.

## (૩૦) કહેવાતી જાગૃત અવસ્થમાંથી ખરી જાગૃત અવસ્થા તરફ :

અનંતનું પ્રથમ ગીત એટલે સર્જનનું પ્રથમ ચરણ. અનંતતાના અનેકવિધ દ્વંદ્વાત્મક સામ્રાજ્યનું આભાસી અવતરણ લઈને તે આવે છે. દ્વંદ્વની પીડાનો કોઈ અંત નથી.

હું શાશ્વત સુખી છું કેમ કે હું જાણું છું કે હું અનંત એક છું. હું એકાંકી અસ્તિત્વ ધરાવું છું, આથી વિશેષ કશું જ નથી, બીજું બધું માત્ર ભ્રમણાઓ જ છે. આ શાશ્વત રીતે હું સહન કરૂં છું.

હું, મારા શરીરમાં મુકત છું. પરંતુ તમારામાં, તમારી જેમ હું મને બંધાયેલો અનુભવું છું. તમને બંધનોથી મુકત કરવા માટે હું જાણી જોઈને તમને સહન કરૂં છું. મારા માટે આ વારંવાર વધસ્થંભ પર ચડવા જેવું છે. તમારી પીડા તમારા અજ્ઞાનને કારણે છે અને તમારૂં અજ્ઞાન એ મારી પીડા છે. અત્યારે મારી સામે બેઠા છો, તે દરેક ભિન્ન–ભિન્ન અસ્તિત્વ ધરાવો છો. તમે બધા સમાજનાં જુદા–જુદા સ્તરેથી આવો છો. તમે ભિન્ન શારીરીક–માનસિક અભિરૂચિઓ, શકિતઓ ધરાવો છો. અહમ્–બુદ્ધિનાં કારણે તમે અલગ–અલગ વ્યકિત બની ગયા છો; અને જેનું વિભાજન ન થઈ શકે એ એક આત્મા તમારામાં અનંત રીતે વિભાજીત થઈ ગયો છે પરંતુ આત્માનું કયારેય વિભાજન થઈ શકતું નથી, તે હંમેશા એક અને અપરિવર્તિત રહે છે.

ખરેખર તમે અનંત આત્મા છો, પણ સીમિત મન સાથે તાદાત્મય કેળવી તમે સીમિત બની ગયા છો, તેથી પીડાઓ છો. તમારી રીતે તમને આનંદ અને દુ:ખની ક્ષણો હોય છે. ભલેને પછી તે આનંદ, દુ:ખને વિસરાવતો હોય કે દુ:ખ, આનંદને દબાવી દેતો હોય. જ્યાં સુધી તમારૂં સીમિત અસ્તિત્વ રાત્રીની ગાઢ ઊંઘં ન અનુભવે ત્યાં સુધી આ સ્થિતિ રહે છે. ઊંઘમાં તમે અભાન રીતે અનંતતામાં ઓગળી જાવ છો.

ગાઢ નિંદ્રામાં તમે તમારી જાતને સંપૂર્ણ રીતે વિસરી જાવ છો અને તમારૂં આસપાસનું સર્વે, વિચારો, લાગણીઓ, તમારા કાલ્પનિક સુખ–દુ:ખનાં વિચારો જાણે દૂર થઈ જાય છે. પરંતુ આ રાહત અલ્પજીવી હોય છે.

ગાઢ નિંદ્રામાંથી તમે સામાન્યતઃ જાગૃત સ્થિતિમાં આવો છો, જેવી આ કહેવાતી જાગૃત સ્થિતિમાં આવો છો, ત્યારે તે ક્ષણ પૂરતી રહેતી આંશિક સ્વપ્નીલ અવસ્થા તમે જરૂર ફરી અનુભવો છો.

હવે, કયારેક તમે સ્વપ્નમાં બહુજ આનંદદાયક અને મધુર સ્વપ્ન જુઓ છો જે તમારા માટે આદર્શ સુખની ક્ષણો હોય; પરંતુ થોડી ક્ષણો પછી જાગીને જુઓ છો ત્યારે નિ:સાસો નાંખી બોલી ઉઠો છો કે–'કેવું દુ:ખદાયક કે આ સુખ

માત્ર સ્વપ્ન જ હતું !'

ક્યારેક કોઈ વખત તમે ભયંકર સ્વપ્ન જોતા અતિશય પીડા અનુભવો છો, સમય પણ લાંબો લાગે છે. જેવા તમે જાગો છો કે રાહત અનુભવો છો અને કહો છો કે સારૂં થયું આ તો માત્ર સ્વપ્ન જ હતું.

સ્વપ્નની અવસ્થાએ તમે આનંદ અને પીડા અનુભવો છો. જ્યારે તમે જાગો છો ત્યારે તમને સમજાય છે કે તમારો આનંદ ને પીડા માત્ર સ્વપ્ન હતા—જાણે કે ભ્રમણા. એ પણ સમજી લ્યો કે તમારી વર્તમાન ચેતનાની અવસ્થા જેને તમે જાગતા હોવાનું કહો છો, તે ખરી જાગૃત અવસ્થાની સરખામણીએ સ્વપ્ન અવસ્થા સમાન જ છે જેમાં તમે ખુલ્લી આંખે સ્વપ્ના—દિવાસ્વપ્નો જુઓ છો. પરમાત્માનું શકિતશાળી સ્વપ્ન વિશ્વ છે, તે જ તમારૂં જીવન છે.

અસલી જાગૃત સ્થિતિમાં સ્થાયી થવા માટે દિવાસ્વપ્નો જોતી તમારી જાગૃત અવસ્થાને મૃત્યુરૂપી કેટલીય નિંદરમાંથી પસાર થવું પડશે. સામાન્ય નીંદર પછી તમે જાગો છો ત્યારે તમારી આસપાસ એ જ વાતાવરણ અનુભવો છો; મૃત્યુ પછી તમે નવા પર્યાવરણમાં ઉછેર પામો છો, પરંતુ આ મૃત્યુ તમારી પીડાઓનો અંત નથી લાવતું, કેમ કે કર્મનું કર્મનું બંધન તૂટે નહિં ત્યાં સુધી તે તમારા નવ જીવનને ઘડતું રહે છે. રમૂજભરી સ્થિતિ એ સર્જાય છે કે આ નવી ગોઠવણ; નવી ચિંતાઓ જન્માવે છે. ભ્રમણાની પક્કડ એટલી બધી મજબૂત અને છેતરામણી છે કે તમે ચિંતાજનક સ્થિતિને છોડી શકતા નથી. તેથી જીવન સ્વપ્નીલ, જાગૃત અવસ્થારૂપ, અનંતયાતનાની સાંકળરૂપ બની જાય છે.

તમારા વાસ્તવિક સ્વરૂપને ન પામો ત્યાં સુધી તમે, સ્થૂળ શરીરરૂપે, ફરી—ફરી,જન્મતા રહો છો. તમે, મનરૂપે, એક જ વખત જન્મો છો, ને એક જ વખત મરો છો; આ અર્થમાં તમે પુનર્જન્મ નથી પામતા. સ્થૂળ શરીર બદલાતું રહે છે. પરંતુ મનોમયકોષ (મન—શરીર) છેવટ સુધી સરખાં જ રહે છે. બધા સંસ્કારો ચિત્તમાં સંઘરાય છે. સંસ્કારો કાં તો પસાર થઈ જાય છે, કાં તો નવા કર્મો સાથે ક્રમિક પુનર્જન્મમાં પ્રતિક્રિયા કરે છે. બુદ્ધનું ચક્ર જન્મો અને મૃત્યુની સાયકલનો

નિર્દેશ કરે છે. આ ચાક અવિરતપણે ગોળકાર ઘૂમ્યા કરે છે. તે કયારેક તમને ઉંચાઈએ ઉંચકી લાવે છે, તો કયારેક ઊંડાઈમાં ધકેલી દે છે.

જીવનનાં–નિર્ણાયક ઘટકરૂપે, સંબંધિત મજબૂત કડીરૂપ બની, કર્મો કેવી રીતે હોયે તે સમજાવવા હું તમને એક ઉદાહરણ આપું છું. એક રાજા વિશાળ પ્રદેશની માલિકી ધરાવે છે. પરંતુ તે હિનકોટીનો મૂલ્યહિન રાજા છે. તે તેની બધી જ શકિત સ્વાર્થ સાધવામાંને ભોગવિલાસમાં ખર્ચે છે પ્રજાજનોની જરાપણ કાળજી રાખતો નથી. બીજા જન્મમાં રાજા આંધળો ભિખારી બને છે અને આ રીતે ખોટા કાર્યોનો બદલો ચૂકવે છે.

હવે આ રાજાનો એક નોકર છે જે, પ્રમાણિક, મહેનતુ અને વફાદાર છે. બીજા જન્મમાં તેના સદ્‌ગુણોને લીધે તે સુસંસ્કૃત અને સાધનસંપન્ન કુટુંબમાં જન્મે છે. એક દિવસ, જ્યારે તે શેરીમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ફૂટપાથ પર એક દયાજનક પોકાર સાંભળે છે. તે એ અંધભિખારીનો દર્દનાક અવાજ હતો કે જે ગયા જન્મમાં રાજા હતો. તે હાથ ફેલાવીને ભીખ માંગતો હતો–'ભગવાનને નામે મને એક પાઈ–પૈસો આપો બાપલા'!' મનમાં, આક્ષેપો–પ્રતિઆક્ષેપો કરતો તે નોકર રાજા પાસે જઈ, સંસ્કારબળે રાજાને થોડા તાંબાના સિક્કા આપે છે. આ કેવું રમૂજભર્યું કહેવાય; વિધિની કેવી વક્રતા કહેવાય કે રાજા નોકર પાસેથી ભિક્ષા માંગે !! કર્મનો સિદ્ધાંત છે કે સદ્‌ગુણોની દુનિયામાં ન્યાયની તરફેણ કરવી. કર્મનો સિદ્ધાંત સંપૂર્ણ અને કઠોર છે. તે નથી રાહત બક્ષતો, નથી પસંદગી આપતો કે નથી અપવાદ સર્જતો. તે યોગ્ય ન્યાય કરે છે.

દિવ્ય નિયમ મુજબ તમે ભૂતકાળની જીંદગીઓની યાદથી વીંટળાયેલા છો. માટે તે તમને વર્તમાન જીવન જીવવામાં મદદરૂપી નહિ બની શકે પણ તે તમને અનેક રીતે ગૂંચસભરને કોયડારૂપ બનાવશે.

મને 'ભૂતકાળ' નું અસ્તિત્વ નથી. હું શાશ્વત વર્તમાને વિહરૂં છું. તમારા અંતરંગ અને જટિલ સંબંધોના તાણાવાણા સાથે ગૂંથાયેલ અગાઉનાં જન્મોનાં વ્યકિતત્વોને હું સ્પષ્ટ રીતે જોઉં છું. તમારી અન્યોન્ય સાથેની વિવિધ પ્રક્રિયાઓને

તમારા પૂર્વજન્મોના સંદર્ભમાં તમારા પરસ્પરના જોડાણો એક શકિતશાળી વિનોદરૂપે મને દેખાય છે, અને મારી પીડાના બોજામાંથી વિશ્રાંતી માટે મને મદદરૂપ બને છે.

હવે, હું તમને એક અન્ય ઉદાહરણ આપું છું. આ કોઈ અસામાન્ય ઘટના નથી. એક મુસ્લીમ તેના મૃત્યુ બાદ કબરમાં દફનાવાયો. કેટલાંક પુર્નજન્મો બાદ ફરીથી તે, તે જ મુસ્લીમ કુટુંબમાં જન્મ્યો. મુસલમાનોમાં મૃતાત્માની શુભયાત્રા માટે તેની કબર ઉપર અમુક સમયે, પ્રાર્થના કરવાનો રિવાજ છે. તેથી એવું બને છે કે તે કબ્રસ્તાનમાં પ્રાર્થના કરવા જાય છે ત્યારે અગાઉનાં જન્મોની તેની જ કબરે તે મહાશકિતશાળી ખુદાને બંદગી કરતા કહે છે –' ખુદા તમારી ૠહને જન્નત બક્ષે !' કેવી અર્થહિનતા ! કેવી કરૂણાત્મકતા !

જન્મ અને મૃત્યુરૂપી ચાક નિરંતર ફર્યા કરે છે. તમે નરરૂપે, નારીરૂપે, શ્રીમંત, ગરીબ, હોંશિયાર, ઠોઠ, તંદુરસ્ત, અશકત, શ્યામ, શ્વેત, જુદી–જુદી રાષ્ટ્રીયતા ધરાવતા જુદા–જુદા સંપ્રદાયો સહ–જન્મતા રહો છો, સ્વભાવગતઃ અને અનિવાર્ય જરૂરીયાત જેવી આ અનુભવોની સમૃદ્ધિ તમને દ્વંદ્વમાંથી પેલે પાર લઈ જવા મદદરૂપ બને છે. આ અનુભવોની સાથેસાથ, કર્મોનું દેવું ચૂકવતા ચૂકવતા તેનું વળતર મેળવતા અનંતગણું થતું જાય છે. આ હવાલો ચોખ્ખો કઈ રીતે થાય ? અવતાર અથવા વૈશ્વિક મન ધરાવતા સદ્‌ગુરૂ, મૂળ પ્રમાણે વૈશ્વિક જીવનને સાકાર કરે છે. તમે માત્ર તેમના દ્વારા, સદ્‌ગુરૂ દ્વારા આ કર્મોનાં કાર્યક્ષેત્રમાંથી મુકત થઈ શકો.

દરેક વ્યકિતનું જીવન મારા માટે ખુલ્લી કિતાબ જેવું છે. તે એક પ્રકારનો ફિલ્મનો ખેલ છે, જેને હું મારી કિંમતે માણું છું. બ્રહ્માંડ રૂપ સતત પરિવર્તનશીલ અને કદી અંત ન ધરાવતી આ ફિલ્મનો નિર્માતા કેવળ માત્ર હું જ છું જ્યાં તમારી કહેવાતી જાગૃત અવસ્થાથી, તમારી ખરી વાસ્તવિક જાગૃત અવસ્થા તરફ તમને લઈ જઉં છું. જ્યારે તમે આ અવસ્થાનો અનુભવ કરશો ત્યારે તમને હાલમાં ભોગવી રહેલી સ્વપનાવસ્થાની નિરર્થકતાનું ભાન થશે. આ માટે મારી કૃપા જરૂરી

છે. જ્યારે મારી કૃપા અવતરિત થાય છે, ત્યારે તે તમને મારા મય બનાવે છે.

## (૩૧) હું અનંત ચેતનાં છું :

માનો કે હું પ્રાચિનત્તમ એક છું. એક ક્ષણ માટે પણ શંકા ન સેવો. મારા બીજા કોઈ અસ્તિત્વની શકયતા જ નથી. તમે જે જુઓ છો તે શરીર હું નથી. આ તો માત્ર વસ્ત્ર છે, જે હું તમને મળું છું ત્યારે પહેરૂં છું. હું અનંત ચેતના છું. હું તમારી સાથે બેસુ છું, રમુ છું અને હસુ છું, પણ યુગપુરુષની રીતે અસ્તિત્વની બધી પર્તોએ મારૂં કાર્ય કરી રહ્યો હોઉં છું.

મારા પહેલાનાં સંતો, પૂર્ણ સંતો અને સદ્‌ગુરૂ આધ્યાત્મિક માર્ગનાં પ્રથમ ચરણનાં છે. તેઓ બધા મારા વિવિધ સ્વરૂપો છે. હું દરેકનો સ્ત્રોત અને સર્વસ્વ છું. મારામાંથી અનંતની અસંખ્ય શાખાઓ વિસ્તરી છે. હું સળંગને સમગ્ર રીતે તમારા સૌ માટે કાર્ય કરતો અને પીડા ભોગવતો રહું છું.

મારો પરમાનંદ અને મારી અસીમ વિનોદવૃત્તિ મને પીડા વેઠવામાં સહાયરૂપ બને છે. જે મનોરંજક ઘટનાઓ કોઈનાં પણ ભોગ વિના ઉભી થાય છે તે મારો ભાર હળવો કરે છે.

મારો વિચાર કરતા, મારામાં મગ્ન રહેતા, તમારા બધા પ્રયત્નોમાં આનંદી રહો અને હું તમને મદદ કરતો તમારી સાથે જ છું.

## (૩૨) હું ગીત છું :

ભવ્યતાની પેલે પારનો મારો એકમાત્ર અનુભવ એટલો અજોડ છે કે હું એક જ વખતે અસ્તિત્વગત બધું જ અને તેની પેલીપારનું બધું જ અનુભવું છું. હું ગીત છું, તેના શબ્દો છું, તેના અવાજની મીઠાશ છું, અને ગાયક પણ છું. હું જ સંગીતનું વાદ્ય છું, અને તેનો બજાવનાર છું, અને સાંભળનાર પણ છું અને તમારી ભૂમિકાએ, ગાયક જે ગીત ગાય છે તેનો અર્થ સ્પષ્ટ કરૂં છું.

## (૩૩) અનંતજ્ઞાન :

જે વર્તમાને બધે જ વિહરે છે તેના માટે કશું જ ગુપ્ત નથી, કેમ કે તે સર્વત્ર છે. અને તેથી તે સ્વાભાવિક જ છે કે કશું જ જેનાથી ગુપ્ત ન હોય, તે એક સર્વજ્ઞ પણ હોવો જોઈએ, કે જે સર્વનું જાણવા જેવું બધું જ જાણે છે.

હર સ્થળે, હર ક્ષણે જેનું દર્શન થાય તે જ અનંત– જાણકારી છે. તે જ્ઞાનની શરૂઆત નથી કે અંત નથી, તે અવિભાજ્ય છે અને સળંગ છે, તેમાં કશું ઉમેરી શકાતું નથી કે કશુંય બાદ કરી શકાતું નથી.

આ તે જ્ઞાન છે કે જેનાથી ઈશ્વર જે વસ્તુ અસંખ્ય યુગો પહેલાં બની ત્યારે જાણતો હતો તે આ ક્ષણે પણ જાણી શકે છે; આ તે જ્ઞાન છે જે પરમાત્માને એકીસાથે અને અત્યારે જ બધું જણાવી દે છે. આ સદ્‌ગુરૂઓ અને અવતારનું જ્ઞાન છે.

તમારે માટે સાદી ભાષામાં કહું તો એનો અર્થ એટલો જ કે તમે વ્યકિતગત રીતે અત્યારે જે જાણો છો તે હું યુગો પહેલા જાણતો હતો, અને હવે પછી આવનારા યુગોમાં અમુક સમયે વ્યકિતગત રીતે જે તમે જાણશો તે હું અત્યારે જાણું છું.

## (૩૪) સાર્વત્રિક શરીર :

પરમાત્મા તેની કલ્પના વડે સાર્વત્રિક મન, સાર્વત્રિક શકિત અને સાર્વત્રિક શરીર સર્જે છે જેની અંદર વ્યકિતગત મન, વ્યકિતગત શકિતઓ અને વ્યકિતગત શરીરો સાથે બધું જ સમાયેલું છે.

સાર્વત્રિક મન, સાર્વત્રિક શકિત અને સાર્વત્રિક શરીર પરમાત્માની કલ્પનાના અસ્તિત્વને કારણે છે. જેની અનંતતા અને શાશ્વતતા પરમાત્માનાં સમગ્ર અસ્તિત્વ રૂપે, બિન અસ્તિત્વરૂપે અવતરણ પામે છે.

વ્યકિતગત મન, વ્યકિતગત શકિતઓ કે વ્યકિતગત શરીરો તેમની આગવી રીતે કોઈ અસ્તિત્વ ધરાવતા નથી, પણ એ બિન–અસ્તિત્વગત અસ્તિત્વની અસરરૂપે હોય છે.

મારા સાર્વત્રિક શરીરમાં બધા સ્થૂળ શરીરો, અસંખ્ય અસ્તિત્વો અને સર્જનની દરેક વસ્તુઓ સમાયેલી છે. વ્યકિતગત સૂક્ષ્મ શરીરો અને માનસિક શરીરો (મનોમય જગત) મારા સાર્વત્રિક મન અને સાર્વત્રિક શકિતનાં ભાગરૂપે છે. સાર્વત્રિક શકિત અને સાર્વત્રિક મન (ચિત્ત)માં કશો ભેદ નથી.

સાગરનું કોઈ બિંદુ અહીં હોય કે ત્યાં હોય, સાગર, બિંદુના–સાગર સાથેનાં સંબંધમાં કોઈ ભેદ કરતો નથી. સાગરનું એક બુંદ બધી રીતે સાગર સાથે મળતું આવે છે.

પરમાત્મામાં પણ કશા ભેદ–વિભાજન નથી, સત્યનાં અવિભાજ્ય સાગર રૂપે શાશ્વત અસ્તિત્વ ઉત્થાન પામે છે.

## (૩૫) વિજળીનાં ચમકારે મોતીડા પરોવો :

હું બધું કેવી રીતે જાણું છું ? અનંતતાની પ્રકૃતિ જટીલ અને વિલક્ષણ ઘટના છે–વિશ્વ–અનંત રીતે સરળ છે. પણ તે જાણવું અને સમજવું અતિશય કઠીન છે. જ્યારે તમે સાર્વત્રિક મન, સાર્વત્રિક શકિત અને સાર્વત્રિક શરીર શું છે અને તેનો વ્યકિતગત મન, વ્યકિતગત શકિત અને વ્યકિતગત શરીર સાથે શું સંબંધ છે તે જાણશો ત્યારે તમને સમજાશે કે પૂર્ણ સદ્‌ગુરૂ બધું કેવી રીતે જાણે છે.

આ સઘળું વ્યાપક જ્ઞાન ઝબકારામાં–એકાદ ક્ષણમાં મેળવી શકાય,પણ આ બધું પળ માત્રમાં જાણવા માટે સમયની માયાજાળમાં અનંતકાળ લાગે છે તમારૂં અસ્તિત્વ ક્રમશઃ મૃત્યુ પામે છે, તમારા અસ્તિત્વનું આ મરવું એટલે તમારી જાતને પૂરેપૂરી પ્રભુમાં ખોઈ નાંખવી. તમારા અસ્તિત્વને પરમાત્મા રૂપે પામવું.

મડદામાં પ્રાણ પૂરવો તે બચ્ચાનાં ખેલ નથી તેમ તમારા નકલી અસ્તિત્વનું મૃત્યુ સહેલું નથી.

## (૩૬) જ્ઞાત અને અજ્ઞાત :

ઉચ્ચ તેમજ નીચ સ્તરનો બની હું મારા જ્ઞાનનો નિર્દેશ કરૂં છું એ જ સમયે અજ્ઞાની હોવાનો ઢોંગ પણ કરૂં છું.

અમુક ચોક્કસ ઘટના એકાદ માસમાં બનશે, તેમ જાણવા છતાં પણ હું એવી યોજના ઘડી કાઢું છું કે જાણે તે વર્ષો સુધી બનવાની નથી. વળી, અમુક પ્રસંગ વર્ષો સુધી નહીં બને, તેમ જાણતો હોવા છતાં તે નજીકનાં સમયમાં બનશે તેવી આશા રાખું છું.

જ્ઞાનમાં અજ્ઞાન છુપાયેલું છે પરંતુ અજ્ઞાનમાં જ્ઞાન નથી. સંપૂર્ણ જ્ઞાન ધરાવતો હું, તમારી કક્ષાએ સંપૂર્ણ અજ્ઞાનરૂપે અભિવ્યકત થઈ શકું છું. વાસ્તવમાં હું અનંતજ્ઞાન ધરાવું છું, અને તે મુજબ હું જાણતો હોઉં છું કે સો વર્ષો પછી શું બનશે, છતાં જ્યારે હું તમારી કક્ષાએ હોઉં છું ત્યારે અજ્ઞાન વ્યકત કરૂં છું.

સ્થૂળ સ્તરે અને સામાન્ય સંજોગોમાં પણ જ્ઞાન અને અજ્ઞાન સમાંતર રીતે સ્પષ્ટ બતાવી શકાય છે. દા.ત. તમે કહો 'હું તરવાનું જાણતો નથી.' આ આડકતરી રીતે એ સૂચવે છે કે તમે જે નથી જાણતા, તે તમે જાણો છો. તમે જે નથી જાણતા તેના વિષે જાણો છો–તેની તમને સમજણ નથી પડતી. આ 'જ્ઞાનનું અજ્ઞાન છે.'

આ જ રીતે હું કે જે જ્ઞાનરૂપ છું ને જ્ઞાનનું અજ્ઞાન વ્યકત કરતો રહું છું, બધું જાણતો હોવા છતાં હું કંઈ જાણતો નથી એવો ભાસ ઉત્પન્ન કરૂં છું.

## (૩૭) મરજી અને ચિંતા :

દ્વંદ્વ અલગતા લાવે છે, અલગતા ભય જન્માવે છે, ભય ચિંતામાં પરિણમે છે.

ઐકયનો રસ્તો સુખનો છે, અનેકતાનો પંથ ચિંતાનો છે. એકમાત્ર હું એવો છું કે જેને કોઈ બીજો નથી. તેથી હું શાશ્વત રીતે સુખી છું. તમે તમારા સ્વ(અસ્તિત્વ)થી વિખૂટા પડેલા છો, તેથી હંમેશા ચિંતા કર્યા કરો છો.

તમારા માટે જે દેખાય છે તે સત્ય છે, મારા માટે તે સંપૂર્ણ જૂઠાણું છે.

એકમાત્ર હું અસલી છું અને મારી ઈચ્છા વિશ્વની ગતિનું નિયમન કરે છે. એ વાત સાચી છે કે ઉછળતા મોજાઓને હું આદેશ આપું તો શમી જાય અને મારી ઈચ્છા વિના પાંદડું પણ ફરકી ન શકે.

જે ક્ષણે તમારી શ્રદ્ધા તીવ્ર બની મારી ઈચ્છામાં સમાઈ જાય, તે જ ક્ષણથી તમે ચિંતાને હંમેશને માટે અલવિદા કરી શકો છો પછી તમે જે કંઈ સહન કર્યું હશે કે આનંદ માણ્યો હશે અને જે ભવિષ્યમાં તમે અનુભવશો તે તમારા માટે મારી ઈચ્છાની સ્વયંસ્ફૂરિત અને પ્રેમાળ ક્ષણો હશે. હવે તમારે ચિંતાનું કોઈ કારણ નહીં રહે.

વર્તમાનમાં જીવવું વધુને વધુ સુંદર લાગશે કારણ કે ત્યાં ભૂતકાળ અને ભવિષ્યની ચિંતા નહીં હોય.

છતાંયે તમારે ચિંતા કરવી જ હોય તો સતત મારૂં સ્મરણ રહે તેવી ચિંતા રાખો, આ અજમાવી જોવા જેવી ચિંતા છે કારણ કે આનાથી તમારી બધી ચિંતાઓ ટળી જશે.

મારૂં વધુને વધુ સ્મરણ કરો તેનાથી તમારી ચિંતાઓ શૂન્યમાં ઓગળી જશે. મારી ઈચ્છા તમને નિશ્ચિંત બનવા સુધી જાગૃત રાખશે.

## (૩૮) મારી જ છાતી પર બોજ બની બેઠેલો વિનોદ :

સૌથી ઉચ્ચત્તમ કોટીનો તેમજ ડાહ્યો હોવા છતાં મૂર્ખ પણ ન કરે એવા મૂર્ખવેડા સભર વર્તન મેં કર્યું છે. આ મૂર્ખતાભર્યું મારૂં કાર્ય કયું છે ? સર્જન નું સર્જન કરવું.

સર્જન એ એક મહાન રમુજ છે—પરંતુ આ હસવું મારા પોતાના ભોગે છે અને હવે આ સ્વયં પરનો વિનોદ મારી છાતી પર ભારરૂપ, બોજારૂપ અનુભવાય છે. એટલો થાકી જઉં છું કે કયારેક એવી મરજી થાય છે કે સાતસો વર્ષ સુધી સૂઈ રહું.

મૂર્ખ માટે મૂર્ખવેડા કરવા બહુ સરળ છે. પરંતુ તમે કલ્પના કરી શકો છો કે જે પોતાની રીતે શાણપણનો દરિયો હોય અને ડહાપણ તેનો ગુણધર્મ હોય તેને તેનાથી વિરુદ્ધ હોય તેવા મૂર્ખવેડા કરવા પડે ! તેથી કહું છું કે તમને જરાપણ વિચાર સુદ્ધાં નથી આવતો કે જ્યારે હું કહું છું કે હું અતિ કંટાળી ગયો છું—તે માનવ સમજણથી બહાર છે.

## (૩૯) ચાર વિશિષ્ટ સ્પષ્ટતાઓ :

### :: જ્ઞાન ::

સદ્‌ગુરૂને કશું જાણવાનું હોતું નથી, તે જાણે છે.
તે જાણે છે કે જાણવા જેવું કશું જ નથી.

### :: હેતુ ::

અમુક એવા હોય છે કે જેઓ બીજાને ધિક્કારવામાં જ જીવન પસાર કરે છે; બીજાની ઈર્ષ્યા કરે છે અને બીજાને દુઃખી કરે છે; જ્યારે કેટલાંક બીજાઓને ચાહવામાં અને સુખી કરવામાં જીવન પસાર કરે છે. જેઓ ભગવાન સાથે ઐકય સાધે છે, તે સારા અને ખરાબ બન્ને માટે જીવે છે. પરમાત્મા સાથે ઐકય સાધવું એટલે પોતાની જાત સાથેનું તાદાત્મય ત્યજવું.

### :: અર્થ ::

સમજણનો કોઈ અર્થ નથી,
પ્રેમનો અર્થ છે.
આજ્ઞાંકિતતા ના ઘણા અર્થ છે.
મારા શરણે આવવું સૌથી શ્રેષ્ઠ અર્થ છે.

### :: પીડા ::

હું ત્રણ ચીજ જાણું છું.
બધા જ અર્થમાં હું અવતાર છું.
હું જે કંઈ કરૂં તે મારા અમર્યાદિત પ્રેમની અભિવ્યકિત છે.
તમારા અજ્ઞાનના કારણે હંમેશા અનંત આંતરવેદનાથી હું પીડાઉં છું.

## (૪૦) માયા એક આભાસી આવરણ :

ઈંદ્રજાળ રચયીતા ઉસ્તાદ માયા, જે શૂન્યમાંથી ભાસમાન જગતો બનાવે છે; તે માયા તેની ખાસ યુકિત દ્વારા મારી તંદુરસ્તી, શકિત, શબ્દો માટે ખાતરી કરાવતી હોય તેમ મારી વિરૂદ્ધ જઈ, મારા પ્રેમીઓની શ્રદ્ધા અને વિશ્વાસને પુરી માત્રામાં પરીક્ષણ કરાવે છે. પણ માયા મારા કાર્યથી વિરૂદ્ધ થવા માટે શકિતવિહિન

છે—કેમ કે માયાને જ સાધન બનાવી હું મારા કાર્યનું પરિણામ મેળવી લઉં છું.

મારા કાર્યની પૂર્ણતા માટે સાધનરૂપ બનતી માયા, હકીકતમાં ખરેખર તેની સંપૂર્ણશકિત વડે મારા કાર્યનું સર્વોત્તમ પરિણામ લાવે છે. માયા પ્રભુની અનંતતા નો અસીમ પડછાયો છે, અને તેથી, બિન—અસ્તિત્વ સિવાય અસ્તિત્વ ન ધરાવતી માયા ચોક્કસ રીતે; સહજ રીતે; એક અને માત્ર એક સત્ય પરમાત્મા છે; તેને માટે પગદંડી બની રહે છે. અને પછી પરમાત્મા 'તેની' ભવ્યતા પ્રગટ કરે છે.

સૂર્ય જ્યારે ક્ષિતિજે ઉદય પામે છે ત્યારે તેના કિરણો વસ્તુને તેનાથી ઘણી વિશાળ લંબાઈમાં પડછાયારૂપ પ્રદર્શિત કરે છે. પરંતુ સૂર્ય જ્યારે બરાબર માથા ઉપર હોય છે ત્યારે વસ્તુનો પડછાયો તળીએ એકદ્‌મ નાનો દેખાય છે. મારી લાચારી અને દીનતાપૂર્ણ વર્તમાન અવસ્થાએ; સત્યરૂપી સૂર્યનાં કિરણો મૂર્છિત અને નિર્બળ અનુભવાય છે અને માયાનો પડછાયો લાં...બો અનુભવાય છે. પરંતુ જ્યારે સૂર્ય જોનારનાં માથા ઉપર હોય છે ત્યારે તેનું આધિપત્યપણું; પડછાયાનું વસ્તુ કરતા અનેકગણું લંબાવું અદ્રશ્ય થઈ જાય છે. જ્યારે મારા દ્વારે પરમાત્માની ભવ્યતા સ્પષ્ટરૂપે નિર્દેશ થઈ અજ્ઞાનતાને નાબૂદ કરશે ત્યારે માયા ઉપર વિજય મળશે.


(પરમાત્મા) સૂર્ય સન્મુખ તમારો ચહેરો કરો અને તમારા વ્યકિતકેન્દ્રી માયાનો પડછાયો તમારી પાછળ પડશે અને અસ્તિત્વ ધરાવતો હોવા છતાં આ માયાનો ઓછાયો તમારા ઉપર સત્તા નહીં ચલાવી શકે...પરંતુ જો તમે સૂર્ય (પરમાત્મા) તરફ પીઠ કરશો તો માયારૂપી પડછાયો તમારી આગળ લંબાશે અને તમે તેની પાછળ દોરાશો. જો કે છતાંય તમે તમારી રીતે પડછાયાનો ઉકેલ નહિં લાવી શકો; જેમ—જેમ તમે સૂર્યની સન્મુખ પરમાત્મામય બનતા જશો, અને સંપૂર્ણ સમર્પિત થઈ જશો ત્યારે 'તેની' ભવ્યતા પડછાયાઓને (માયાને) હંમેશને માટે નામશેષ કરી નાંખશે.

## (૪૧) વાસ્તવિકતા અને ભ્રમણાનાં સંગમસ્થાને :

જે સમયનો હું નિર્દેશ કરતો આવ્યો છું તે આવી ગયો છે. વૈશ્વિક કાર્ય પ્રચંડરીતે મારા ઉપર ભાર મૂકી રહ્યું છે. માયા; અજ્ઞાનતાનો સિદ્ધાંત; તેની પૂરેપૂરી શકિત સાથે મારા કાર્યનો વિરોધ કરી રહી છે. તેથી, ખાસ કરીને, જેઓ મારી નજીક છે, તેઓ અતિ સાવધાન બની જાય. તમારા માટેનો મારો પ્રેમ જાણીને, માયા તમારી નબળાઈનો લાભ લેવા તકની રાહ જોઈ રહી છે. જે ક્ષણે તમે મારી સૂચનાઓને અવગણશો, ત્યારે માયાનો હેતુ પૂરો થઈ જશે. મેં માયા સામે એક મોટું યુદ્ધ છેડયું છે—તેનો નાશ કરવા માટે નહીં પણ તેની નિરર્થકતાથી તમને સજાગ કરવા. જે ક્ષણે તમે મને સંપૂર્ણરીતે આજ્ઞાંકિત થવામાં નિષ્ફળ જશો, માયા તેની પક્કડ વધુ મજબુત બનાવશે અને તમને સોંપાયેલ ફરજો અદા કરવામાં ઉણા ઉતરશો, આ મારી પીડા વધારશે.

પરમાત્મામાં ગૂંચ જેવું કશું જ નથી—પરમાત્મામાં તો અત્યંત આનંદ અને પ્રામાણિકતા છે. ભ્રમણામાં ગૂંચ; સંતાપ અને અંધાધૂંધી છે. માનવતાના શાશ્વત ઉદ્ધારક તરીકે હું ભ્રમણા અને વાસ્તવિકતાનાં સંગમસ્થાને છું; બરાબર આ જ વખતે વાસ્તવિકતાનો અનંત આનંદ અને ભ્રમણાની પીડા અનુભવી રહ્યો છું. એક હાથમાં વાસ્તવિકતા અને બીજા હાથમાં ભ્રમણા સાથે, હું સતત બન્ને તરફ તણાઈ રહ્યો હોઉં તેમ અનુભવી રહ્યો છું. આ મારૂં ઈશુનું ક્રૂસારોહણ છે. જ્યારે તમે માયાની પ્રપંચલીલાની બલીનો બકરો બની જાવ છો ત્યારે માયાનું ખેંચાણ તીવ્ર થાય છે અને તેનો પ્રતિકાર કરવા મારી જાતને ઉપયોગમાં લાવવી પડે છે. વાસ્તવિકતા અને ભ્રમણાનાં સંગમસ્થાને મારે ચિટકી રહેવું પડે છે, હું કયારેય વાસ્તવિકતા ઉપરની મારી પક્કડ ઢીલી નહિં થવા દઉં, જ્યારે ભ્રમણાનું ખેંચાણ ખૂબ જ વધી જશે ત્યારે મારો હાથ ભલે સાંધામાંથી છૂટો પડી જાય તો પણ હું હંમેશા જ્યાં છું ત્યાં જ રહીશ.

## (૪૨) મારા મસ્તકનું સૂચક નમન :




કુતુબ (પરમ્ સદ્‌ગુરૂ)નો શાબ્દિ અર્થ થાય છે 'આધાર' કે 'ધરી.' આમ કુતુબ–પરમ્ સદ્‌ગુરૂ–ધરી છે કે જેની ચોપાસ બધું સર્જન ગોળકારે ઘૂમે છે અને તે દરેક વસ્તુનું કેન્દ્ર બનતાં, ચેતનાની દરેક પર્તનું બધું જ તેનાથી સમાન અંતરે થાય છે.

ચેતનાની અલગ–અલગ ભૂમિકાએ ચીટકેલા તમારા વ્યકિતગત કે એકાંકી કાર્યની અભિવ્યકિત અને પરિણામ સીમિત છે. કેન્દ્રરૂપ મારૂં પ્રત્યેક હલન–ચલન; તેની ક્રિયા–પ્રતિક્રિયા, અભિવ્યકિત અને પરિણામ અમર્યાદિત છે.

દા.ત. : તમારા મસ્તકનું હલન–ચલન–સૂચક નમન તમારા જુદા–જુદા પ્રશ્નો, સંકેતો, મિજાજનો નિર્દેશ કરે છે. જેમ કે હું સુખી છું, હું દુઃખી છું, મેં ખાધું છે, મેં આરામ કરેલ છે, વિગેરે. પરંતુ દરેક હલન–ચલન કોઈ એકની અભિવ્યકિત કરે છે ને એક વસ્તુનો સંદેશ આપે છે. જ્યારે કેન્દ્રરૂપે; મારા મસ્તકનું સૂચક નમન અસંખ્ય ક્રિયાઓ–પ્રતિક્રિયાઓના તરંગોની સાથે ચેતનાની દરેક પર્તોએ ઉત્કર્ષ સાધે છે.

## (૪૩) દિવ્ય રમતનાં રમકડાં :

માત્ર અનંતનું જ અસ્તિત્વ છે અને તે અસલી છે; જે સીમિત છે તે નકલી અને નાશવંત છે.

પેલી પારનો મૂળ તરંગ સ્પષ્ટ રીતે અનંતના અવતરણ માટે કારણભૂત છે. જે સીમિત છે. તેના ક્ષેત્રમાં પણ દૃષ્ટિગોચર થાય છે. આ એક દિવ્યલીલા છે, અને આ દિવ્યલીલા અનંત ચેતનામય છે તે હંમેશ માટે સીમિત ચેતનાના સ્તરે ભૂમિકા ભજવે છે.

હું અનંત ચેતના છું કે જેના વડે માર્ગ ખોળી સીમિત ચેતનાઓની બધી અવસ્થાઓમાં ઉર્ધ્વીકરણ કરૂં છું. સૌથી મૂળભૂત અને સૌથી છેવટની ચેતનાની કક્ષાએ–પત્થર કે સંત મારા માટે સરખા અંતરે છે. તેથી બધા મારા સુધી પહોંચી શકે છે. હું માર્ગ છું. સ્થિર વફાદારી જ સંસ્કારગત પ્રભાવિત ચેતનાની બિમારીનો એકમાત્ર વાસ્તવિક ઈલાજ છે. મારા અમુક પ્રેમીઓની શ્રદ્ધા વધ–ઘટ થયા કરે છે ને તેથી આ માર્ગને સમજવામાં નિષ્ફળ જાય છે અને અહિં–તહિં મુકિત માટે ભટકયા કરે છે. પછી મારા માટે તેમની સુધારણા મુખ્ય બાબત બની જાય છે. ત્યારે અન્ય પ્રેમીઓ આશ્ચર્ય અનુભવે છે કે હું આવા લોકો તરફ શા માટે વધુ ધ્યાન આપું છું.

બાળક પાસે ઘણા રમકડાંઓ હોવા છતાં તેને અમુક જ રમકડાંઓથી જ રમવું વધારે ગમે છે; અને એકાદ તો એટલું પ્રિય હોય છે કે રાત્રે સૂતી વખતે પણ સાથે જ રાખે છે. જો કોઈક તેની પાસેથી છિનવી લે, તો તે પાછું મેળવવા હઠ કરે છે, અને જો કોઈ રમકડું તૂટી જાય તો તે જ રમકડું સાંધી આપવાની જીદ કરે છે – આના બદલામાં મળતા બીજા કિંમતી રમકડાંથી પણ તેનું સમાધાન થતું નથી.

મારી સાથે પણ આવું જ બને છે. હું બાળક છું અને વિશ્વ મારી રમતનું મેદાન છે, જે કંઈ જીવંત છે તે અને દરેક નિર્જીવ વસ્તુ મારા રમકડાં છે. મારી દિવ્ય રમતમાં પણ આ એવાં રમકડાંઓ છે જેને હું જીવન બક્ષતો પ્રેમ આપી પ્રેરણા આપું છું.

મારા માટે બધા સમાન છે. હું બધામાં કાયમી વસું છું, પણ અમુક મારા અતિપ્રિય છે અને જો કોઈ તેને મારાથી દૂર લઈ જાય, તો તે હું મેળવીને જ જંપુ છું. બીજાને આ બાબતે નવાઈ પામવાનો કોઈ હક્ક નથી કે શા માટે અમુકની સાથે મારે વધુ ઘરોબો છે.

## (૪૪) માત્ર પરમાત્મા જ છે :

અનંત ચેતના અસીમિત છે. કોઈપણ સ્થળે કે કોઈપણ કાળે 'તે' ઓછી કરી શકાતી નથી. દરેક ચેતના અસીમ અને અનંત ચેતનામાં સમાયેલી છે. બેહોશપણું પણ અનંત ચેતનાનો એક ભાગ જ છે. આ રીતે, અનંત ચેતનામાં બેહોશી પણ સમાયેલી છે તે નિભાવ કરે છે, આચ્છાદિત કરે છે, તેનાથી વિંધાય છે અને બેહોશીનો અંત લાવે છે. આ બધું અનંત ચેતનામાંથી ઉતરી અનંત ચેતના માટે વપરાય છે.

હું અનંત ચેતના છું, આ જાતની સ્પષ્ટ જાહેરાત કરી શકું છું કારણ કે હું અનંત ચેતના છું. હું સમગ્ર છું અને સમગ્રની પેલે પારનું બધું જ છું.

હું હંમેશા સભાન છું કે હું તમારામાં છું, જ્યારે તમે કદાપિ સભાન નથી કે હું તમારી અંદર છું. હું નિત્ય તમને સધિયારો આપતો રહું છું અને તમારી ચેતનાનો સહભાગી બનું છું. હવે હું તમને સ્પષ્ટ કહેવા માંગુ છું કે મને શ્રદ્ધાપૂર્વક વળગી રહો, જેથી કરીને એક દિવસ મારી ચેતનાનો આનંદ લૂંટી શકો. પરમાત્મા જ બધું છે, અને તે સિવાયનું બધું જ નિરર્થક છે. જે સમગ્ર છે તે જ સમગ્ર છે—ક્યારેય અંત ન પામતી આ ચેતનાની સતત અનુભૂતિ માનવને હોય છે પણ તે ખરેખર બેહોશીમાં હોય છે. હવા છે, પાણી છે, અગ્નિ છે, પૃથ્વી છે, પ્રકાશ છે, અંધકાર છે, પત્થર છે, લોખંડ છે, વનસ્પતિ છે, જીવજંતુ છે, માછલી છે, પક્ષી છે, પ્રાણી છે, માનવ છે, સારૂં છે, ખરાબ છે, દુઃખ છે, આનંદ છે; 'શું છે' તેનો અંત નથી—જ્યારે તે 'શૂન્ય છે' ત્યાં સુધી પહોંચે છે કે તત્ક્ષણ તેને સમજાય છે કે પરમાત્મા છે.

બધા જ સંજોગોમાં પરમાત્મા છે, તેનો સ્વીકાર કરવો માનવ માટે સહેલો નથી. વળી 'ભગવાનનાં' અસ્તિત્વનો દ્રઢ સ્વીકાર અતિ કપરો છે. છતાં અશક્ય નથી કારણ કે તેનો દ્રઢ સંકલ્પ જ તેને ઈશ્વરની અનુભૂતિ કરાવશે. આત્મ સાક્ષાત્કાર નો અર્થ એ કે તે હવે માનવ હોવાની સભાનતાને બદલે સ્વયંભૂ ઈશ્વર છે, ઈશ્વર હતો અને હંમેશા તે ભગવત્ પરાયણ રહેશે. તે બાબતે સભાન થવું.

બ્રહ્મપ્રાપ્તિ જ અંતિમ લક્ષ્ય છે. એવી ઝંખના માનવમાં જાણતા કે અજાણતા હોય છે. માનવ માટે સૌથી નજીકનો અને અંતસ્થ તેનો આત્મા જ છે. પણ હાસ્યાસ્પદ વાત એ લાગે છે કે તે આત્મા–પરમાત્માને અતિ દૂરનાં અંતરે અનુભવે છે. તેને લાગે છે કે જાણે આ યાત્રાનો કોઈ અંત જ નથી, આ માટે જન્મ–મરણરૂપી અસંખ્ય ધોરી માર્ગો અને ફાંટાઓમાંથી પસાર થવું પડશે, પરંતુ હકીકતે તેને કોઈ અંતર કાપવાનું નથી. માનવરૂપે ચૈતન્ય પ્રાપ્ત કરતા એ એક નિશ્ચિત લક્ષ્ય પર આવી પહોંચ્યો છે કે જ્યાં તે પોતાના આત્માની ઓળખાણ પામવા સક્ષમ છે. અહિં હજુ તે આ દિવ્ય નિયતિનો આત્મ સાક્ષાત્કાર કરી શકવા સમર્થ નથી કારણ કે હજુ તેનું ચિત્ત મનની સીમિત ભૂમિકાઓમાં ચોંટેલું છે અને વિધિની વક્રતા તો જુઓ કે આ જ મનરૂપી સાધનથી તેણે પરમને પામવું છે !

પોતે શું છે તે જાણવા માટે અને બેહોશીથી જાગૃતિનાં લક્ષ્યે પહોંચતા પહેલા ભ્રામક જ્ઞાનનો બોજો વેંઢારતો આવ્યો છે. તેને જાણકારીની વચગાળાની યાત્રાઓમાંથી પસાર થવું પડશે, માત્ર પ્રેમ દ્વારા જ તે ભ્રાંતિના જાળામાંથી બહાર નીકળી શકે અને અંતે અજ્ઞાનને દૂર કરી શકે. માત્ર પ્રભુ પ્રેમ જ આ ભ્રાંતિઓનો ઉકેલ લાવી શકે. જ્યારે ભ્રાંતિ ક્યારેય ઈશ્વર પ્રેમમાં ઓટ લાવી ન શકે. પ્રભુને પ્રેમ કરવાનું શરૂ કરો અને આ માટે તમે જેને નથી ચાહતા તેને ચાહવાનું શરૂ કરો. તમે અનુભવશો કે આ બીજાની સેવા કરતાં–કરતાં તમે તમારી જ સેવા કરી રહ્યા છો. જ્યારે ભલાઈ અને ઉદારતા સાથે તમે બીજાનું સ્મરણ કરશો ત્યારે તમારી જાતને ઓછી સંભાળતા થશો, અને જ્યારે સંપૂર્ણપણે તમારી જાતને ભૂલી જશો ત્યારે પ્રેમનાં સ્ત્રોત તરીકે મને અનુભવશો.

તમામ પ્રકારનું પોપટિયું જ્ઞાન છોડો. જે તમને ખરેખર સાચું લાગે, સહજ લાગે, તે પ્રમાણેનો વ્યવહાર શરૂ કરો. શ્રદ્ધા અને માન્યતાઓનો દેખાડો ન કરો. હું તમને ધર્મ છોડવાનું નથી કહેતો; પણ ધર્મનાં સત્વને બદલે છોતરાને વળગી રહેવાનું બંધ કરો. બધા ધર્મોમાં રહેલા મૂળ સુધી પહોંચવા ધર્મની પણ પાર જાવ. એકાંતની ક્ષણોથી જ ઈશ્વરની મહાન પ્રસાદી સાંપડશે. પરંતુ માનવજાત બહેરી બની તેની મેઘગર્જના સાંભળતી નથી ત્યારે પરમાત્મા મનુષ્યરૂપે અવતરે છે. માયામય બની ગયેલી આ માનવજાતને મર્યાદામાંથી મુકત કરવા અમર્યાદિત પરમાત્મા, ચેતના જેમની નિયતિ છે તે તરફ દોરી જવાની જવાબદારી સ્વીકારે છે. આ વૈશ્વિક કાર્ય માટે તેઓ મનુષ્ય શરીર ધારણ કરે છે; જેવો તેનો હેતુ પૂરો થઈ જાય કે તુરત જ આખરી આત્મબલિદાન રૂપે તેમના શરીરનો ત્યાગ કરે છે.

પરમાત્મા પુનઃ પુનઃ જુદા–જુદા સ્વરૂપે આવતા રહે છે, અને એક જ સત્યની અભિવ્યકિત જુદી–જુદી ભાષામાં થતી રહે છે–પરંતુ તે પ્રમાણે કેટલાં જીવે છે ? પરમાત્માનાં પરમ્ સત્યને પામવાને બદલે, લોકો યંત્રવત્ ધર્મ ઉભો કરી આશ્વાસન મેળવતા રહે છે–જ્યારે ભીંસ પડે ત્યારે હાથવગા સાધન તરીકે સદ્વિવેક વગર તેઓ પ્રણાલીઓને અનુસરવા લાગી જાય છે. ઈશ્વરી સંદેશ પ્રમાણે જીવવાની લોકોની અશકિતને કારણે મિથ્યા અનુકરણમાં પડી જાય છે. કેટલા ખ્રિસ્તીઓ ક્રાઈસ્ટનાં સંદેશ–'બીજાનાં ઉદ્ધત વર્તનને સહન કરો' કે 'તમારી જાત પ્રમાણે બીજાને ચાહો' ને અનુસરે છે ? 'માત્ર ખુદાનો આશ્રય લો'–આ મોહમ્મદનાં વચનને કેટલા મુસ્લીમો પાળે છે ? 'સદાચારી બનો'–આ કેટલા હિંદુઓ પાળે છે ? બુદ્ધે સમજાવેલ કરૂણામય જીવન કેટલા બૌદ્ધ ધર્મીઓ પાળે છે ? જરથ્રુસ્તનું આ વચન–'સાચું વિચારો, સાચું બોલો અને સત્યનું પાલન કરો' કેટલા પારસીઓ પાળે છે ? ઈશ્વરનાં સત્યની ઉપેક્ષા ન થઈ શકે. માનવી તો તેની ઉપેક્ષા કરે જ છે તેની ભયંકર પ્રતિકૂળ અસરો પેદા થાય છે, પરિણામે તિરસ્કાર, ઘર્ષણાત્મક વિચાર– ધારાઓ અને યુદ્ધ, પૂર, દુષ્કાળ, ધરતીકંપ અને બીજી કમનસીબ ઘટનાઓમાં દુનિયા કુદરતની બગાવતને જુએ છે. છેવટે જ્યારે પીડાની ભરતી ધસમસતા પૂરની જેમ ફેલાય છે ત્યારે પરમાત્મા માનવરૂપે ઉદય પામી

માનવજાતને આ વિનાશ સ્વનિર્મિત દુર્ગુણોને કારણે છે તે સમજાવી સત્યનો રસ્તો પુનઃ પ્રસ્થાપિત કરે છે.

મારૂં મૌન અને તૂટું તૂટું થઈ રહેલું મારૂં મૌન **[Silence]** માનવજાતને અજ્ઞાનતાના અસંખ્ય પ્રવાહોથી બચાવી; વૈશ્વિક એકતાની દિવ્ય યોજનાની પૂર્તિ માટે છે. મારા મૌનનું તૂટવું ભગવાનના વૈશ્વિક ઐકયને પ્રદર્શિત કરશે, અને માનવ સાથે વૈશ્વિક ભાઈચારો લાવશે. મારૂં મૌન જરૂરી જ હતું. મારૂં મૌન તૂટવાનું પણ બનશે–તુરત જ.

## (૪૫) ઉથલપાથલ :

જ્યારે અણુ વિસ્ફોટ થાય છે ત્યારે અસીમ ઉર્જા ઉત્પન્ન થાય છે. એ જ પ્રમાણે જ્યારે મારૂં મૌન તૂટશે અને હું શબ્દનું ઉચ્ચારણ કરીશ ત્યારે અસીમ પ્રજ્ઞા પ્રકટશે.

જ્યારે અણુ બોમ્બ પૃથ્વી ઉપર ત્રાટકે છે, ત્યારે મહાવિનાશ ફેલાય છે. એ જ રીતે હું શબ્દ ઉચ્ચારીશ ત્યારે તે બ્રહ્માંડ સાથે અથડાઈને ભૌતિક વિનાશ વેરશે. પરંતુ સાથોસાથ એક જબ્બર આધ્યાત્મિક ક્રાંતિ સર્જાશે.

## (૪૬) પુરાણપુરૂષ :

હું રામ હતો, કૃષ્ણ હતો, હું આ હતો કે તે હતો અને હવે મહેરબાબા છું. આ લોહી–માંસના સ્વરૂપમાં હું એ જ પુરાતન તત્વ છું જે નિત્ય પૂજાયો છે અને ભૂલાયો છે. હંમેશા જેનું સ્મરણ–વિસ્મરણ થયું છે.

હું તે પુરાતન પુરૂષ છું જેના ભૂતકાળની પૂજા કરી યાદ કરવામાં આવે છે, જેના વર્તમાનને અવગણવામાં આવે છે અને ભૂલી જવાય છે, અને જેના ભાવિ આગમનની ઉત્સાહપૂર્વક રાહ જોવાય છે.

## (૪૭) પ્રશ્ન અને તેનો ઉત્તર :

પ્રશ્ન માત્ર એક જ છે. એક વખત તેનો જવાબ જાણી લો પછી બીજો કોઈ પ્રશ્ન રહેતો નથી. તે એક જ 'મૂળભૂત પ્રશ્ન' છે. તે મૂળભૂત પ્રશ્નનો આખરી જવાબ પણ એક જ છે. પરંતુ આ 'પ્રશ્ન' અને 'ઉત્તર'નાં વચગાળામાં અનેક નિરર્થક જવાબો છે.

આ નિરર્થક જવાબો જેવા કે–હું પત્થર છું, હું પક્ષી છું, હું પુરૂષ છું, હું સ્ત્રી છું, હું મહાન છું, હું અલ્પ છું – આ બધા જવાબો ફરી–ફરીને આવતા રહે છે, મેળવાતા રહે છે. ચકાસવામાં આવે છે અને ત્યાં સુધી નકારતા રહે છે કે જ્યાં સુધી તેનો સાચો અને આખરી જવાબ 'હું પરમાત્મા છું' ન મળે.

અતૂટ અનંતતાનાં ઉંડાણમાંથી એક જ પ્રશ્ન ઉદ્‌ભવે છે,–'હું કોણ છું ?' આ પ્રશ્નનો એક જ ઉત્તર છે–'હું પરમાત્મા છું!'

પરમાત્મા અસીમ છે, અને 'તેની માયા' પણ અસીમ છે. વાસ્તવિકતા ઐક્યમાં પરિપૂર્ણ છે. ભ્રમણા–અનેકતામાં પરિપૂર્ણ છે. અનંતતાનાં ઐક્યમાંથી ઉદ્‌ભવેલો એક પ્રશ્ન ઉત્તરોની અનંત ભૂલભૂલામણીમાં ભટકે છે. જે ઉત્તરો તેના પોતાનાં જ અનંત શૂન્યતાના પોકળ સ્વરૂપમાંથી ઉઠેલા વિકૃત પડઘાઓ જ છે.

## (૪૮) ટકાવારી :

**અન્ન ભૂમિકા** : પરમાત્મા ૧૦૦ %, દિવ્યતા ૧% = આત્મા તરફનું વલણ

**પ્રાણ ભૂમિકા** : પરમાત્મા ૧૦૦ %, દિવ્યતા ૨૫ % = આત્મા તરફ પ્રેરણા

**મન ભૂમિકા** : પરમાત્મા ૧૦૦ %, દિવ્યતા ૫૦ % = આત્મા મારફત પ્રકાશિત થવાની ક્રિયા

**વિજ્ઞાન ભૂમિકા** : પરમાત્મા ૧૦૦ %, દિવ્યતા ૧૦૦ % = આત્મ સાક્ષાત્કાર

## (૪૯) પરમાત્મામાં રહેલ અનંત આત્માઓ :

- શરીર
- પ્રાણ
- મન

- સ્થૂળ
- સૂક્ષ્મ
- મનઃશરીર

: પરમાત્મા :

Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ Ⓕ

એ થી એફ બધા આત્માઓ પરમાત્મામાં છે.

Ⓐ આત્મા, શરીર, પ્રાણ અને મનથી સભાન નથી કે નથી પોતાનાથી (આત્માથી) સભાન અને જેને સ્થૂળ, સૂક્ષ્મ કે મનસઃ દુનિયાનો અનુભવ નથી કે નથી પરમાત્માનો અનુભવ.

Ⓑ એવો આત્મા છે કે જે શરીરથી સભાન છે પણ પ્રાણ અને મનથી સભાન નથી કે આત્માથી પણ સભાન નથી. તેણે સ્થૂળ શરીરનો અનુભવ કર્યો છે પરંતુ સૂક્ષ્મ ને મનસઃ શરીરનો અનુભવ નથી કે નથી પરમાત્માનો અનુભવ.

Ⓒ એવો આત્મા છે કે જે પ્રાણથી સભાન છે પણ તેને નથી શરીર કે મનની સભાનતા, કે નથી આત્માની સભાનતા. સૂક્ષ્મ દુનિયાનો અનુભવ કર્યો હોય છે પણ સ્થૂળ મનસઃ દુનિયાનો અનુભવ નથી હોતો કે પરમાત્માનો અનુભવ નથી હોતો.

Ⓓ એવો આત્મા છે કે જે મનથી સભાન હોય છે, પરંતુ શરીર કે પ્રાણથી કે આત્માથી સભાન નથી હોતો. જેને મનસઃ શરીરનો અનુભવ હોય છે પરંતુ સ્થૂળ અને સૂક્ષ્મ દુનિયાનો કે પરમાત્માનો અનુભવ નથી હોતો.

Ⓔ એવો આત્મા છે કે જે શરીર, પ્રાણ કે મનથી સભાન નથી હોતો પરંતુ આત્માથી સભાન હોય છે. તેને સ્થૂળ, સૂક્ષ્મ કે મનનાં સ્તરની દુનિયાનો અનુભવ નથી હોતો, પરંતુ પરમાત્માનો અનુભવ હોય છે.

(F) એવો આત્મા જે શરીર, પ્રાણ અને મન વિષે સભાન હોય છે અને આત્મા વિષે પણ સભાન હોય છે. તે સ્થૂળ, સૂક્ષ્મ મનનાં સ્તરની દુનિયાનો અને પરમાત્માનો અનુભવ કરે છે.

**ABCD,** પરમાત્મામાં છે, પણ આત્મા (પોતાના) વિષે સભાન નથી અને પરમાત્માનો અનુભવ નથી.

**EF,** ઉપરની જેમ પરમાત્મામાં છે, તે આત્મા વિશે સભાન છે, અને પરમાત્માનો અનુભવ પણ છે.

**E,** આત્માની અવસ્થા, આત્માનું લક્ષ્ય છે.

આ બધાનો સાર આ પ્રમાણે છે.

**A** (જે શરીર, પ્રાણ અને મન વિષે સભાન નથી), તેને **E,**ની અવસ્થાએ પહોંચવા માટે (જે પણ શરીર, પ્રાણ અને મન વિષે સભાન નથી) તેણે સફળતાપૂર્વક **B,C** અને **D,** ની અવસ્થાઓ (શરીર, પ્રાણ અને મન વિષે સભાન) આવશ્યકપણે પસાર કરવી પડે.

બધા આત્મા પરમાત્મામાં છે. પરમાત્મા અસીમ છે. અસીમ પરમાત્મામાં જ અસીમ આત્માઓ છે માટે :

**A,** શાશ્વત અસીમ છે.

**B,** અગણિત છે, સ્થૂળ નિર્દેશ કરતા, રજકણથી સમગ્ર સ્થૂળ માનવ અસ્તિત્વ નો અગણિત પ્રમાણે બધાનો સમાવેશ કરે છે.


**C,** માં સૂક્ષ્મ આત્માઓનો મર્યાદિત સંખ્યામાં સમાવેશ થાય છે.

**D,** મનની ભૂમિકાએ સભાન એવા કેટલાંક આત્માનો સમાવેશ થાયછે.

**E,** પરમાત્માની અનુભૂતિવાળા ખૂબ જ થોડાં આત્માનો જ જેમાં સમાવેશ થાય છે.

**F,** જેમાં પાંચ કુતુબ જીવન મુકત અને પરમ્હંસનો સમાવેશ થાય છે.

## (૫૦) એક અને શૂન્ય :





ઈશ્વર એક જ છે એવું સામાન્ય રીતે કહેવાય છે. આપણે 'એક' શબ્દને 'ઘણા'ના વિરોધાર્થી તરીકે વાપરીએ છીએ. 'એક' એટલે ઈશ્વર કે વાસ્તવિકતા, 'ઘણા' એટલે ભ્રાંતિ અથવા સર્જન.

છતાં પણ, ભારપૂર્વક જણાવીએ તો; કોઈ સંખ્યા, 'એક' પણ તે 'એક' ને કે જે અવિભાજ્ય છે તે 'એક' ને વર્ણવી શકે નહિં. માત્ર 'તે એક જ' તે વિષે કહી શકે, બીજો નહિં. 'એક' કહેવું પણ ખોટું છે. આપણે એમ નથી બોલતા કે 'સાગર એક' છે. તે માત્ર સાગર જ છે. 'એક' સહજ છે.**[IS]**

'એક' એ સંપૂર્ણ અખંડ છે અને સાથોસાથ 'એક'ની સમગ્ર શ્રેણી પણ છે. ભ્રમણા 'શૂન્ય' છે અને સાથોસાથ શૂન્યની શ્રેણી પણ ધરાવે છે. તેના સ્થાન અને 'એક'ના સંબંધમાં આ 'શૂન્યો' ની કોઈ કિંમત નથી. વાસ્તવમાં શૂન્યોનું અસ્તિત્વ નથી. ભ્રમણામાં તેનું અસ્તિત્વ ભાસે છે. પરંતુ છે તો 'મહાશૂન્ય.'

## (૫૧) એક મૂળભૂત વાસ્તવિક શૂન્ય :




ક્ષ.શૂ. = ક્ષણિક શૂન્ય

મૂળભૂત સત્ય સર્વસ્વ અનંત અને શાશ્વત છે. સર્વસ્વને લીધે જે મૂળ ભૂત સત્ય શૂન્ય છે તેને પણ પોતાનામાં સમાવિષ્ટ કરે છે. શૂન્ય એ સર્વસ્વનો પડછાયો (માયા) છે.

સર્વસ્વ 'અનંત' અને 'શાશ્વત' હોવાથી; તેનો પડછાયો પણ અનંત અને શાશ્વત હોવો જોઈએ. ઘણી વખત પડછાયો નાનો દેખાય છે અને ઘણીવાર પોતાનો આકાર બહુ જ લાંબો દેખાય છે. પણ જ્યારે એમ લાગે કે તે વિલીન થઈ ગયેલ છે ત્યારે પણ સર્વસ્વમાં અપ્રગટપણે હોય છે. સર્વસ્વમાં સમાવિષ્ટ શૂન્ય અનંત અને શાશ્વત શૂન્યો—ભ્રામક સર્વસ્વનું સર્જન—ની મૂર્ત કલ્પના બતાવે છે.

મૂળભૂત સત્ય સર્વસ્વ એક અનંત અને શાશ્વત છે. વાસ્તવિક સત્ય શૂન્ય સર્વસ્વ ખરાપણાની રીતે એક અનંત અને શાશ્વત છે. પરંતુ સર્વસ્વમાંથી મૂર્તરૂપે કલ્પિત થયેલા આ 'વાસ્તવિક શૂન્ય' અસંખ્ય શૂન્યો; જેનું સર્જન સહજ છે તેને અસંખ્ય રીતે બેવડું આરોપિત કરે છે.

આ શૂન્યોની સાથે અસંખ્ય હંગામી શૂન્યો છે, જેવા કે હકિકતે તમારી સાથે શું છે ? કશું જ નહિં (શૂન્ય). 'તમે શાનાથી પોષાયા ?' કશાથી નહિં (શૂન્ય). 'તમારા હાથમાં શું છે ?' કશું જ નહિં (શૂન્ય). 'તમે શું જુઓ છો ?' શૂન્ય. આમ મૂળભૂત વાસ્તવિક શૂન્ય કે જે અનંત છે તેમાંથી સર્જાયેલ ભ્રામક સર્વસ્વ; ક્રિયા અને પ્રતિક્રિયાઓરૂપી અસંખ્ય શૂન્યો સહ શૂન્યતાનો અનુભવ કરાવે છે.

મૂળભૂત વાસ્તવિક સર્વસ્વ કે જે અનંત અને શાશ્વત છે; તેમાં મૂળભૂત વાસ્તવિક શૂન્ય પણ છે. અસંખ્ય શૂન્યો એક મૂળભૂત વાસ્તવિક શૂન્યમાંથી પ્રગટે છે. અને આ શૂન્યોમાંથી હંગામી શૂન્યોની હારમાળા સતત પ્રવાહિત થાય છે. અને તેથી એક મૂળભૂત વાસ્તવિક શૂન્યની સાથે કશું જ નથી, કશી—વસ્તુ **[No-Thing]** પણ નથી. જ્યારે તમે આ શૂન્યોને એક મૂળભૂત વાસ્તવિક શૂન્ય સાથે સરખાવો છો ત્યારે તેઓ ખરેખર કશું જ નથી.

શૂન્ય સર્વસ્વમાં સમાયેલું છે; સર્વસ્વ, શૂન્ય સિવાય સંપૂર્ણ પરિપૂર્ણ થઈ શકે નહિં.

શૂન્ય કે જે સર્વસ્વમાં નિહિત છે તે શૂન્યને જન્મ આપે છે, જે સર્વસ્વ હોય તેવું ભાસે છે. કેમ કે શૂન્ય સર્વસ્વનો આભાસ પેદા કરે છે.

ચો–તરફ થતી બધી જ પ્રવૃતિઓ, સર્વસ્વ અને શૂન્યનો ખેલ છે. જ્યારે આ પ્રવૃતિનો પૂર્ણ અંત આવી જાય છે, ત્યારે શૂન્યનું પ્રભુત્વ છવાઈ જાય છે. જ્યારે તમે આ 'શૂન્ય'ને પ્રાપ્ત કરો છો ત્યારે તમને સર્વસ્વ મળી જાય છે. તેથી સાપેક્ષ રીતે, શૂન્ય એ સર્વસ્વ છે, જ્યારે આપણે જેને 'સર્વસ્વ' કહીએ છીએ તે 'શૂન્ય' છે.

## (પર) સર્જનની પ્રક્રિયા :

પરમાત્મા અનંત અને શાશ્વત છે અને તેની કલ્પના પણ અસીમિત અને શાશ્વત છે. પરમાત્માની કલ્પના પણ અંત વિનાની છે; અને તેમની કલ્પનાનું સર્જન પણ અંત વિના વિસ્તરતું રહે છે. માનવ તેની સીમિત કલ્પના વડે આ કલ્પનાને કઈ રીતે અનુમાની શકે ? માનવીની બુદ્ધિનું સૌથી ઉચ્ચત્તમ ઉડ્ડયન પરમાત્મા વિશેની ધૂંધળી કલ્પના પણ ન કરાવી શકે અને પરમાત્માની વાસ્તવિકતા તો આનાથી પણ પર છે. જ્યારે તમે પરમાત્માની કલ્પનાને પણ કલ્પી શકતા નથી, ત્યારે તેની વાસ્તવિકતાને પામવી તો અશકય જ કહેવાય.

પૃથ્વીથી બહુ ઉંચે જે અમર્યાદિત વિસ્તરીત રાજ્ય કહેવાય છે તે અંતરિક્ષમાં કેટલાંય વિશ્વો સતત સર્જાતા રહે છે; નિભાવાતા રહે છે અને નાશ પામતા રહે છે. પરમાત્માની કલ્પના થતી રહે તેમ આ સર્જનની પ્રક્રિયા અવિરતપણે ચાલતી રહે છે. જ્યારે પરમાત્મા આ કલ્પનાને મોકુફ રાખે છે, શાશ્વતતાની ક્ષણોમાં પોતાને પાછા ખેંચી લે છે ત્યારે તેમની આ ગાઢ નિંદ્રાવસ્થામાં બધું સર્જન પાછું ખેંચાઈ મહાપ્રલય રૂપે વિસર્જિત થઈ જાય છે.

સર્જન–પાલન અને વિસર્જન અજ્ઞાન આધારિત છે. હકિકતમાં સર્જન જ નથી તો પાલન કે વિસર્જનનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. અજ્ઞાનને લીધે વિશ્વમાં આવી બિનપાયાદાર માન્યતા ફેલાયેલી છે.

અજ્ઞાન માને છે: જગત એ એક વાસ્તવિકતા છે. જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા, સંપત્તિ, માન ખરેખર છે.

જ્ઞાન જાણે છે: જગત એ એક સ્વપ્ન છે. એક માત્ર પરમાત્મા જ વિદ્યમાન છે.

## (૫૩) ઝાંઝવાના જળ :

ચો–તરફ ઝઘડા, અવિશ્વાસ, અસંતોષ અને દરેક પરિસ્થિતિ સામે બંડ પોકારતી આ જગતની સ્થિતિ પોકળ સ્વપ્નવત્ ભાસે છે. તે સાબિત કરે છે કે શાશ્વત વાસ્તવિકતા, ભૌતિકતાથી ઘણાં આગળનાં ઉચ્ચતમ સ્થાને છે. જ્યાં સુધી આ 'વાસ્તવિકતા' જ નહિં સમજાય ત્યાં સુધી વિજ્ઞાનની સુખાકારીની બધી શોધો કે જે સંતોષ અને સુખ આપવા પરિણમી છે તે તેનો આનંદ ગુમાવતી જ રહેશે. માનવ વિચારે છે કે આવી સફળતા અને આનાથી વિશેષતઃ સફળ થઈ શકાય તેવી સ્થિતિ અગાઉ કયારે સર્જાઈ ન હતી; પરંતુ હકિકત એ છે કે આના લીધે તો અવિશ્વાસ, અસંતોષ અને વ્યથા, દુઃખ, સંતાપ જ સર્જાયા છે. વિજ્ઞાને આપેલા વચનો પોકળ સાબિત થયા છે અને તેનું દ્દષ્ટિબિંદુ ખોટું ઠર્યું છે.

માત્ર વાસ્તવિકતા જ ખરેખર છે, અને એક માત્ર સત્ય કહી શકાય કે વાસ્તવિકતા જ અસ્તિત્વ ધરાવે છે. બાકીનું જે દેખાય છે તે અસ્તિત્વ ભ્રમણામાત્ર છે. લોકોનાં હૃદયમાં રહેલું હૃદય આ જાણે છે છતાં; અમુક સમય માટે ભ્રમણાનાં વચનોથી ભરમાઈ જાય છે અને તેઓને વાસ્તવિક માની બેહદ મિથ્યા કલ્પનાને કારણે આવેલ કંટાળા અને સંતાપને ભોગવે છે. સામાન્ય લોકોની આવી હાલત છે. 'હું' પણ કંટાળી ગયો છું અને દુઃખી બની ગયો છું. જ્યારે 'હું' તો મુકત છું, તો મને આમ શા માટે થવું જોઈએ ? કારણ કે બુદ્ધ કહે છે તેમ : "હું શાશ્વત રીતે મુકત છું અને શાશ્વત રીતે બંધાયેલો છું, હું લોકોનાં બંધનોથી બંધાયેલો છું અને તેમની વ્યથાઓથી, દુઃખથી કંટાળેલ છું." વૈજ્ઞાનિકો પણ પોતાના જ્ઞાનથી હતાશ છે કેમકે પેલીપારનાં જ્ઞાનનું અજ્ઞાન તેમને ભયભીત કરે છે. હવે એ સમય દૂર નથી કે જયારે તેઓ સ્પષ્ટપણે જણાવી દે કે અનંત, શાશ્વત, 'વાસ્તવિકતા' પરમાત્મા છે, તે કોઈ કાળે બુદ્ધિથી સમજી શકાય નહિં.

સામાન્ય માનવ, જે સંપૂર્ણરીતે કંટાળી ગયો છે, તે ભૌતિકતાનાં વચનો, આશ્વાસનોથી છેતરાયો હોવાનું અનુભવી, બધામાંથી શ્રદ્ધા ગુમાવી હોવા છતાં, તેનામાં જે જન્મજાત વાસ્તવિકતામાં શ્રદ્ધા છે, પરમાત્મામાં શ્રદ્ધા છે, તે ચુકતો નથી. દેખીતી શંકા અને અવિશ્વાસ તેના મનમાં હોવા છતાં તેના હૃદયને સ્પર્શતી નથી. પીટર તરફ જુઓ. તે ક્રાઈસ્ટનો વિરોધ કરતો હતો. તેના મનનાં દુ:સાહસના કારણે તે આમ માનતો પણ હૃદયથી તે જાણતો કે ક્રાઈસ્ટ શું હતા. સામાન્ય માનવ ક્યારેય શ્રદ્ધા ગુમાવતો નથી. તે એવો છે કે જેને પવર્તની થોડી ઉંચાઈ અનુભવી છે પણ ઠંડી અને શ્વાસની તકલીફને અનુભવતા તળિયે પરત ફર્યો છે. પરંતુ વૈજ્ઞાનિક મન શિખરની ટોચે જઈ ઠંડુગાર બની મૃત્યુને વરે છે. પરંતુ તેનું મન વિશાળતાથી એટલું બધું ગડથોલાઈ જાય છે કે નિરાશાની ઉંડી ગર્તામાં ધકેલાઈ પરમાત્માની ખોજ તરફ વળે છે–તે પરમાત્મા તરફ કે જે એકમાત્ર વાસ્તવિકતા છે.

## (૫૪) અબઘડી :

ખગોળશાસ્ત્રીઓ સમય દર્શાવવા માટે 'લાખો', 'અબજો' એવા શબ્દનો ઉપયોગ કરે છે. આ શબ્દો પણ આંકડાકિય ગણતરી માટે પૂરતા નથી. આથી તેના માટે નવા શબ્દો જરૂરી છે.

જો મારે ખગોળની ભાષામાં સમયના આદિ અને અંત સમજાવવાના હોય તો શાશ્વતતાનાં પ્રવાહમાં સમયની શરૂઆત કે અંતની ગણતરી ન થઈ શકે.

દરેક વિતેલી ક્ષણ માટે ભૂતકાળ અને આવનારી ક્ષણ માટે ભવિષ્યકાળ હોય છે. ભૂત અને ભવિષ્યને જોડનારી કડી તે શાશ્વતનાં પ્રવાહમાં અબઘડી છે.

કલ્પના વિહારમાં શાશ્વતતમાં કે વર્તમાન ક્ષણનાં આદિ અંત વિશે વિચારતાં સમયનાં માપમાં કોઈ ઉમેરો કે ઘટાડો કરી શકે પરંતુ તે શૂન્યમાં વધારા–ઘટાડાથી કંઈ ફેર પડતો નથી.

અબજો વર્ષોનાં સમયના ચક્રાવામાં પણ શાશ્વત સમયનાં પ્રવાહમાં વર્તમાન ક્ષણે–'અબઘડી'નો રજમાત્ર ખ્યાલ આવી શકે તેમ નથી.

## (૫૫) પરમાત્માનું અસ્તિત્વ :

વાસ્તવમાં એક જ પરમાત્મા છે, ભ્રાંતિમાં અનેક છે. પરમાત્મા એક જ છે કે અનેક તે બાબતમાં મૂંઝવણ અનુભવાય છે તેનું કારણ છે કે પરમાત્મા અનંતપણે 'એક' છે.

એક જ પરમાત્મા છે એમ કહેવું પણ ખોટું છે. પરમાત્માની એટલી બધી સર્વવ્યાપકતા છે કે તે માત્ર એક છે એમ કહી શકાય નહિં. માત્ર એટલું કહી શકાય કે 'એક' છે. પરમાત્મા શબ્દ તેની ઓળખ માટે નામ આપવાનો પ્રયત્ન માત્ર છે, હકિકતે પરમાત્માનું કોઈ નામ જ નથી. પરમાત્મા એક છે એમ કહેવું એ બે હોવાની શકયતાનો ઈશારો કરે છે. અનેક પરમાત્મા છે એમ કહેવું એ ગાંડપણ છે.

એ 'એક' જ પરમાત્મા છે જે અનેક પાત્ર ભજવે છે. ઉદાહરણ તરીકે તમારામાંની કોઈ વ્યકિત આંખો બંધ રાખીને બેઠી છે. તેની કલ્પનામાં તે અનેક વસ્તુનું સર્જન કરે છે અને કલ્પનામાં જ તેને સંઘરી રાખે છે. જ્યારે આંખો ખોલે છે ત્યારે કલ્પનામાં સંઘરેલી બધી વસ્તુઓ નાશ પામે છે. આમ સર્જક, સંગ્રાહક અને વિનાશકના એવા ત્રણ પાત્રો એક જ વ્યકિત ભજવે છે.

આવું જ ભર ઉંઘમાં બને છે. તે પરમાત્માની અસલી અવસ્થા છે. લોકોને એમ લાગે કે વ્યકિત ઉંઘમાં છે, ગાઢ નિંદ્રામાં તે પોતાના વિશે પણ સભાન નથી. તે જાગે ત્યારે લોકો કહે છે, 'તે જાગ્યો.' તેને બ્રશ કરતો જોઈ લોકો કહે છે, 'તે દાંત સાફ કરે છે.' તેનું બોલવું, ચાલવું, દોડવું, ગીત ગાવું વિ. માત્ર તેના જુદા–જુદા અભિનય છે. તે પોતે એક જ હોવાથી, એકથી વધારે ન હોઈ શકે.

આપણે તો માત્ર એટલું કહી શકીએ કે પરમાત્મા છે અથવા એક છે. બે બાબત અસ્તિત્વ ધરાવે છે–એક અને અનેક. એક–ને આપણે પરમાત્મા કહેશું, અનેક–ને આપણે ભ્રાંતિ કહેશું, કારણ કે વાસ્તવમાં ફકત એક જ છે. આ એક કહેવું એ પણ ખરૂં નથી–સમગ્ર અસ્તિત્વ જ પરમાત્મા છે. **[One Is]**

## (૫૯) બુંદ અને સાગર–ભિન્ન કે અભિન્ન ? :

પરમાત્માનાં એક જ હોવાપણાના વિશાળ સમુદ્રમાંથી કંઈપણ જુદું પાડી શકવાની શકયતા બિલ્કુલ નથી. આવા અખંડપણામાંથી અલગપણાને અવકાશ કેવી રીતે હોઈ શકે ? વાસ્તવિકતાનાં ભાગ ન કરી શકાય તેવા અસીમ સમુદ્રમાં એક ટીપું કે જે તેની વાસ્તવિકતા માટે જાગૃત છે. તે એમ દાવો કઈ રીતે કરી શકે કે 'હું સમુદ્ર છું !'

જે ક્ષણે ટીપું પોતે જ ચૈતન્યરૂપ પરિણમે છે ત્યારે અલગ અસ્તિત્વ પામી પોતાનું અલગપણું–ભ્રામક 'હું પણું' અનુભવે છે. આ જાગૃત 'હું' ભ્રામકતાથી ઢંકાયેલો રહે છે અને તેના સંસ્કાર અને અભિવ્યકિતનાં પ્રમાણમાં વધતા જતા જાગૃતપણા દરેક પગલે વિકાસ પામે છે. આ ભ્રામકપણું પ્રથમ ટીપાનું અવિભાજ્ય સમુદ્રમાં સ્વતંત્ર અસ્તિત્વ સ્થાપિત કરવામાં મદદ કરે છે અને ટીપાને સમુદ્ર તરીકે જાણવામાં વારંવાર અવરોધ ઉત્પન્ન કરે છે. વાસ્તવમાં પોતે શું છે તેનું ભાન થતાં પહેલા 'હું' એ તેનાં ભ્રામકપણામાંથી મુકત થવું જરૂરી છે.

પરમ્ સદ્‌ગુરૂની કૃપાથી લાંબા સમયથી જેની ઝંખના છે તે લક્ષ્ય પર પહોંચવાની યાત્રાનાં અંતે આ ભ્રામકતા સમૂળગી નીકળી જાય છે અને માત્ર 'હું શેષ રહે છે અને તેને ઉત્કૃષ્ટ આત્મજ્ઞાન કહે છે. પછી તે કહે છે–મારી ભ્રાંતિ ગઈ હું પરમાત્મા છું !'

આમ જ્યારે દરેક ટીપું સમુદ્ર કરતાં અલગ હોવાની ભ્રામકતા છોડી દયે છે છે ત્યારે પોતે સમુદ્રનું અવિભાજ્ય અંગ છે તેવું પ્રગટ થાય છે. તત્ક્ષણ પોતાની ભ્રામકતા જે નિજી ભ્રામકતા છે તે દૂર થાય છે. ટીપું પોતાનું અસીમ અસ્તિત્વ પ્રસ્થાપિત કરે છે. તે સતત, હરક્ષણે સભાનપણે અનુભવે છે કે પોતે સર્વશકિતમાન અસીમ, અભિન્ન પરમાત્મા છે. આ અવસ્થા 'હું પરમાત્મા છું'–ની છે. આ રીતે દરેક આત્મા તે ક્ષણથી સભાનપણે ભ્રામકતાના ભારણથી મુકત થાય છે. સ્વયં પરમાત્મા–સંપૂર્ણ પરમાત્મા છે તેવું સતત પ્રસ્થાપિત રહે છે.

## (૫૭) ત્રણ અવસ્થાઓ :

પરમાત્મા ચેતનાની ત્રણ અવસ્થાઓ અનુભવે છે. :

(૧) તેની મૂળભૂત અવસ્થા

(૨) અસહાયતા

(૩) સર્વશકિતમાનપણું

❁ **મૂળભૂત અવસ્થા :**

આ પ્રથમ અવસ્થામાં પરમાત્મા પોતાની અસીમ શકિત, આનંદ અને અસ્તિત્વ વિશે અભાન હોય છે, ત્યારે પૂર્ણપણે શાંતિમાં હોય છે. આની સરખામણી મનુષ્યની ગાઢ નિંદ્રાની અવસ્થા સાથે થઈ શકે.

❁ **અસહાયતા :**

આ અવસ્થામાં પરમાત્મા તેમના અસીમપણા વિશે અભાન હોય છે, અને માનવસ્વરૂપે અસહાયતાનો અનુભવ કરે છે. તે સતત કશાંકની ચિંતા કરતા હોય છે. તેમને શાંતિ નથી હોતી. અસંખ્ય ચિંતાઓ અને સમસ્યાઓને કારણે તે હંમેશા તેમની મૂળભૂત અવસ્થાને ઝંખે છે. આ બધું ભૂલી જવા માટે તેઓ માદક પદાર્થોનું સેવન કરવા માટે પ્રેરાય છે. તેઓ બધું વિસરી જવા ઈચ્છે છે. વિસ્મરણનાં પ્રથમ અનુભવની તેમના પર એટલી બધી અસર હોય છે કે તેઓ બીજું કંઈ કરવાને બદલે વિસ્મરણના અનુભવ તરફ જવા પ્રેરાય છે. આ અવસ્થાને પુનઃ પ્રાપ્ત કરવા માટે તેઓ નિંદ્રાનું શરણ લે છે. આ રીતે તેમને નિંદરની અતિ તીવ્ર જરૂરીયાત જણાય છે.

❁ **સર્વશકિતમાનપણું :**

તેમની નિઃસહાયતા દિન–પ્રતિદિન વધતી જાય છે. જ્યારે તે મર્યાદા વટાવી જાય છે ત્યારે તે સર્વશકિતમાનપણાંમાં પરિણમે છે. આ અવસ્થામાં પરમાત્મા સભાનપણે પોતાનું અસ્તિત્વ સીમિત હતું તે ભૂલી જાય છે અને તેઓ સ્વયં એ વાતથી જ્ઞાત થાય છે કે પોતે અસીમ,

અસ્તિત્વ, આનંદ અને સર્વશકિતમાન છે.

## (૫૮) સત્ય એ પ્રભુનું છે; સિદ્ધાંત ભ્રમણાનો છે :

બે વસ્તુ છે : સત્ય અને સિદ્ધાંત.

સત્ય પરમાત્મા સંબંધી છે, સિદ્ધાંત ભ્રમણા સંબંધી છે.
ભ્રમણા અનંત રીતે વિસ્તૃત છે છતાં તેનું સંચાલન સિદ્ધાંત કરે છે.
'કાર્યકારણ'નાં સિદ્ધાંતમાંથી કોઈ છટકી શકતું નથી.

સિદ્ધાંત ગુલામી છે, સત્ય સ્વતંત્રતા છે.
સિદ્ધાંત અજ્ઞાનને ટેકો આપે છે, સત્ય વાસ્તવિકતાનું પૂરક છે.
સિદ્ધાંત કલ્પના પર શાશન કરે છે જે ભ્રમણાંમાં બાંધે છે.
સત્ય તમને ભ્રમણાથી મુકત કરે છે.

જો કે કલ્પનાનો સ્વભાવ જ દગો ઉભો કરવાનો છે પણ તે નિશ્ચિત અને ચોક્કસાઈયુકત, સિદ્ધાંતની ગુલામીમાંથી પેદા થયેલ અને ટકાવી રાખેલ ઢાંચાથી મર્યાદિત છે.
જે ક્ષણે કલ્પના વિરમે છે ત્યારે સિદ્ધાંતની બેડીઓ તૂટે છે અને સત્યની આત્મસાક્ષાત્કાર યુકત સ્વતંત્રતા અનુભવાય છે.

પોતાની રીતે આ સિદ્ધાંતની નાગચૂડમાંથી બહાર આવવાનું અને સત્યમાં સમાહિત થવું કપરૂં છે. માત્ર તેઓ કે જેઓ ભગવાનની સાથે ઐકય ધરાવે છે, તેમને સિદ્ધાંતનાં બંધનમાંથી–સ્વતંત્રતા કે જે સત્ય છે તેનો અનુભવ કરાવી શકાય છે.

## (૫૯) જ્ઞાન–શકિત અને આનંદના પડછાયા :

પરમાત્માનાં ત્રણ અનંત પાસાઓ છે : જ્ઞાન, શકિત અને આનંદ. આ ત્રણમાંથી માનવી તેનાં મન, પ્રાણ અને શરીરના ત્રણ સીમિત પાસઓ પ્રાપ્ત કરે છે.

પરમાત્માનાં ત્રણ પાસાઓ એકબીજા સાથે સંકળાયેલા છે. આનંદ, શકિત આધારિત છે અને શકિત, જ્ઞાન આધારીત છે. આમ, માનવીનાં ત્રણ

પાસાઓ સમાન રીતે આંતરગ્રંથીત છે. શરીર પ્રાણ આધારિત છે અને પ્રાણ મન આધારિત છે.

તે જ પ્રકારનાં ત્રણ સીમિત પાસાઓ માનવજાતરૂપે ધરાવે છે કે જે પરમાત્માના ત્રણ અસીમ પાસઓમાંથી ઉદ્‌ભવેલ છે.

| | | |
|---|---|---|
| HUMAN BEING | : | Mind, Energy, Matter |
| GOD | : | Knowledge, Power, Bliss |

## (૬૦) જગત એક જેલ છે :

જગત એ એક જેલ છે કે જ્યાં આત્મા, સ્થૂળ–સૂક્ષ્મ ને મનસ્ શરીરરૂપી સળિયાઓની પાછળ છે,–એ આત્મા કે જે શાશ્વત, મુકત, એક જ સાર્વભૌમ અને ઉચ્ચ સર્વસત્તાધીશ છે ! ભ્રમણાની પક્કડ એટલી બધી મજબૂત છે કે આટલો બધો બળવાન આત્મા પોતાને ગુલામ અનુભવે છે.

ભ્રમણા 'સર્વસત્તાધિશ' ને એટલી ચોક્કસાઈપૂર્વક પોતાનો ગુલામ બનાવી દે છે કે જ્યારે પરમ્ સદ્‌ગુરૂ તેની કૃપા વરસાવી આત્માને જેલનાં સળિયા પાછળથી મુકત કરાવે છે ત્યારે તેને સહેજે ખ્યાલ પણ નથી રહેતો કે પોતે જેલમાં હતો !

આત્માનું દેખીતું કેદમાં પૂરાવું એટલું ગૂંગળામણભર્યું અને અસહ્ય બને છે કે જે સદ્‌ગુરૂની કૃપા તેને ખરેખર મુકત કરે છે અને આ આનંદનો અતિરેક પણ ગૂંગળામણ જેવો જ શકિતશાળી અનુભવે છે. મુકિત અને બંધન બન્નેનો અનુભવ ભ્રમણા છે. પણ અંતિમ મુકિતનો અનુભવ વાસ્તવિકતા છે, મુકત થયેલો આત્મા સતત અને શાશ્વત રીતે પોતાની અસીમ મુકિત અનુભવે છે.

જ્યાં સુધી આત્મા બંધન અનુભવે છે ત્યાં સુધી જ 'તેને' જગત અનુભવાય છે. જ્યારે આત્માને વાસ્તવિકતાનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે જગત અદ્રશ્ય થાય છે–કારણ કે તે કયારેય ન હતું, અને આત્મા અસીમતા અને શાશ્વતતાનો અનુભવ કરે છે.

## (૬૧) અસીમ અસ્તિત્વની હેતુવિહીનતા :

વાસ્તવિકતા એ અસીમ અને શાશ્વત અસ્તિત્વ છે. અસ્તિત્વનો કોઈ હેતુ નથી કારણ કે, વાસ્તવિકતા, અસીમતા અને શાશ્વતતા તેના ગુણો છે.

અસ્તિત્વનું જ અસ્તિત્વ છે. અસ્તિત્વ હોવાને કારણે તેનું અસ્તિત્વ છે. વળી, અસ્તિત્વ વાસ્તવિકતાને કોઈ હેતુ નથી. એ છે તે માત્ર એ જ છે, તે સ્વયંભૂ છે.

સર્વસ્વ વસ્તુઓ અને અસ્તિત્વો—નો અસ્તિત્વમાં હેતુ છે. બધી વસ્તુઓ અને અસ્તિત્વોને હેતુ હોય છે અને તે હોવો જોઈએ. નહિં તો જે રીતે તેઓ છે તેવી રીતે અસ્તિત્વમાં ન રહી શકે. તેનું અસ્તિત્વમાં હોવું તે જ તેનો હેતુ પૂરવાર કરે છે. અને તેઓનો એકમાત્ર આશય હેતુવિહીન બનવામાં છે.

હેતુવિહીનતા એ જ વાસ્તવિકતા છે. હેતુ રાખવો એટલે ભ્રમણાનાં જગતમાં ભટકવું.

દરેક વસ્તુનું અસ્તિત્વ છે કારણ કે તેનો હેતુ છે. જે ક્ષણે હેતુ પૂરો થાય તે ક્ષણે બધું જ વિલીન થઈ જાય છે અને અસ્તિત્વ સ્વયંભૂ પ્રગટે છે.

હેતુ માર્ગ ધરાવે છે અને અસ્તિત્વ સર્વસ્વ અને સર્વત્ર હોવાથી તેને કોઈ માર્ગ ન હોઈ શકે—બધા માર્ગો માત્ર ખાલીપણાંમાં લઈ જાય છે—બીજે ક્યાંય નહિં.

હેતુ હોવાને લીધે ખોટું ધ્યેય ઉભું કરવું જરૂરી બને છે. પ્રેમ બધા હેતુને નકામા બનાવી દે છે. દિવ્યપ્રેમનો તણખો બધા હેતુઓને ભસ્મીભૂત કરી નાંખે છે.

વિશ્વમાં જીવનનું ધ્યેય એકમાત્ર હેતુવિહીનતાએ પહોંચવાનું હોવું જોઈએ, જે વાસ્તવિકતાની સ્થિતિ છે.

## (૬૨) મનસ્ ચેતના :

જેઓ મનસ્ ભૂમિકાએ હોય છે તેઓ સ્થૂળ અને સૂક્ષ્મ ભૂમિકાથી સભાન હોતા નથી. મનસ્ પર્તની વ્યકિતઓ માટે ખાવું, પીવું, બોલવું, વિ. ટૂંકમાં સ્થૂળ

પર્તનાં સામાન્ય માનવ જેમ વર્તવું કઈ રીતે શકય બને ? આ એના જેવું છે કે આપણે સાંભળીએ છીએ કે લોકો ઉંઘમાં ખાતા, પીતા કોઈક વસ્તુની તફડંચી કરતા હોય છે, તેમ છતાં સ્થૂળ પર્ત ઉપર આ લોકો એવા કાર્ય માટે બેહોશ હોય છે. ઉંઘમાં બકવું માનવ માટે સામાન્ય છે. તેની આસપાસનાં બધા તેને ઉંઘમાં બોલતા સાંભળી શકે છે, પરંતુ તે માણસ તે વિશે જાગૃત કે સભાન હોતો નથી. આજ રીતે જે મનસ્ પર્તે હોય છે તે સ્થૂળ અને સૂક્ષ્મ પર્તનાં કાર્યોથી સંપૂર્ણ અભાન હોય છે. તેમ છતાં સૂક્ષ્મ અને સ્થૂળ પર્ત પરનાં કાર્યો તેનાં મનનાં વિચારો અને લાગણીઓની નીપજ છે.

મનસ્ પર્તના લોકો બીજાનાં વિચારો અને પરિણામોનું નિયંત્રણ સ્થૂળ અને સૂક્ષ્મ પર્ત પર કરતાં હોવા છતાં તેમના પોતાના જ સ્થૂળ અને સૂક્ષ્મ પર્તનાં કાર્યો વિશે સભાન હોતા નથી કારણ કે તેમના માટે સ્થૂળ કે સૂક્ષ્મ જેવું હોતું નથી. તેઓની ચેતના સમગ્ર રીતે સ્થૂળ અને સૂક્ષ્મ ક્ષેત્રથી તદ્દ્ન વિખૂટી પડી ગયેલ હોય છે. દા.ત.: સામાન્ય માનવી દેહાધ્યાસને લીધે પોતાને માનવ કહેવડાવે છે કેમકે તેની ચેતના તેના સ્થૂળ શરીરથી સીધી જોડાયેલી છે. બીજું ઉદાહરણ : જે સૂક્ષ્મ પર્તે છે, તેની ચેતના સૂક્ષ્મ શરીર (પ્રાણ) સાથે જોડાયેલ હોય છે, છતાં સૂક્ષ્મ શરીરથી સભાન નથી. જ્યારે અન્ય કે જે મનસ્ પર્તે છે તેની ચેતના મનસ્ શરીર સાથે જોડાયેલી હોય છે, પણ તે મનસ્ શરીરથી સભાન નથી હોતો. મનસ્ પર્તનો મનસ્ આરોપિત આત્મા કે જે મન તરીકે શરીર અને પ્રાણની સાથે જરાપણ તાદાત્મ્ય અનુભવતો નથી કારણ કે તે સ્થૂળ અને સૂક્ષ્મ શરીરથી સંપૂર્ણ છૂટો પડી ગયેલો હોય છે અને સ્થૂળ અને સૂક્ષ્મ ક્ષેત્રનો અનુભવ કરી શકતો નથી.

ઉદાહરણ તરીકે ધારોકે ભારત એ સ્થૂળ શરીર છે. ઈંગ્લેન્ડ સૂક્ષ્મ શરીર છે અને અમેરીકા મનસ્ શરીર છે. જો **A** ભારતમાં હોય ત્યારે તેનાથી સંપૂર્ણ સભાન હોય અને ઈંગ્લેન્ડ અને અમેરિકા વિશે જરાપણ સભાન ન હોય. હવે જ્યારે **A** ઈંગ્લેન્ડ જાય છે ત્યારે દેખીતી રીતે ભારત કે અમેરિકામાં નથી હોતો. હવે તે પેલા બે સ્થળો ભારત અને અમેરીકાથી બિલ્કુલ વિસ્મૃત થઈ ગયો છે. તે

પહેલા જેવી જ પૂર્ણ સભાનતા ધરાવતો હોવા છતાં, આ તેની પૂર્ણ સભાનતા માત્ર ઈંગ્લેન્ડમાં હોય છે. ભારત તેના મનસ્ પર્તની સીમાએથી બિલ્કુલ નીકળી ગયું હોય છે. જ્યારે અમેરીકાનો હજુ પ્રવેશ પણ થયો નથી હોતો.

એ જ પ્રમાણે **A** જ્યારે અમેરિકા જાય છે ત્યારે ભારત અને ઈંગ્લેન્ડમાં નથી હોતો. હવે તે આ બન્ને સ્થળોએથી સંપૂર્ણ રીતે દૂર હોય છે. તે પહેલાની માફક જ સંપૂર્ણ સભાનતા ધરાવતો હોવા છતાં, અત્યારે માત્ર તે અમેરિકામાં જ હોય છે. ઈંગ્લેન્ડ અને ભારત તેની મનસ્ પર્તની સીમામાંથી વિસરાઈ ગયા હોય છે.

ફરીથી ચેતનાની સરખામણીથી ટોર્ચલાઈટમાંથી નીકળતા પ્રકાશનાં શેરડા સાથે કરી શકાય. બેટરીનાં પ્રકાશથી પ્રકાશિત થયેલ ક્ષેત્ર ચેતનાનું એક ચોક્કસ પર્તનું પ્રતિનિધિત્વ કરે છે. ધારો કે વધતા જતાં અંતરે ત્રણ પડાવ છે. જેને આપણે **M,S,G** થી ઓળખીએ. **M** એટલે **Mental**(મનસ્) **S** એટલે **Subtle**(સૂક્ષ્મ) અને **G** એટલે **Gross**(સ્થૂળ). શરૂઆતમાં આ ત્રણેય સ્થળ સંપૂર્ણ અંધકારમાં છે.

જ્યારે સૌથી દૂરનાં સ્થળ **G** ઉપર પ્રકાશ ફેંકવામાં આવે ત્યારે પ્રકાશ સીધો જ આ સ્થળે કેન્દ્રિત થાય છે અને તે ક્ષેત્ર સંપૂર્ણ પ્રકાશિત થાય છે. તેની નજીકનો વિસ્તાર આ પ્રકાશનાં પરાવર્તનમાં ઝાંખો ઝબકે છે. **S** અને **M** ના પડાવ સંપૂર્ણ અંધકારમાં હોય છે.

જો બીજા પડાવ **S** ઉપર પ્રકાશ ફેંકાય તો **G** નો વિસ્તાર અંધકારમાં હશે. માત્ર **S** સંપૂર્ણ પ્રકાશિત હશે. **S** ઉપર પડતો પ્રકાશ ટોર્ચથી દૂર જતાં તેના ઉદ્ગમસ્થાન કરતાં મંદ હશે.

જો વધુ નજીકના પડાવ એવા **M** ઉપર આ પ્રકાશ ફેંકાય તો બાકીના **G** અને **S** અંધકારમય હશે. હવે આ **M** સીધોને સંપૂર્ણ પ્રકાશ મેળવે છે. અને માત્ર આ જ પડાવ સંપૂર્ણ પ્રકાશિત છે. જ્યારે તેની ચોપાસ સહજ રીતે ઝાંખો પ્રકાશ ફેલાય છે.

જ્યારે આ જ પ્રકાશ વધારે નજીક માત્ર તમારા તરફ જ નહીં પણ તમારા ઉપર જ ફેંકવામાં આવે ત્યારે તમે સંપૂર્ણ પ્રકાશિત બનો છો અને ત્રણેય પડાવ **G,S,M** સંપૂર્ણ અંધકારમાં હોય છે. આ રીતે તમે તમારા વિશે જ સભાન હો છો. પ્રકાશ (ચેતના)નું આ છેવટનું કેન્દ્રિત કરવું એ જ તમારૂં લક્ષ્ય છે. આ પ્રક્રિયા સ્વયં પ્રકાશિત થવાની અથવા પ્રભુ આત્મસાત્ થવાની છે.

સ્થૂળ અને સૂક્ષ્મ પર્ત પર સભાન આત્માઓ દ્વારા નિરીક્ષણ કરાયેલ મનસ્ પર્ત પરનું કાર્ય એ સ્થૂળ અને સૂક્ષ્મ સ્તરે અભિવ્યકત થયેલા મનના કાર્ય સિવાય બીજું કંઈ નથી. મનસ્ ભૂમિકાએ થયેલ કાર્ય દેખીતી રીતે સ્થૂળ પર્ત પર દેખાય છે. બીજા શબ્દોમાં માનસિક પર્ત પર ભજવાયેલ કાર્ય સ્થૂળ પર્તનાં પડદા પર, સ્થૂળ પર્તની ચેતના વડે પ્રતિબિંબિત થતું દેખાય છે. વળી, સ્થૂળ અને સૂક્ષ્મ ભૂમિકાએથી છૂટો પડેલો અને મનસ્ ભૂમિકાએ રહેતો આત્મા દેખીતી રીતે સ્થૂળ અને સૂક્ષ્મ પર્તનાં લોકોની જેમ ખાતો–પીતો અનુભવાતો નથી. જ્યારે તમને ખાવા–પીવાની ક્રિયા કરતો આવો મનસ્ પર્તનો માનવ દેખાય ત્યારે તે તેના મનસ્ પર્તની પ્રવૃત્તિઓનાં પ્રતિબિંબનાં સ્થૂળ અર્થઘટનને લીધે દેખાય છે. આના સિવાય કશું નથી.

દા.ત. : તમે ચંદ્રનું પ્રતિબિંબ તળાવમાં જુઓ છો, હકિકતમાં ચંદ્ર ત્યાં નથી પણ પાણી તરફ જોવાથી ચંદ્ર પાણીમાં હોવાનું તમને લાગે છે.

એજ રીતે મનસ્ પર્તની ચેતના સ્થૂળપર્તે નથી. તે ચેતનાનું પ્રતિબિંબ અહિં છે. પરંતુ સ્થૂળ પર્તે તે ચેતનામય દેખાય છે.

જ્યારે મનસ્ પર્ત પર કોઈ કાર્ય કરે છે, તે કાર્યનો મર્મ જેની ચેતના માત્ર સ્થૂળ કે સૂક્ષ્મ સ્તરે હોય તે જાણી ન શકે. સ્થૂળ પર્તે અને સૂક્ષ્મ પર્તે આ ઘટનાનું અર્થઘટન જુદી રીતે, પોતાની ચેતનાનાં સંદર્ભે થાય છે.

ટૂંકમાં મનસ્ પર્ત પર મનનું કોઈ કાર્ય જ્યારે સ્થૂળ પર્તે ગ્રહણ કરાય છે તે તમારી સ્થૂળ ચેતનાના સ્તરે અને તમારી જાગૃતિની કક્ષા તથા કાબેલિયત પ્રમાણે મેળવાય છે.

## (૬૩) અવતારનું કાર્ય :

અવતાર વૈશ્વિક યાતનાઓ પોતાના પર લઈ લે છે. તેના અસીમ વિનોદી સ્વભાવ, આનંદ વડે તે આશ્ચર્યજનક રીતે આ ભારણ વહન કરે છે. અવતાર વિશ્વનું કેન્દ્રબિંદુ અથવા ધરી છે, ઉત્ક્રાંતિરૂપી ઘંટીના પડ વચ્ચેનો ખીલો છે અને તે દરેક વ્યકિત અને તમામ વસ્તુ તરફ જવાબદાર છે.

સમયની દરેક ક્ષણે તે એકલા હાથે 'તેના' વિશ્વનાં તમામ વિવિધ કાર્યોને એકીસાથે પહોંચી વળે છે. કારણ કે સમય અને અંતર તેના કાર્યમાં રૂકાવટ ઉભી કરી શકતા નથી. જ્યારે સ્થૂળ પર્તનાં કોઈ વિશેષ કાર્યમાં પોતે રોકાયેલા હોય ત્યારે આની સાથોસાથ બીજી બધી અંદરની પર્તો પર પણ કામ કરી રહ્યા હોય છે. સામાન્ય માણસનાં કાર્યોથી તદ્ન ભિન્ન રીતે અવતાર કાર્ય કરે છે—સ્થૂળ પર્ત પરનું અવતારનું દરેક કાર્ય ચેતનાની દરેક પર્તોએ દૂરગામી પરિણામ લાવે તેવું અસરકર્તા હોય છે. અંદરની પર્તોનું કામ પ્રયત્ન વગર આપમેળે સતત થતું જ રહે છે, પરંતુ સ્થૂળ કાર્યનાં સ્વભાવ પ્રમાણે સ્થૂળ પર્તનું કાર્ય ઘણો પ્રયત્ન માંગી લે છે.

નિયમ તરીકે સામાન્ય માનવનું દરેક કાર્ય એકાંકી લક્ષ્યને અકાંકી હેતુથી પ્રેરિત હોય છે, તે એક સમયે એક જ લક્ષ્ય પાર પાડી શકે અને એકાદ ખાસ પરિણામ લાવી શકે. પરંતુ અવતાર દરેકનાં કેન્દ્રરૂપે કાર્ય કરતાં હોવાથી 'તેમના' એકમાત્ર કામની અસર સ્થૂળપર્તની  અનેક વ્યકિતઓ અને વસ્તુ પર પરિણામ લાવી શકે છે.

સ્થૂળ પર્તે અવતારનું કાર્ય આમ સરખાવી શકાય કે એક માનવ વિજળી પાવર—હાઉસની મેઈન સ્વીચ દબાવે કે તુરત જ પ્રચંડ વિદ્યુત શકિત, સર્કિટ દ્વારા કાર્યાન્વિત થઈ એક સાથે અનેકાનેક કારખાનાઓ, પંખાઓ, ટ્રેઈનો, શહેર તથા ગામડાઓમાં વિજળીના સાધનો ચાલુ કરી દયે છે.

અવતારના સામાન્ય શારીરિક કાર્યથી સર્જાયેલ શકિત સમગ્ર વિશ્વમાં ફેલાય છે અને બધી પર્તોએ, ભૂમિકાએ અસર કરે છે.

વિશ્વમાંહેનું તમામ, મૂળભૂત દિવ્યતરંગનું મૂર્ત સ્વરૂપ છે, જે શરૂઆતથી જ ક્ષતિરહિત, ફંટાયા વિના, પરાજીત થયા વિના કાર્ય કરે છે. ચેતનાના પડદે સર્જનની ફિલ્મનો ઉઘાડ મૂળભૂત તરંગનાં ક્રમ પ્રમાણે ક્રમશઃ થાય છે. તેમ છતાં જ્યારે ઈશ્વર અવતારી પુરૂષરૂપે પ્રેક્ષક સમુદાયનો અભિનય કરે છે ત્યારે તે નિયતિનાં મૂળભૂત તરંગ પ્રમાણે જે ઘટવાનું હોય તેમાં ફેરફાર કરી શકે છે કે સદંતર ભૂંસી શકે છે. એ અવતારિક તરંગ તેના મૂળભૂત તરંગમાંથી ઉતરી આવેલો હોય છે.

સૂફીઓ નિયતિ મુજબ બનતા બનાવો અને આકસ્મિક રીતે બનતી ઘટનાઓ એમ ભેદ પાડે છે, અવતાર અથવા સદ્‌ગુરૂનું કાર્ય આકસ્મિક અને અનંત કરૂણાનાં પરિપાક રૂપ હોય છે, અને આ તરંગનું કાર્ય સુંદરતા અને આકર્ષણ આપે છે કે જે નહિતર અક્કડ, જડ બની જાય.

**[Qutub]**પરમ્ સદ્‌ગુરૂનું કાર્ય અગાઉ નક્કી થયેલ દિવ્ય યોજનામાં ફેરફાર કરવાનું છે, પણ તેનું પ્રમાણ મર્યાદિત છે. પરંતુ અવતાર વૈશ્વિક સ્તરે દરમ્યાનગીરી કરી ફેરફાર કરી શકે છે. દા.ત. ૧૯૫૦માં યુદ્ધ થવાનું નિયત હતું, તે નિશ્ચિત સમયે શરૂ થવું જોઈતું હતું અને બનાવોની ઘટમાળ આ સમય–પત્રક મુજબ જ હતી. જો આ વખતે અવતાર વિશ્વમાં હોય તો અણધારી આફતને સ્થૂળ પર્તનાં વિશિષ્ટ કાર્ય દ્વારા અટકાવી શકે. અવતાર દ્વારા યુદ્ધનાં બદલે શાંતિ ફેલાવાની ન સમજાય તેવી ઘટના માનવજાતની નોંધપોથીએ નોંધાઈ છે, કબીરે કહ્યું છે કે :

" કબીર રેખા કરમ કી, કભી ન મીટે રામ;
મીટાવનહાર સમર્થ હૈ, પર સમજ કિયા હૈ કામ."

અર્થાત્–'ઓ કબીર ! ભાગ્યરેખાને રામ પણ ભૂંસી શકતા નથી. તે (રામ) સર્વશકિતમાન અને નિયતિને બદલી શકનાર હોવા છતાંયે તે એ પ્રમાણે કરતાં નથી કારણ કે પોતે પોતાની (પરમાત્માની) યોજના પર પૂરેપૂરો વિચાર કર્યો હોય છે.'

–અવતાર, નિયમ તરીકે માનવજાતિની નિયતિમાં કોઈ હસ્તક્ષેપ કરતા

નથી. તેઓ તાતી જરૂરિયાત વખતે જ હસ્તક્ષેપ કરે છે, કે જ્યારે તેઓની કરૂણા–દૃષ્ટિમાં અતિ જરૂરી લાગે. જે ઘટનાઓ અને શકયતાઓ બનવાની બધી જ તૈયારીઓ પૂર્વયોજના પ્રમાણે નિશ્ચિત હોય અને જેની પ્રિન્ટ પણ તૈયાર થયેલી છે અને જે પરસ્પર આધારિત છે તેવા ગોઠવાયેલા તંત્રમાં પણ અવતાર કરૂણારૂપે આકસ્મિક નિયમરૂપે ફેરફાર કરી શકે છે. ભાગ્યની રેખા નિશ્ચિત હોય તેવા સંજોગોમાં, વૈયકિતક જોખમ ટાળવા માટે, અવતારી પુરૂષનાં હસ્તક્ષેપ ઉપરાંત પૂર્વસંચિત સંસ્કારોપણ મહત્વનો યોગ ભજવે છે.

અવતારી તરંગ પણ દિવ્ય–નિયતિનો ભાગ છે. નિયતિ પ્રમાણે ઘટના ઘટવી નક્કી હોય ત્યારે પરમ્ સદ્ગુરૂ **[Qaza]** અવતારની 'તક' મળતાં ભખાયેલ ભવિષ્ય પછી 'તેના' નિર્ણયને પડકારી શકાતો નથી.

અવતારિક તરંગનાં કાર્યમાં તકને અવકાશ નથી. આ તરંગ ક્રિયાનો હેતુ પૂર્ણ હોય છે અને પરિણામ પણ સ્પષ્ટ હોય છે.

એક સામાન્ય માણસનો તરંગ, જ્યારે અભિવ્યકત થાય છે ત્યારે તેનું પરિણામ બાહ્ય રીતે જુદું જ આવે છે. જે આ વાર્તાથી સમજાશે.

એક દારૂડીયો કોઠાનાં જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. તેને એકાદ કોઠું ચાખવાનાો વિચાર આવ્યો. નશાખોર લોકો આવા ખાટા ફળોથી દૂર રહે છે કારણ કે તે તેનો નશો નાબૂદ કરે છે. આથી માણસની કોઠું ખાવાની ઈચ્છા તે તેની ઘેલછા હતી. તે તેની ખરી ઈચ્છા કે વિચાર ન હતો. છતાંયે તેણે વૃક્ષ ઉપર પથરો ફેંકયો. પત્થર નિશાન ચૂકીને પક્ષીને લાગ્યો અને બીજા પક્ષી ઉડી ગયા. તે પત્થર વૃક્ષની આરામ કરતાં મુસાફર ઉપર પડયો. આમ, દારૂડિયાની મનઘડત અભિવ્યકિતને કારણે તેની ઈચ્છાપૂર્તિ તો ન થઈ પણ કંઈક જુદું જ પરિણામ આવ્યું. તેનો તુકકો સુસંગત ન હતો. તેના કાર્યના પરિણામને હેતુ સાથે કોઈ સંબંધ ન હતો.

આવું અવતારી પુરૂષોનાં કાર્યમાં ન બને. કરૂણામાંથી ઉદ્ભવેલા કાર્યમાં તેમનો હેતુ અને પરિણામ ચોક્કસ હોય છે.

## (૬૪) ક્ષમા કરો અને ભૂલી જાવ :

લોકો પરમાત્માને માફ કરવા માટે જણાવે છે. પરંતુ પરમાત્મા સર્વસ્વ અને સર્વત્ર છે ત્યારે 'તેમના વતી' માફી આપવાવાળું કોણ ? માફી આપવાનું પણ 'તેના' સર્જનમાં અગાઉથી જ સર્જન થયેલ જ છે. પરંતુ છતાંયે લોકો તેમની પાસે માફી માંગે છે અને તે તેમને માફી આપે છે, પરંતુ લોકોએ જેના માટે માફી માંગી હોય છે તે અને પરમાત્માને ભૂલી જાય છે. અર્થાત્ પરમાત્માએ તેમને માફ કરેલા તે ભૂલી જાય છે અને તેના બદલે જેના માટે માફ કરેલા તે યાદ રાખે છે–અને ખોટા કર્મોને પોષતા રહે છે અને તેના ફળો ફરી–ફરી ભોગવતા રહે છે. ફરી–ફરી તેઓ આજીજી કરતા રહે છે અને ફરી–ફરી સદ્‌ગુરૂ કહે છે–હું માફી બક્ષું છું.

પરંતુ મનુષ્યો માટે તેમના કરેલા અશુભ કાર્યો અને બીજા સાથે આદરેલા અનાચારો ભૂલવા અશકય છે. જ્યાં સુધી તેઓ ભૂલી ન શકે, તેઓને માફી આપવાનું કઠિન અનુભવાશે. પરંતુ ક્ષમા એ મહાન સદ્‌ગુણ છે. (કોઈ પાસે પુષ્કળ પૈસા અને વસ્તુઓ હોય ત્યારે તે કોઈ ગરીબને આપવા સહેલા છે; પરંતુ ક્ષમા આપવી કઠિન છે, હકીકતે આ જ શ્રેષ્ઠ વસ્તુ છે–જો આપી શકો તો.)

એકબીજાને ક્ષમા કરવાને બદલે લોકો પરસ્પર લડે છે. કયારેક હાથ વડે લડે છે તો કયારેક ગદા વડે. પછી તીર–ધનુષ્યને ભાલા વડે. પછી બંદૂક અને તોપ વડે. પછી તેમના માટે બોમ્બની શોધ કરે છે. હવે તેઓએ દૂરનાં અંતરે રહેલા લાખો લોકોનો સંહાર થઈ શકે માટે મિસાઈલ્સ શોધ્યા છે ને ઉપયોગમાં લે છે. હથિયારો બદલાયા છે પરંતુ માણસની લડાયકવૃત્તિ તો એ જ રહી.

હવે લોકો ચંદ્ર પર જવાની તૈયારી કરી રહ્યા છે અને જે પ્રથમ પહોંચશે તે પોતાનાં દેશનો ધ્વજ ત્યાં રોપશે અને કહેશે તે અમારી માલિકીનો છે. પરંતુ બીજો દેશ વિરોધ નોંધાવી અહિં ધરતી પર ચંદ્ર માટે યુદ્ધ આદરશે. જે કોઈ ત્યાં ગયું તેણે શું મેળવ્યું ? કશું જ નહિં, માત્ર તેમના સિવાય. જો લોકો શુક્રના ગ્રહ ઉપર પહોંચશે તો તેઓ ત્યાં પણ જેવા છે તેવા તેમના સિવાય કશું જ નહિં મેળવે. ભલેને માનવ અનંત અવકાશમાં ગમે ત્યાં જાય કે અતિ ઉંડા સાગરનાં તળિયે

જાય; તેઓ તેમને જરાપણ બદલાયા વિના જ મેળવશે. કારણ કે તેઓ નથી તો તેઓની જાતને ભૂલ્યા કે નથી ક્ષમા આપવાને માટે પોતાને તૈયાર કર્યા.

બીજા ઉપર સર્વોપરીપણું રાખશે ત્યાં સુધી મનુષ્ય કયારેય પોતાનામાં પરિવર્તન નહિં આણી શકે, જેમ–જેમ મોટા–મોટા વિજય મેળવતો જશે અને બળવાન બનતો જશે, તેમ–તેમ મનમાં રહેલી એક જ વાતને વધુને વધુ સમર્થન આપતો રહેશે કે–પોતાની શકિત સિવાય અન્ય કોઈ પરમાત્મા–ફરમાત્મા નથી. સંપૂર્ણ શકિત, પરમાત્માથી, તે કાયમી રીતે વિખૂટો પડી જશે.

પરંતુ, જ્યારે તેનું જ મન તેને કહે કે 'કાંઈક' એવું છે કે જેને પરમાત્મા, પરિપૂર્ણ શકિત કહેવાય છે, અને તે પરમાત્માની ખોજ માટે તત્પરતા દેખાડતા કહેશે કે મારે તમને મોઢામોઢ જોવા છે, આમ તેની જાતને ભૂલતો જશે અને બીજાથી પીડિત થયો હશે તો પણ અન્યોન્યને ક્ષમા આપતો થતો જશે.

અને જ્યારે બધાનાં વિસ્મરણ સાથે, પોતાનું પણ વિસ્મરણ કરી નાંખે છે, ત્યારે તે અનુભવે છે કે પરમકૃપાળુ પરમાત્માએ તેને સર્વ પ્રકારે માફ કરી દીધો છે, અને ત્યારે તેને અનુભવાશે કે–'તે' વાસ્તવમાં 'તે' જ છે.


## (૬૫) મૂર્તિમંત અજ્ઞાનતા :

પરમાત્મા અવિભાજ્ય એક છે, અને અવિભાજ્ય રીતે દરેકમાં, સર્વત્ર છે.

તો પછી આ દેખાતા ભાગલાઓ કોણ પાડે છે ? હકિકતે ભાગલા જેવું કશું છે જ નહિં; પરંતુ આ અલગપણાની સ્થિતિ અજ્ઞાનતાને કારણે છે. આનો મતલબ એ કે બધું જ અજ્ઞાનતાને કારણે છે અને દરેકમાં અજ્ઞાનતા આરોપિત છે.

સાગરનું એક બિંદુ સાગરથી અલગ નથી. બિંદુ પરનો પરપોટો જુદાઈનો આભાસ પેદા કરે છે પણ જેવો તે પરપોટો ફૂટી જાય છે કે તે બિંદુ નથી રહેતું; અને માત્ર રહે છે–અવિભાજ્ય સાગર.

જ્યારે અજ્ઞાનતાનો પરપોટો ફૂટી જાય છે, ત્યારે અવિભાજ્ય આત્માનો સાક્ષાત્કાર થાય છે.



# : અમારા અન્ય પ્રકાશનો :

- અ-મન તડપન
- ચકમક લોઢું ઘસતા-ઘસતા
- મેરૂ તો ડગે
- પથિક પ્રશ્નોત્તરી
- સંતવાણી (પૂ. શ્રી શરણાનંદજી મહારાજ સાથે પ્રશ્નોત્તરી)
- પથિક પ્રસાદી
- નારદ ભક્તિ સૂત્ર



: આ પુસ્તકો નીચેના સરનામેથી પણ વિના મુલ્યે પ્રાપ્ત થશે :

**❋ અશોક ઉપાધ્યાય ❋**

મેષ જીવન આરાધના મંદિર
આડેસરા (કચ્છ) – ૩૭૦ ૧૫૫

**❋ શ્રી ગોર ધામ ❋**

નવા ઢુવા, માટેલ રોડ,
તા. : વાંકાનેર, જી. : રાજકોટ.